# પ્રસાદ નં. ૨

## ભાદરવા સુદ ૬, તા. ૧૭-૯-૫૦

(પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ગાથા ૧૩ ઉપરનું પ્રવચન. ભા. સુદ ૫)

આત્માનો ધર્મ કેમ થાય તે વાત અનંતકાળથી યથાર્થપણે સાંભળવામાં—સમજવામાં આવી નથી. જો એક સેકન્ડ પણ આત્માની સમજણ કરે તો આ પરિભ્રમણ હોય નહિ. પરિભ્રમણના પ્રબળ કારણરૂપ ભ્રાંતિ—મિથ્યાત્વ છે. તેને છેદવાનો ઉપાય શું છે તે જાણ્યું નથી. નવતત્ત્વને ઓળખીને સમ્યક્ અંતરભાનથી આત્માને જાણતાં ભ્રાંતિ ટળીને સમ્યગ્દર્શન—ધર્મ થાય છે.

ધર્મની આ વિધિ અનંતકાળથી જાણી નથી તેથી સૂક્ષ્મ લાગે તોપણ ધ્યાન રાખીને સમજવું જોઈએ. આ સિવાય બીજી રીત તો ધર્મની છે જ નહિ. આત્મામાં ત્રિકાળ સ્વભાવ અને વર્તમાન અવસ્થા એમ બે પડખાં છે. તેમાં ત્રિકાળ સ્વભાવની દ્રષ્ટિ છોડીને, બાહ્ય સ્થૂળ દ્રષ્ટિથી જોતાં—“હું જીવ છું, આ અજીવ છે, દયાદિ પુણ્ય છે, હિંસાદિ પાપ છે, પુણ્ય-પાપ બંને આસ્રવ છે, તેને રોકવા તે સંવર છે. અંશે અશુદ્ધિ ટળે તે નિર્જરા છે. પુણ્ય-પાપના ભાવમાં અટકવું તે બંધ છે, ને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે”—એમ નવતત્ત્વનો રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરતાં, નવ તત્ત્વો ભૂતાર્થ છે. નવતત્ત્વોની રાગમિશ્રિત શ્રદ્ધા તે પણ મિથ્યાત્વ છે.

કોઈ પ્રશ્ન કરે કે આ નવતત્ત્વોમાં હેય, જ્ઞેય ને ઉપાદેય ક્યા ક્યા? તો તેનો ઉત્તર એ છે કે નવે તત્ત્વોના ભેદરૂપ વિકલ્પ છે તેથી તે નવે તત્ત્વો છોડવા જેવા છે. તે નવે જાણવા જેવા છે ને નવના વિકલ્પરહિત એક ભૂતાર્થ આત્મા જ ઉપાદેય છે. નવ તત્ત્વનો રાગમિશ્રિત અનુભવ છે તે આત્મધર્મ નથી. અંતર્મુખ સ્વભાવમાં વળવાથી પરિપૂર્ણ એક જ આત્મા પ્રતીતમાં આવે, તે જ સમ્યગ્દર્શન છે.

નવતત્ત્વોને સ્વતંત્ર માને, શરીરનું કામ શરીરથી થાય, પણ તેને આત્મા ન કરે—એમ માને તો રાગમિશ્રિત વિચારથી અજીવને માન્યું કહેવાય. સિદ્ધસમાન મારો સ્વભાવ છે–એમ માને તો વિકલ્પથી જીવતત્ત્વ માન્યું કહેવાય. પુણ્ય ક્ષણિક—વિકાર છે, તે ધર્મ નથી. એવા પ્રકારે નવે તત્ત્વોને બરાબર જાણવા તે તો હજી દર્શનવિશુદ્ધિ થયા પહેલાંની ભૂમિકા છે. નવતત્ત્વના વિકલ્પમિશ્રિત વિચારો અભૂતાર્થ છે. સાધકને તે વિકલ્પ આવે પણ તેની મુખ્યતા નથી. અનંતગુણનો પિંડ આત્મા છે, તેની દ્રષ્ટિમાં નવતત્ત્વના વિકલ્પોનો અભાવ છે, એટલે દ્રષ્ટિમાં એકરૂપ ચૈતન્યતત્ત્વની જ મુખ્યતા છે, તે જ દર્શન વિશુદ્ધિ—પ્રથમ ધર્મ છે.

પહેલાં તો બાહ્યદ્રષ્ટિથી જોતાં નવતત્ત્વો ભૂતાર્થ કહ્યાં અને અંતરના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તે અભૂતાર્થ કહ્યાં. અને એક ત્રિકાળી શુદ્ધ આત્માનો અનુભવ તે દર્શનવિશુદ્ધિ છે. જો અંતરદ્રષ્ટિથી જોઈએ તો એક જ્ઞાયક ભાવ જ ભૂતાર્થ છે, ને નવતત્ત્વો અભૂતાર્થ છે. આ સમજ્યા વગર વ્રત, પૂજાદિ ભાવ તે બધા રણમાં પોક જેવાં છે, તેનાથી કિંચિત્ ધર્મ થતો નથી.

અભેદરૂપ જ્ઞાયક આત્મા તે અંતર્ તત્ત્વ છે. તેને અંતરમાં ન જોતાં વર્તમાન પૂરતી ક્ષણિક હાલતનો વિચાર કરવો તેને બાહ્યદ્રષ્ટિ કહેવામાં આવી છે. હીરાના અંતરતત્ત્વને જોવું તે અંતરદ્રષ્ટિ છે, ને તેના ક્ષણિક એક હાંશમાં રહેલ ડાઘને જોવો તે બાહ્યદ્રષ્ટિ છે. તેમ આત્મામાં અંતરસ્વભાવને જોવો તે અંતરદ્રષ્ટિ છે, ને ક્ષણિક પર્યાયને લક્ષમાં લઈને વિચાર કરવો તે બાહ્યદ્રષ્ટિ છે. તે બાહ્યદ્રષ્ટિમાં નવતત્ત્વો છે, પણ અંતર્-સ્વભાવની દ્રષ્ટિમાં તે નવતત્ત્વો અભૂતાર્થ છે ને એક જ્ઞાયક ભગવાન જ ભૂતાર્થ છે. જીવ અને અજીવના સંબંધથી વિચારતાં નવતત્ત્વના વિકલ્પો ઉઠે છે, તે પર્યાયમાં છે ખરા, પણ અભેદ સ્વભાવમાં ઢળીને અનુભવ કરતાં, તે બધા અભૂતાર્થ છે. એવો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન—ધર્મ છે પણ તે પહેલાં જે નવતત્ત્વનું વર્ણન કર્યું તેને બરાબર જાણવા જોઈએ.

હજી યથાર્થ વાતનું શ્રવણ ન કરે તો ધારણ કરીને અંતરમાં નિર્ણય ક્યાંથી કરે? ને નિર્ણય વિના અંતરમાં અનુભવ કઈ રીતે કરે? એવા અનુભવ વગર ધર્મ થાય નહિ, ને સંસારભ્રમણ ટળે નહિ.

સમ્યગ્દર્શનના વિષયમાં તો ચૈતન્યની એકતા જ છે. તેમાં નવ તત્ત્વના ભંગભેદ નથી. પહેલાં બાહ્યદ્રષ્ટિથી સાત તત્ત્વો બતાવીને અંતરમાં લઈ ગયા. હવે અંતરદ્રષ્ટિથી ઉપાડે છે. અંતરદ્રષ્ટિથી જોતાં, આત્મા જ્ઞાયકચૈતન્ય છે. તેની અવસ્થામાં જે ક્ષણિક જીવ—અજીવાદિતત્ત્વના વિકલ્પ છે તે વિકાર છે. જ્ઞાયક ચૈતન્ય પોતે વિકારનો હેતુ નથી, પણ પર્યાયમાં—જ્ઞાયકપણું છૂટીને વિકાર થાય છે; તે જીવના વિકારનો હેતુ અજીવ છે. જીવમાં પોતાની અવસ્થાની યોગ્યતાથી સાત તત્ત્વો થાય છે ને તેમાં અજીવ હેતુઓ છે તેમાં પણ સાત પ્રકારો પડે છે. તે બંને ભિન્ન છે. એકલા જ્ઞાયકમાં સાત તત્ત્વો નથી પણ સ્વભાવનું લક્ષ છોડીને પર્યાયના લક્ષે ભેદના વિકલ્પો થાય છે તેનું નિમિત્ત અજીવ છે. જીવદ્રવ્ય કાંઈ તેનું નિમિત્ત નથી.

ખરા પર્યુષણ આજથી શરૂ થાય છે. આજથી દશ લક્ષણી પર્વ શરૂ થાય છે. આજે પહેલો ઉત્તમ ક્ષમાધર્મ છે. અનાદિમાર્ગને વિષે આજથી મંગળ પર્યુષણનો દિવસ શરૂ થાય છે, તેમાં આ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની વાત ચાલે છે.

આમાં અંતરની ધર્મક્રિયા આવે છે. જડની ક્રિયા મારાથી થાય ને શરીરની ક્રિયાથી ધર્મ થાય—એમ માને તેને તો નવતત્ત્વની ખબર નથી. આત્મામાં નિર્મળભાવ પ્રગટે તે જ ક્રિયા છે, તે જ ધર્મ છે. આત્મા તો જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે. ચૈતન્ય આનંદઘન છે. નિર્વિકારી મૂર્તિ છે. એવો જ્ઞાયકભાવ તે જ જીવ છે, તેનામાં નવ તત્ત્વોના ભેદ નથી, પણ તેની અવસ્થામાં બીજી અજીવ ચીજના લક્ષે સાત ભંગ પડે છે.

આત્મા જ્ઞાયક ચૈતન્ય છે, જ્યારે તે જ્ઞાયક ચૈતન્યની દ્રષ્ટિ ન કરે ત્યારે તેની અવસ્થામાં અજીવના નિમિત્તે સાત ભંગ પડે છે. જીવ અને અજીવને જુદા રાખીને તે બંનેમાં સાત સાત ભંગ બતાવે છે. એક તરફ જીવ જુદો રાખ્યો, સામે અજીવ સિદ્ધ કર્યું છે. જીવને સ્વભાવથી જ્ઞાયક સિદ્ધ કર્યો ને અજીવને વિકારના હેતુ તરીકે જણાવ્યો.

જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિ ચુકીને સાત ભેદ પડે છે તે તો બધા કેવળ જીવના જ વિકારો છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એવા સાતે તત્ત્વોનો વિકલ્પ કર્મના (નિમિત્તના) લક્ષે ઉત્પન્ન થાય છે, તેથી તે સાતે તત્ત્વોને અહીં વિકાર કહ્યા છે. તે સાત તત્ત્વના લક્ષે એકરૂપ ચૈતન્ય આત્મા દ્રષ્ટિમાં આવતો નથી. એકાકાર જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિમાં સાતના ભંગભેદના વિકલ્પ ઉત્પન્ન થતા નથી.

આત્મામાં નિર્મળ પર્યાય પ્રગટ્યો હોય તે પર્યાયના લક્ષે પણ રાગની ઉત્પત્તિ થાય છે. ને તે રાગમાં અજીવ નિમિત્ત છે. સંવર—નિર્જરા ને મોક્ષ તો આત્માના નિર્મળ પર્યાય છે. પણ તે ત્રણને ભેદ પાડીને તેનો આશ્રય કરવા જતાં વિકારની જ ઉત્પત્તિ થાય છે. તેના આશ્રયમાં ચૈતન્યની શાંતિ ઉત્પન્ન થતી નથી, માટે તે તત્ત્વોને વિકાર કહ્યાં છે. અહીં મોક્ષતત્ત્વના વિકલ્પને જ મોક્ષતત્ત્વ ગણીને તેને વિકાર કહ્યો છે.

જેને સંવરદશા ઉત્પન્ન થઈ છે તેની દ્રષ્ટિ ને સંવર પર્યાય ઉપર નથી હોતી, પણ અંતરના અભેદ સ્વભાવ ઉપર દ્રષ્ટિ હોય છે. તે અભેદ સ્વભાવની દ્રષ્ટિથી જ સંવર, નિર્જરા પ્રગટે છે, ટકે છે ને વધે છે. સંવર-નિર્જરાના લક્ષે તે સંવર, નિર્જરા પ્રગટતાં પણ નથી, ટકતાં પણ નથી કે વધતાં પણ નથી, પણ રાગની ઉત્પત્તિ થાય છે. માટે ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ સિવાય સાત તત્ત્વના વિચારો તે વિકાર છે. પુણ્ય, પાપ વગેરે સાત તત્ત્વો તે કેવળ જીવના વિકારો છે. તેમ જ તેના હેતુભૂત સાત તત્ત્વો કેવળ અજીવના વિકારો છે.

આવા તત્ત્વોનો ખ્યાલ જ્ઞાનમાં ન આવે તેને નિર્મળ ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ થતી નથી. જીવના પર્યાય ને અજીવના પર્યાય ભિન્ન ભિન્ન છે.

શ્રેણિક રાજાને અનેક રાણીઓ હોવા છતાં આવા જ્ઞાયક ચૈતન્ય તત્ત્વનું ભાન હતું ને થતો હતો છતાં તે ક્ષણે પણ ચૈતન્ય જ્ઞાયકમાં જ એકતાની દ્રષ્ટિ હતી તેથી ક્ષણે ક્ષણે ધર્મ થતો હતો. તથા શક્રેન્દ્ર અને શચી પહેલા સ્વર્ગનાં ઇન્દ્ર-ઇન્દ્રાણી છે તે પણ એકાવતારી છે, તેમને પણ આવું જ ભાન છે.

આ સ્વભાવ સમજ્યા વગર શાસ્ત્રનું ભણતર તે પણ ગધેડાના ઉપર ચંદનનો ભાર ભરવા જેવું છે. જેમ ગધેડાને ચંદન ભરો તે તેને ભારરૂપ છે. તેને તેની સુગંધની ખબર નથી તેમ આત્માનું જેને લક્ષ નથી તેને શાસ્ત્રનું ભણતર બધું મનના બોજારૂપ છે. તેને અંતરમાં ચૈતન્યના આનંદનો અનુભવ થતો નથી.

ત્રિલોકનાથ તીર્થંકરદેવે દરેક વસ્તુને સ્વતંત્ર જોઈ છે. નવે તત્વને સ્વતંત્ર જણાવ્યા છે. તે નવ તત્ત્વોને ઓળખીને સાતના ભેદની અપેક્ષારહિત એકલા જ્ઞાયક ભાવનો અનુભવ કરવો તે ધર્મ છે.

અહીં જીવમાં સાત તત્વના ભેદ પડે તેમાં અજીવ નિમિત્ત છે—એમ વાત લીધી છે પણ અજીવમાં સાત ભેદ પડે તેમાં જીવ નિમિત્ત છે એ વાત અહીં લીધી નથી. કેમ કે અહીં જીવને સાતના ભેદનું લક્ષ છોડીને એકતા કરાવવી છે, અજીવમાં કાંઈ સાત ભેદ છોડાવીને એકતા કરાવવાનું પ્રયોજન નથી. જેમ પાણીના એક પ્રવાહમાં વચ્ચે સાત નાળાવાળો પૂલ આવતાં સાત ભાગ પડી જાય છે. તેમાં તે પૂલ નિમિત્ત છે. તેમ ચૈતન્યનો જ્ઞાયક- પ્રવાહ અનાદિ અનંત એકતા છે. તેની ક્ષણિક અવસ્થામાં અજીવના નિમિત્તે સાત પ્રકારો પડે છે. તે સાત પ્રકારોને લક્ષમાં લેતાં એકરૂપ ચૈતન્ય જ્ઞાયક- આત્મા દ્રષ્ટિમાં આવતો નથી.

અહો ! હું આખો જ્ઞાયક છું. બુદ્ધિનો ઉઘાડ તો જ્ઞાનની અલ્પ અવસ્થા છે અને કેવળજ્ઞાન પણ એક અવસ્થા છે, એવી અનંત અવસ્થાનો પિંડ ગુણ ને એવા અનંતગુણના પિંડરૂપ આખી ચૈતન્ય વસ્તુ તે હું છું; એવા અભેદ આત્માને લક્ષમાં લેવો તે ધર્મની શરૂઆત છે.

આહાર ન આવ્યો તે જડની ક્રિયા છે. તે વખતે શુભભાવ થયો તે પુણ્ય છે ને ધર્મ તો આત્માની અંતરદ્રષ્ટિથી થાય છે. શુભભાવ કર્યો તેનાથી ધર્મ નથી, તેમજ આહાર ન કર્યો તેથી શુભરાગ થયો—એમ નથી ને આહારની ક્રિયા જીવના ભાવને લીધે અટકી, એમ પણ નથી. એમ બધા તત્ત્વોને જાણવા જોઈએ. જેને નવતત્ત્વની વ્યવહારશ્રદ્ધા પણ નથી તેને અખંડ સ્વભાવની દ્રષ્ટિ થશે નહિ. ‘‘હું

જ્ઞાયક છું" એવા રાગમિશ્રિત વિચારને પણ નવતત્ત્વમાં જીવતત્ત્વ તરીકે લઈ લીધો છે. "હું જ્ઞાયક છું" એવા વિચારમાં પણ ભેદનો વિકલ્પ છે, તે પરમાર્થે જીવ નથી. પર્યાયના લક્ષે એક જીવદ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતા તે પુણ્ય-પાપાદિ સાતે તત્ત્વો ભૂતાર્થ છે પણ તેના વિચારમાં અટકવું તે ધર્મ નથી.

જીવદ્રવ્યની અવસ્થાપણે જોતાં સાતતત્ત્વો ભૂતાર્થ છે, એમ કહ્યું. હવે અંતરમાં વાળે છે કે સર્વકાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તે સાતે તત્ત્વો અભૂતાર્થ છે ને જ્ઞાયક એક જ ભૂતાર્થ છે. આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય જ અસ્ખલિત છે ને સાત તત્ત્વો તે સ્ખલિત છે. તે સાતે તત્ત્વોના વિકલ્પો છોડીને એક અખંડિત સ્વભાવની દ્રષ્ટિ કરવી તે મોક્ષનો માર્ગ છે. આત્માના અખંડ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં નવતત્ત્વો લક્ષમાં આવતાં નથી માટે તે અભૂતાર્થ છે. ધર્મીને નવતત્ત્વના વિકલ્પ આવે પણ તેના ઉપર દ્રષ્ટિ નથી. તેની મુખ્યતા નથી માટે નવે તત્ત્વો અભૂતાર્થ છે. કોઈને એમ થાય કે અરે ! નવ તત્ત્વો હોય કહ્યાં, તો શું જીવને પણ છોડી દેવો? તેનો ઉત્તર : ભાઈ ! અહીં જીવના વિકલ્પને છોડાવવા માટે વિકલ્પસહિતના જીવતત્ત્વને હેય કહ્યું છે. ભાઈ ! સાંભળતો ખરો, આ શું વાત છે? શુદ્ધ પર્યાયનું લક્ષ કરીને તેનો આદર કરવા જતાં પણ વિકલ્પ ઊઠે છે ને રાગ થાય છે, પણ ત્રિકાળ તત્ત્વના આદરમાં તે શુદ્ધ પર્યાય પ્રગટી જાય છે. નિર્મળ પર્યાય વસ્તુના આધારે આવે છે, માટે નિર્મળ પર્યાય પ્રગટ કરનારની દ્રષ્ટિ વસ્તુ ઉપર હોય છે, પર્યાય ઉપર તેની દ્રષ્ટિ હોતી નથી ને વસ્તુદ્રષ્ટિમાં નવે તત્ત્વો અભૂતાર્થ છે. નવે તત્ત્વો અભૂતાર્થ કહીને અહીં પર્યાયભેદને હેય કહ્યાં છે. સંવર નિર્જરા કે મોક્ષ વગેરે તત્ત્વો સર્વકાળે અસ્ખલિત નથી અને કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે તેથી તે પણ સ્ખલિત છે, સર્વકાળે અસ્ખલિત તો એક ચૈતન્યદ્રવ્ય જ છે, તે જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. "તેથી ભૂતાર્થનયથી જોતાં નવે તત્ત્વોમાં એક જીવ જ પ્રકાશમાન છે."—આમ આ ગાથાનો સરવાળો છે. એવો ભૂતાર્થ આત્મા જ સમ્યગ્દર્શનનો વિષય છે. નવ તત્ત્વને ઓળખીને એવા ભૂતાર્થ આત્મસ્વભાવની દ્રષ્ટિ પ્રગટ કરવી તે જ ધર્મની શરૂઆત છે.

*

# પ્રસાદ નં. 3

(ભાદરવા સુદ ૬, તા. ૧૮-૯-૫૦)

## ધર્મની નિર્દોષ રીત.

આત્માનો સ્વભાવ તો જ્ઞાયક છે. જ્ઞાન  જ તેનું સ્વરૂપ છે. અવસ્થામાં જે કાંઈ વિકારીભાવો થાય છે તે તો વર્તમાનપૂરતી યોગ્યતાથી, કર્મના નિમિત્તે થાય છે. એકરૂપ જ્ઞાયક વસ્તુની દ્રષ્ટિથી અનુભવ કરતાં જ્ઞાયકસ્વભાવ એક જ ભૂતાર્થ છે. નવતત્ત્વો અભૂતાર્થ છે. 'જ્ઞાયક વસ્તુ છું' એમ જ્યાં અંતરદ્રષ્ટિથી નક્કી કર્યું ત્યાં જ આત્માનો અનુભવ થાય છે અને તે જ સમ્યગ્દર્શન ધર્મ છે.

જેવો વસ્તુનો મૂળ સ્વભાવ છે તેવો પ્રતીતમાં લ્યે તો ધર્મ થાય કે તેથી ઊલટો પ્રતીતમાં લ્યે તો ધર્મ થાય? આત્માના સ્વભાવનો નિર્ણય કહો કે સર્વજ્ઞનો નિર્ણય કહો, બંને એક જ છે. જાણવું તે આત્માનો ધર્મ છે. સર્વજ્ઞને પૂરું જ્ઞાન છે ને પૂરો આનંદ છે, રાગ બિલકુલ નથી—આમ જ્યાં સર્વજ્ઞનો નિર્ણય કર્યો ત્યાં પોતાને પોતાના રાગરહિત જ્ઞાનસ્વભાવનો નિર્ણય થયો. એ સિવાય રાગમિશ્રિત વિચાર આવે તે ચૈતન્યનું ખરૂં સ્વરૂપ નથી. જેમ જડમાં પરિપૂર્ણ અચેતનપણું છે, અંશે પણ જાણપણું તેનામાં નથી; તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે તો તેમાં અચેતનપણું બિલકુલ નથી, પણ જાણપણું પૂરું છે. આવા જ્ઞાનસ્વભાવનો રાગસહિત નિર્ણય કરવો તે જ ધર્મની શરૂઆત છે.

જ્ઞાયકભાવ તે જ જીવ છે; એમ કહેતાં તેમાં જ્ઞાનની પૂર્ણતા જ આવે છે. પર્યાયમાં ભલે અલ્પજ્ઞતા હોય પણ તે સ્વભાવ નથી. ઓછું જ્ઞાન અવસ્થામાં છે પરંતુ અવસ્થાનો પણ સ્વભાવ ઓછા જ્ઞાનવાળો નથી. પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને તેમાં એકાગ્ર થતાં અલ્પજ્ઞતા રહેતી નથી, પૂર્ણતા જ થઈ જાય છે. આવા અંતર્-સ્વભાવની દ્રષ્ટિ કરતાં તેમાં એક જીવ જ ભૂતાર્થપણે પ્રકાશમાન છે. સાધકને ભલે નવતત્ત્વના વિકલ્પો હો પણ તેની દ્રષ્ટિ તો અભેદસ્વભાવમાં જ છે. તેથી તેને જ્ઞાનની નિર્મળતા થતી જાય છે ને રાગદ્વેષ ટળતા જાય છે.

"સર્વજ્ઞે બધું જોયું અને તેમ જ થાય છે"—એમ સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કોણે કર્યો? જેણે આત્માના પૂર્ણ સામર્થ્યને પ્રતીતમાં લઈને તેમાં એકતા કરી તેને જ ખરેખર સર્વજ્ઞના જ્ઞાનની પ્રતીત થઈ છે. જેને રાગરહિત જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા નથી તેને સર્વજ્ઞની માન્યતા નથી. સર્વજ્ઞના નિર્ણયમાં જ જ્ઞાનસ્વભાવના

નિર્ણયનો પુરુષાર્થ આવી જાય છે, તે જ મોક્ષ સન્મુખનો પુરુષાર્થ છે. લોકોને બહારની ધમાધમ દેખાય તેમાં પુરુષાર્થ લાગે છે, પણ જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં જ સમ્યક્ પુરુષાર્થ આવે છે, તેને જાણતા નથી. તે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તે જ આત્માની અંતર્-ક્રિયા છે, તે જ ધાર્મિક ક્રિયા છે. અવસ્થાનું પલટવું તે ક્રિયા છે. આત્માની અવસ્થાનું અંતરના આશ્રયે નિર્મળપણે પલટવું તે ધર્મની ક્રિયા છે.

નવતત્ત્વને ન ઓળખે તેને તો અનુભવમાં આત્માની પ્રસિદ્ધિ થાય નહિ, ને તેને જેમ છે તેમ જાણીને તેના વિકલ્પમાં જ રોકાય તો પણ ભગવાન આત્માની પ્રસિદ્ધિ થતી નથી. નવતત્ત્વના ભેદની દ્રષ્ટિ છોડીને ચૈતન્ય જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી અનુભવ કરતાં આત્માની પ્રસિદ્ધિ થાય છે ને ત્યાંથી જ ધર્મની શરૂઆત થાય છે. રાગમિશ્રિત વિચાર છૂટી જઈને જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થયું તેનું નામ આત્મખ્યાતિ છે. જો કે આત્મખ્યાતિ તે જ્ઞાનની નિર્મળ પર્યાય છે પણ તેની સાથે સમ્યગ્દર્શન અવિનાભાવીપણે હોય જ છે તેથી તે આત્મખ્યાતિને જ અહીં સમ્યગ્દર્શન કહ્યું છે.

શ્રી આચાર્યદેવ કહે છે કે આ સર્વ કથન નિર્દોષ છે. આવું જ વસ્તુસ્વરૂપ છે ને આવી જ સમ્યગ્દર્શનની રીત છે. નવતત્ત્વોને બરાબર ન જાણે તો તે મિથ્યાત્વરૂપ દોષરહિત છે, ને નવ તત્ત્વને જાણીને તે નવ તત્ત્વના વિકલ્પમાં જ રોકાઈ રહે ને એકરૂપ જ્ઞાયકસ્વરૂપની પ્રતીત ન કરે તો તે પણ મિથ્યાત્વરૂપ દોષસહિત છે. માટે નવતત્ત્વોને જાણ્યા પછી જ્ઞાયકસ્વભાવની એકતામાં જ્ઞાન વળે તે જ સમ્યગ્દર્શનનો નિર્દોષ ઉપાય છે.

હે ભાઈ ! જો તને સર્વજ્ઞ ભગવાનનો નિર્ણય ન હોય તો તારા જ્ઞાનમાં પ્રથમ તેનો નિર્ણય કર. જે જ્ઞાને સર્વજ્ઞનો નિર્ણય કર્યો તે જ્ઞાનમાં આત્માના પરિપૂર્ણ જ્ઞાતાસ્વભાવનો નિર્ણય આવી જાય છે; એટલે જેને પોતાના જ્ઞાતાસ્વભાવની પ્રતીત થઈ અને પર્યાય જ્ઞાનશક્તિ તરફ વળી ને એકાગ્ર થવા માંડ્યો તે જ સાચો પુરુષાર્થ છે. ભલે વર્તમાનમાં જ્ઞાનની અધૂરાશ હોય પણ તે રાગનો કર્તા થતો નથી, પણ જ્ઞાયક જ રહે છે. સર્વજ્ઞને પૂરું જ્ઞાન છે ને સાધકને અધૂરું જ્ઞાન છે, એટલો ફેર છે પરંતુ સાધક જીવ પણ જ્ઞાનસ્વભાવની એકતાની દ્રષ્ટિથી રાગનો કર્તા નથી, જ્ઞાયક જ છે. આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો એનું નામ ધર્મ છે.

(સમયસાર ગાથા ૧૩ના વ્યાખ્યાનમાંથી, ભાદરવા સુદ ૬)

*

# આત્માર્થીઓના જોશ

જેમ કોઈ જ્યોતિષી કોઈ પુરુષને તેના જોશ જોઈ કહે કે "તમે બે વર્ષ પછી પચીસ લાખના આસામી થશો અને તમને ધનની પ્રાપ્તિ થશે. વળી તમારે ત્રણ પુત્રો થશે ને દરેક મોટી પદવીના ધારક થશે" તો લક્ષ્મી, કીર્તિ અને સંતતિની રુચિવાળો તે પુરુષ ઘણી જ હોંશથી તેની વાત સાંભળે છે, વર્તમાનમાં તેવી અવસ્થા પ્રગટ નહિ હોવા છતાં તેની હા પાડે છે, પણ ના પાડતો નથી; તેમ શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારમાં પ્રત્યેક આત્માના જોશ જોતાં કહે છે કે "તમે સિદ્ધસમાન છો, પ્રભુ છો, સ્વરૂપલક્ષ્મીથી પરિપૂર્ણ છો. આત્મસ્વભાવના લક્ષે રત્નત્રયનું ઐક્ય થઈને તમને મુક્તિની પ્રાપ્તિ થશે." તો વર્તમાન પર્યાયમાં અપૂર્ણતા હોવા છતાં તેમજ રાગદ્વેષ હોવા છતાં તેમની કહેલી આ વાત યથાર્થ રુચિપૂર્વક અને ઉલ્લાસ લાવીને શ્રવણ કરજો, તેની હા જ પાડજો, ના ન પાડશો.

(સમયસાર ગા. ૧ના પ્રવચનના આધારે)

# પ્રસાદ નં. ૪
# ભાદરવા સુદ ૮, તા. ૧૯-૯-૫૦
# સમ્યગ્દર્શન કેમ થાય તેની રીત.

(ભાદરવા સુદ ૭)

આત્માનો જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ છે. તે સ્વભાવને ચૂકીને અજીવ કર્મના સંગથી પોતાની યોગ્યતાથી વિકાર કરે છે. આમાં અજીવ ચીજ છે તે નિમિત્ત છે અને પોતે જે પોતાની યોગ્યતાથી વિકાર કરે છે તે નૈમિત્તિક છે. જે પર નિમિત્ત છે તે જો વિકાર કરાવતું હોય તો કદી વિકાર ટળે નહિ અને નિમિત્તના લક્ષ વગર વિકાર કરે તો તે કાયમી થઈ જાય, પણ તેમ નથી. પોતે પર નિમિત્તના લક્ષે, પોતાની યોગ્યતાથી, સ્વભાવનું લક્ષ ચૂકીને પર્યાયમાં વિકાર કરે છે તેથી તે વિકાર ક્ષણિક, અનિત્ય, પર્યાયપૂરતો થઈ ગયો. જ્યાં "ચૈતન્ય જ્ઞાયક છું"—એવી દ્રષ્ટિ થઈ અને કર્મના નિમિત્તની દ્રષ્ટિ ટળી ગઈ ત્યાં, જડ અને ચેતન જુદાં જુદાં હોવાથી નવતત્ત્વના ભેદભંગના વિકલ્પો થતા નથી. અંતરમાં ચૈતન્યની ખાણમાં ધર્મ શોધે તો તેના આશ્રયે ચિદાનંદ ધર્મ થાય છે.

આત્મામાં પોતાની વર્તમાન અવસ્થાની યોગ્યતાથી રાગદ્વેષ થાય છે ને તે નૈમિત્તિક છે અને તેમાં સામો પદાર્થ અજીવ તે નિમિત્ત કહેવાય છે.—એવો પોતાના પર્યાયનો સ્વતંત્ર સ્વીકાર કરે ત્યારે તો નિમિત્ત-નૈમિત્તિકભાવ વ્યવહારદ્રષ્ટિએ સાચો માન્યો કહેવાય અને તે પણ પર્યાયદ્રષ્ટિ છે અને તેના લક્ષે પુણ્ય-પાપાદિ સાત તત્ત્વો—વિકલ્પરૂપી—પોતાના પર્યાયમાં ઊભા થાય તે પણ જ્યારે તે સાતે તત્ત્વોના ભેદભંગ ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લઈને પોતાનો જ્ઞાનાનંદ એકરૂપ સ્વભાવ છે તેના તરફ દ્રષ્ટિ કરે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી અને નિમિત્ત-નૈમિત્તિકભાવનો અભાવ થાય છે અને સમ્યગ્દર્શન—ધર્મની પ્રાપ્તિ થાય છે.

જ્યાંસુધી જીવ આવા નિમિત્ત નૈમિત્તિકભાવમાં રોકાય છે ત્યાંસુધી વિકલ્પ રહે છે. ત્યાંસુધી વ્યવહાર છે—મિથ્યાત્વ છે, તો પછી જે જીવ પર પદાર્થ સાથે કર્તાકર્મસંબંધ માને અથવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં પણ ભૂલ કરે કે નિમિત્ત હોય તેવું જ નૈમિત્તિક થવું જોઈએ. કર્મનો ઉદય હોય તેટલા જ પ્રમાણમાં રાગદ્વેષ કરવો પડે તથા નિમિત્તની હાજરી હોય તો જ ઉપાદાનમાં કાર્ય થાય—એવા જીવો તો અહીં લીધા જ નથી. તેઓ મોક્ષમાર્ગથી ઘણા દૂર છે.

"ચૈતન્ય જ્ઞાયક છું" તેની મુખ્યતામાં નવતત્ત્વના ભેદની-વિકલ્પની મુખ્યતા રહેતી નથી. તેથી નૈમિત્તિકભાવ મટી જતાં, ચૈતન્ય જ્ઞાયકમાં સ્થિર થતાં,

આત્મા અને કર્મ બંને જુદા જુદા હોવાથી બેના સંગે થતા નવતત્ત્વના ભેદભંગ મટી ગયા તેથી ધર્મીને કર્મ વસ્તુ જ સિદ્ધ થતી નથી અને પુણ્ય- પાપરૂપ સંસારની ઉત્પત્તિ જ થતી નથી.

આત્મ વસ્તુ તે દ્રવ્ય છે અને તેના નિજભાવ જ્ઞાન, દર્શનાદિ ત્રણેકાળ તેની સાથે જ રહે છે એવી સાચી પ્રતીત થતાં નિમિત્ત-નૈમિત્તિક ભાવનો અભાવ થાય છે.

પ્રશ્ન :—આત્મામાં સંસાર—વિકાર એક સમયનો જ છે અને તે એક સમયમાં જ છૂટી જાય છે—તો એક સમયના સંસારને પછી એક ક્ષણમાં છોડી દઈશું, તો અત્યારે આ બધું સમજવાનું શું કામ છે?

ઉત્તર :—હે ભાઈ ! ''સંસાર ભવિષ્યમાં છોડીશ'' એમ તેં કહ્યું, તો ''સંસાર છોડવા જેવો છે''—એમ તેં અત્યારે જ માન્યું છે કે ભવિષ્યમાં માનીશ? જો સંસાર છોડવા જેવો છે—એમ તું વર્તમાન જ ન માનતો હો તો ''સંસાર છોડી દઈશ'' એમ તું અત્યારે કઈ રીતે કહે છે? સંસાર છોડવા જેવો છે, એમ કહે છે પણ જો તેની રુચિ છોડતો નથી તો તેં ખરેખર સંસારને છોડવા જેવો માન્યો જ નથી. સંસાર એટલે કે વિકારીભાવ એક સમય પૂરતો જ છે ને તે છોડવા જેવો છે, એમ જે માનતો હોય તેને વિકારની રુચિ હોઈ શકે જ નહિ. જેને છોડવા જેવું માને તેની રુચિ કેમ હોય? માટે વિકારની રુચિ ટળીને, અખંડાનંદ ચૈતન્યની રુચિ વર્તમાનમાં થયા વગર ''સંસાર એક સમય પૂરતો છે ને તે છોડવા જેવો છે'' એવી માન્યતા થાય નહિ. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવની રુચિ કરે ને ક્ષણિક વિકારની રુચિ ટળીને તેને છોડવા જેવો માને, તે જીવને ક્ષણિક વિકાર થતો હોવા છતાં દ્રષ્ટિમાં તેની મુખ્યતા નથી હોતી, પણ ચૈતન્ય જ્ઞાયકદ્રવ્યની જ મુખ્યતા છે, એનું નામ ધર્મ છે, ને એવી દ્રષ્ટિના જોરે જ વિકાર ટળે છે.

જીવાભાઈને જવું હતું તો બોટાદ પણ ''અંધારામાં'' રસ્તો ભૂલીને 'ઘાણીના બળદની જેમ' પહોંચ્યા બાબરકોટ. તેમ અહીં જીવાભાઈને સંસારમાંથી નીકળીને મોક્ષ તરફ જવું હતું, પણ ''અજ્ઞાનરૂપી અંધારામાં'' મુક્તિનગરનો રસ્તો ભૂલતાં ભાઈસાહેબ પહોંચ્યા ચારગતિના કિલ્લામાં, માટે મોક્ષાર્થીઓએ પ્રથમ સદ્‌ગુરુગમે મુક્તિનો સાચો રસ્તો જાણવો જોઈએ.

(ભાદરવા સુદ ૭, સ.ગા.૧૩ના પ્રવચનના આધારે)

# પ્રસાદ નં. ૫
# ધર્મ અને ધર્મનો વ્યવહાર.

(ભાદરવા સુદ ૮, સમયસાર ગા. ૧૩ના કળશ ૮ના પ્રવચનમાંથી)

પ્રથમ ધર્મ કેમ થાય તેની વાત થાય છે. આ જાણનાર તે જીવ છે, કર્મ તે અજીવ છે, પુણ્ય-પાપ તે વિકાર છે વગેરે નવ પ્રકારના રાગમિશ્રિત વિચારની આડમાં ચૈતન્ય ઢંકાયેલો હતો—અનંતકાળથી ઢંકાયેલ છે તેની અજ્ઞાનીને ખબર નથી. આ નવને પૃથક્ પૃથક્ રાગમિશ્રિત જ્ઞાનમાં બરાબર જાણે તે પણ હજી મિથ્યાત્વ છે. પર્યાયબુદ્ધિમાં—અશુદ્ધબુદ્ધિમાં નવના અનુભવમાં ચૈતન્ય ઢંકાયેલો હતો તેને શુદ્ધનયથી બહાર કાઢ્યો. ત્રાંબાના લાલ વગેરે અનેક પ્રકારના રંગની ઝાંયમાં ચકચકાટવાળું પીળું સોનું ઢંકાયેલું હતું તેને અગ્નિ દ્વારા વિશુદ્ધ કરીને બહાર કાઢવામાં આવે છે તેમ નવ પ્રકારના વિકલ્પમાં—ભેદમાં—અભેદ ચૈતન્યધાતુ આત્મા ઢંકાયેલો હતો તેને શુદ્ધનયથી બહાર કાઢીને બતાવ્યો. દેહ, મન, વાણી, કર્મ, સંયોગ વગેરેથી આત્મા જુદો છે. જ્ઞાયક જ્યોત અસંગ છે,....આચાર્ય ભગવાન કહે છે કે, ચૈતન્યમૂર્તિ આત્મા શરીર, મન, વાણી ને આહાર લેવાની ક્રિયાથી જુદો છે, કર્મ વગેરે પરપદાર્થોના લક્ષે થતા નૈમિત્તિક ભાવોથી પણ જુદો છે. તેને અંતર્મુખ દ્રષ્ટિથી જુઓ ! અનુભવો !

નવ તરફની અંશ બુદ્ધિ—પર્યાય બુદ્ધિ છોડી ચિત્તચમત્કારને દેખો—વર્તમાન અંશજ્ઞાન જે વ્યક્ત છે. તેનો આધાર વર્તમાન અંશ નથી. તેમજ પુણ્યપાપ કે શાસ્ત્ર-ગુરુ પણ તેનો આધાર નથી. તેનો આધાર એક જ્ઞાયકભાવ છે. તેના તરફ વલણ કરો, આનું નામ ધર્મ છે. "હું જ્ઞાયક છું"—તેવી શ્રદ્ધા કરે તો અવસ્થાએ અવસ્થાએ ચૈતન્યના આધારે જ્ઞાનદશા વધતી જાય છે. પાનું ફરે ને સોનું ઝરે એવી લોકમાં કહેવત છે તે સોનું... મળે તેથી કાંઈ લાભ નથી—પણ આ પાનારૂપી અવસ્થા ફરે તો અંશે અંશે સોનારૂપ ચિત્ત ચમત્કારની શુદ્ધિ વધે છે.

માણસો કહે કે લાખ રૂપિયા કમાણા, વળી કમાનાર પણ માને કે હું કમાણો પરંતુ જ્ઞાની કહે છે કે ભાઈ ! તારું પુણ્ય ખવાઈ ગયું ને મારાથી કમાણી થઈ એમ માનીને મિથ્યાત્વ સહિત પાપ બાંધ્યું. માટે પૂર્વ પુણ્યના સંયોગની રુચિ છોડી—શુભભાવની રુચિ છોડી જે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા કરે છે, તે પદે પદે શુદ્ધિમાં વધતો જાય છે.

પહેલાં આત્માને પ્રમાણ-નય-નિક્ષેપથી જાણવો તે પર્યાયબુદ્ધિ છે—રાગ છે—વ્યવહાર છે. છતાં તે જાણ્યા વિના પણ આત્મજ્ઞાન થતું નથી.

**"નવ તત્ત્વની શ્રદ્ધા વિના થાય ન આત્મજ્ઞાન,**
**પ્રમાણ નય નિક્ષેપ વિના થાય ન આત્મજ્ઞાન."**

ચૈતન્ય કેવો છે તેને જાણવાના ઉપાય કહેવાય છે. આ પણ વ્યવહાર છે, તેથી તે અભૂતાર્થ છે. પ્રત્યક્ષ—પરોક્ષ પ્રમાણ, નિશ્ચયનય, વ્યવહારનય ને ચાર નિક્ષેપ એ વડે આત્માનો વિચાર કરવો, તે વ્યવહાર છે, રાગ છે. તે કાંઈ સમ્યગ્દર્શન નથી, પણ તે આવ્યા વગર રહેતાં નથી. બરફી લેવા જતાં તેનો ભાવ પૂછે, પછી કાંટો તપાસે કે ધડો બરોબર છે કે નહિ. તોલા વજન પણ તપાસે ને પછી ખરીદ કરે; પણ બરફી ખાતી વખતે કાંટા—તોલા વગેરે ખાવાના કામમાં આવતા નથી, વળી ભાવ બોલ બોલ કરે તો પણ બરફી ખાઈ શકે નહિ. તેમ આત્માનો આનંદ—ચિદરસનો સ્વાદ લેતાં પહેલાં પ્રમાણ-નય-નિક્ષેપથી આત્માને નક્કી કરવો જોઈએ પણ, તેના રાગમાં જ રોકાઈ રહે તો અનુભવ કરી શકે નહિ. અહીં દાખલામાં ભાવ તે પ્રમાણ છે, તોલા તે નય છે, ને કાંટો તે નિક્ષેપ છે. આંધળો બરફીનો આહાર જોતો નથી પણ તેનો સ્વાદ અનુભવે છે. બરફી મોટી હોય કે નાની હોય તેની સાથે સંબંધ નથી પણ તેના સ્વાદની સાથે સંબંધ છે. વ્યંજન પર્યાયની મુખ્યતા નથી પણ અર્થ પર્યાયની મુખ્યતા છે. તેમ આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અર્થપર્યાયની મુખ્યતા છે. આત્માને ત્રણ પ્રકારથી નક્કી કરવો પડશે. પ્રમાણ બે પ્રકારના : પ્રત્યક્ષ ને પરોક્ષ; નય બે : નિશ્ચય ને વ્યવહાર—નિક્ષેપ ચાર : નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. તે પ્રથમ જાણવા પડશે પણ તે હજી વ્યવહાર છે. નિશ્ચયથી તે ભેદ ખોટા છે. પ્રમાણ-નય-નિક્ષેપનું યથાર્થ સ્વરૂપ વ્યવહારે પણ ન જાણે તે તો મોક્ષમાર્ગના વ્યવહારથી પણ દૂર છે.

આખી વસ્તુને જાણવી તે પ્રમાણે વસ્તુની અમુક અવસ્થાને જાણવી તે નય. ને જ્ઞાનનો વિષય તે નિક્ષેપ એટલે જણાવાયોગ્ય પદાર્થ છે. આ ત્રણે નિશ્ચયથી અભૂતાર્થ છે કારણ કે જણાવાયોગ્ય પદાર્થ—ને વચન, વગેરે ભેદોથી અનેક ભેદ પડે છે, રાગ થાય છે માટે અભૂતાર્થ છે. માત્ર એક આત્મા જ ભૂતાર્થ છે તેમાં કોઈ ભેદ પડતા નથી.

અહીં ત્રણ પ્રકારની રીત કહી તે વ્યવહાર છે. તેમાં પ્રથમ પ્રમાણના બે ભેદો બતાવે છે- પરોક્ષ ને પ્રત્યક્ષ. ઇન્દ્રિય અને મનના નિમિત્તે જે જ્ઞાન થાય તેને પરોક્ષ કહે છે અને જે જ્ઞાન પરના અવલંબન વગર થાય તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. વર્તમાન અવસ્થામાં પરોક્ષપણું છે—બિલકુલ અભાવ છે—એમ નથી. જ્ઞાન તો પોતાથી કરે છે પણ અધૂરું છે એટલે નિમિત્તની અપેક્ષા પડે છે. આવા જ્ઞાનના પર્યાયને પરોક્ષપ્રમાણ કહે છે. પ્રમાણ તે દ્રવ્ય-ગુણ નથી પણ જ્ઞાનગુણનો પર્યાય

છે. આત્માની અપેક્ષાએ એટલે ઇન્દ્રિય ને મનના અવલંબન વગર જે જ્ઞાનનો પર્યાય થાય તે પ્રત્યક્ષપ્રમાણ છે.—આવા પ્રત્યક્ષ—પરોક્ષ પ્રમાણના રાગમિશ્રિત વિચાર કરે તે તો હજી રાગ છે, વ્યવહાર છે, સમ્યગ્દર્શન નથી. પણ તે આવ્યા વગર રહેતા નથી. નિમિત્તની અપેક્ષાવાળો જ્ઞાનપર્યાય તે બંધનું કારણ છે ને ઇન્દ્રિય વગેરે નિમિત્તની અપેક્ષા વગરનો જ્ઞાનપર્યાય તે મોક્ષનું કારણ છે. આવી કબુલાત કરી તેના વિચારનો પણ નિષેધ કરી આત્મામાં ઢળે તે ધર્મ છે.

પ્રમાણનો શબ્દાર્થ— પ્ર=વિશેષ માણ=માપવું તે. આત્માને બધી બાજુથી પોતાના જ્ઞાનમાં માપવો તે પ્રમાણ.

(૧) (અ) ઇન્દ્રિય અને મનને અવલંબીને પરોક્ષદશા થાય છે તે છે જ નહિ, એમ માનવામાં આવે તો સંસાર ન હોવો જોઈએ, પણ વર્તમાન સંસાર છે, જ્ઞાન અટકી અટકીને કામ કરે છે, તે બતાવે છે કે પરોક્ષ જ્ઞાન છે.

(બ) જ્ઞાનની દશા સર્વથા ને સર્વદા પરોક્ષ જ રહે એમ માનવામાં આવે તો જીવ કોઈ દિવસ સ્વતંત્ર થાય નહિ ને કેવળજ્ઞાન પ્રગટાવી શકે નહિ. પણ જીવો સ્વતંત્ર પ્રત્યક્ષ—જ્ઞાન પ્રગટાવે છે. તે સાબિત કરે છે કે જ્ઞાન સર્વથા ને સર્વદા પરોક્ષ હોઈ શકે નહિ.

(૨) જ્ઞાનની દશા અંશે પ્રત્યક્ષ છે, એમ ન માનવામાં આવે તો સાધકદશા સિદ્ધ થતી નથી. સાધકદશા (ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનક સુધી દશા છે) તે સિદ્ધ કરે છે કે જ્ઞાન અંશે પ્રત્યક્ષ છે.

(૩) જ્ઞાનની દશા પરિપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે છે—એમ જો કોઈ જીવ માને નહિ તો કોઈ જીવ સિદ્ધ થઈ શકે નહિ. સિદ્ધદશા સાબિત કરે છે કે જ્ઞાન પરિપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે છે.

મતિ-શ્રુત ઇન્દ્રિય-મનના અવલંબને કાર્ય કરે છે તે પરોક્ષ છે. અવધિ, મનઃપર્યયજ્ઞાન અંશે આત્માથી કામ કરે છે તે દેશપ્રત્ય છે, કેવળજ્ઞાન સર્વથા આત્માથી કામ કરે છે તે સકલ પ્રત્યક્ષ છે.

આવા ત્રણ પ્રકારો જ્ઞાનની અવસ્થામાં થાય છે. આખા આત્માની હદને નક્કી કરવા આવા પ્રમાણના ભેદ પડે છે, તે બધા અવસ્થાના ભેદો છે—તેને જેમ છે તેમ યથાર્થ જાણવા તે હજી રાગ છે, વ્યવહાર છે, પુણ્યબંધનું કારણ છે—પણ તેનું લક્ષ છોડી તે રાગમાં નહિ અટકતાં આખા આત્માને નિર્વિકલ્પપણે નક્કી કરવો તે સમ્યગ્દર્શન ને ધર્મ છે.

# પ્રસાદ નં. ૬

## સમયસાર ગાથા ૧૩, કળશ ૮ના પ્રવચનમાંથી.

(ભાદરવા સુદ ૯, બુધવાર, તા. ૨૦-૯-૫૦)

અહીં આચાર્યદેવ કહે છે કે પ્રથમ પ્રમાણ, નય, નિક્ષેપથી આત્માનો નિર્ણય કરવો જોઈએ.

મતિ વગેરે પાંચે જ્ઞાનો પ્રમાણ છે, ને જેવી તે પ્રમાણજ્ઞાનની ખીલવટ હોય તેવું જ તેમાં પ્રમેય તેના કારણે સ્વયં જણાય. પ્રમાતા આત્મા છે. પ્રમાતા, પ્રમાણ ને પ્રમેય એવા ભેદો વ્યવહારથી તો ભૂતાર્થ છે એમ જે ન સ્વીકારે તેણે વ્યવહારને પણ સ્વીકાર્યો નથી.

જાણનારો આત્મા તે પ્રમાતા, જે વડે જાણે તે પ્રમાણ, જણાવાયોગ્ય વિષય તે પ્રમેય છે. પ્રમેયને લીધે પ્રમાણ નથી ને પ્રમાણને લીધે પ્રમેય નથી. મતિ—શ્રુત જ્ઞાનની ખીલવટની યોગ્યતા જ્યારે જેવી હોય ત્યારે તે પ્રમાણમાં મૂર્તિ વગેરે પ્રમેય જ નિમિત્ત હોય. છતાં જે તેવાં પ્રમેયને ન સ્વીકારે તેણે પ્રમાણને પણ જાણ્યું નથી.

પ્રમેયની ક્રિયા સ્વતંત્ર છે, ને પ્રમાણજ્ઞાનનો પર્યાય પ્રમેયથી ભિન્ન છે. પ્રમાતા આખો આત્મા છે. પ્રમાણ તેનો અંશ છે ને પ્રમેય તે નિમિત્તરૂપ વસ્તુ છે. એમ નહીં માનતા મૂર્તિ, શબ્દ વગેરે પ્રમેયને લીધે જ્ઞાન થયું એમ જે માને તેણે પ્રમાણ અને પ્રમેયને ભિન્ન જાણ્યાં નથી. જ્ઞાનપ્રમાણને લીધે બાહ્યપ્રમેયની ક્રિયા થઈ એમ જે માને તેણે પણ પ્રમાણ-પ્રમેયને જાણ્યાં નથી. પ્રમાણ જ્ઞાનની યોગ્યતા વખતે તેવાં જ પ્રમેય નિમિત્તરૂપે હોય, છતાં બંને સ્વતંત્ર છે. પાંચે પ્રકારનાં પ્રમાણ અનુસાર તે તે પ્રમાણનું પ્રમેય સ્વયં હોય છે. જે મૂર્તિ, શબ્દ વગેરે પ્રમેયને નિમિત્તરૂપે નથી માનતો તેણે પ્રમાણને, પ્રમાતાને કે પ્રમેયને જાણ્યાં નથી.

જેટલું પ્રમાણ હોય તેટલું તેને જાણવું, ને તેમાં જેટલું પ્રમેય હોય તેટલું તેને જાણવું, અને પ્રમાતારૂપે આખા આત્માને જાણવો-આવા ભેદોનું લક્ષ પહેલાં નિર્ણય કરવા માટે આવ્યા વગર રહેતું નથી માટે તેમને વ્યવહારે ભૂતાર્થ કહ્યાં; પણ અંતરમાં અભેદ જ્ઞાયક ચૈતન્યનો અનુભવ કરતાં એ પ્રમાણ—પ્રમેય ને પ્રમાતાના ભેદો ગૌણ થઈ જાય છે—માટે તે અભૂતાર્થ છે.

નિશ્ચયના અનુભવમાં નવતત્ત્વ તથા પ્રમાણ-નય-નિક્ષેપ વગેરે વ્યવહાર અભૂતાર્થ છે. પરંતુ નિશ્ચયનો અનુભવ પ્રગટ કરવાની પાત્રતાવાળા જીવને આવો જ વ્યવહાર હોય, આથી વિરુદ્ધ બીજો વ્યવહાર ન હોય. વ્યવહારને સર્વથા અભૂતાર્થ ગણીને તેમાં ગોટા વાળે અને નવતત્ત્વનો તથા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય ન કરે તો તે તો હજી ધર્મના આંગણે પણ નથી આવ્યો. જેમ નાગરના ઘેર જવું હોય ને ભંગીના આંગણે જઈને ઉભો રહે. તો તે નાગરના ઘરમાં પ્રવેશી શકે નહિ, પણ નાગરના આંગણે ઉભો હોય તો તે તેનું આંગણું છોડીને તેના ઘરમાં પ્રવેશી શકે. તેમ સર્વજ્ઞભગવાને કહેલા આત્માનો અનુભવ કરવા માટે પહેલાં સર્વજ્ઞદેવે કહેલા નવતત્ત્વો, પ્રમાણ વગેરેનો નિર્ણય કરવો તે પ્રથમ આંગણું છે, ચિત્તશુદ્ધિ છે, તેનો જે નિર્ણય કરતા નથી ને બીજાં કુતત્ત્વોને માને છે તે તો હજી સર્વજ્ઞ ભગવાને કહેલા આત્મસ્વભાવના આંગણે પણ આવ્યો નથી, તો તેને અનુભવ તો થાય જ ક્યાંથી? પહેલાં રાગમિશ્રિત વિચારથી નવતત્તવો તેમ જ પ્રમાણ-નય-નિક્ષેપ વગેરેનો નિર્ણય કરે તે વ્યવહાર છે, પછી અભેદ જ્ઞાયકસ્વભાવ તરફ વળીને અનુભવ કરતાં તે બધા ભેદો અભૂતાર્થ છે.

# પ્રસાદ નં. ૭

(સમયસાર ગાથા ૧૩ ટીકા, પાનું ૨૯, ભાદરવા સુદ ૧૦)

સંસાર અવસ્થામાં—અલ્પજ્ઞતામાં—જ્ઞાનના પર્યાયમાં પ્રત્યક્ષ ને પરોક્ષ એવા બે ભેદ પડે છે. જ્ઞાનની પૂર્ણદશા તે મહાપ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. અવધિ મનઃપર્યયજ્ઞાન તે દેશપ્રત્યક્ષ છે, ને મતિશ્રુત તે પરોક્ષજ્ઞાન છે. આવા પાંચ પ્રકારના જ્ઞાનના પર્યાયનો વિચાર, પ્રત્યક્ષ ને પરોક્ષ પ્રમાણ એવા બે ભેદોનો વિચાર, સાધકદશામાં સાધકને હોય છે.

પ્રમાતા એટલે જાણનારો તે આત્મા. પ્રમાણ એટલે પ્રત્યક્ષ ને પરોક્ષ એવા જ્ઞાનપર્યાયના બે ભેદો ને પ્રમેય એટલે જ્ઞાનનો વિષય–આવા પ્રમાતા, પ્રમાણ ને પ્રમેયના ભેદથી જોતાં તે પ્રત્યક્ષ ને પરોક્ષ—એ બંને ભેદો વર્તમાનબુદ્ધિએ પર્યાય બુદ્ધિએ ભૂતાર્થ છે, પણ શુદ્ધસ્વભાવની દ્રષ્ટિથી જોતાં એવા ભેદો હોતા નથી, તેથી અભૂતાર્થ છે. જ્ઞાયકસ્વભાવ એકરૂપ છે માટે જીવના સ્વભાવનો અનુભવ કરવામાં આવા ભેદો અભૂતાર્થ છે.

અહીં કેવળજ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન છે એવી રાગમિશ્રિત જ્ઞાનદશાને અભૂતાર્થ કહેલ છે. કારણ કે જેને કેવળજ્ઞાન પ્રગટી ગયું છે તેને આવા વિચારો હોતા નથી. સાધકજીવને વર્તમાનમાં તો કેવળજ્ઞાન પ્રગટ નથી પણ તે કેવળજ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન છે, સુખનું કારણ છે એવું રાગમિશ્રિત વિચારમાં પ્રથમ નક્કી કરે તે પણ ભેદમાં જાય છે. તે વિચારના આધારે કેવળજ્ઞાન પ્રગટતું નથી પણ ભેદરહિત આત્મામાં ઠરે તો કેવળજ્ઞાન પ્રગટે છે માટે શુદ્ધ નિશ્ચયથી પ્રમાણ વગેરેના ભેદો અભૂતાર્થ કહ્યાં છે.

આ જીવની અપેક્ષાએ બીજા જીવો નથી અને પ્રમાણ વગેરના ભેદની રાગમિશ્રિત વિચારશ્રેણી પણ ખરેખર આ શુદ્ધ જીવના અંતર્ સ્વભાવ અપેક્ષાએ અવસ્તુ જ છે.

હવે પ્રમાણના બે પડખાં બતાવે છે : (૧) ધ્રુવ, ત્રિકાળી વસ્તુસ્વભાવને જાણે તે દ્રવ્યાર્થિક નય, (૨) વર્તમાન રાગ, વિકલ્પ, પર્યાયને જાણે તે પર્યાયાર્થિક નય. વસ્તુમાં ત્રિકાળી ધ્રુવનો વિચાર કરતાં તથા પર્યાયનો વિચાર કરતાં એવો વિકલ્પાત્મક જ્ઞાનપર્યાય થાય છે એ વાત બરાબર છે, આવો વ્યવહાર આવે છે ખરો. આ બંને નયો વર્તમાન રાગવાળી અવસ્થામાં છે. પર્યાયદ્રષ્ટિએ ભૂતાર્થ છે, પણ વસ્તુદ્રષ્ટિએ સ્વભાવનો ચૈતન્યમાત્રનો અનુભવ કરતાં તે ભેદો ખોટાં છે.

અભૂતાર્થ છે. બે નયોના વિચાર શુદ્ધ જીવસ્વરૂપને કદી પણ સ્પર્શ્યા નથી—તેમાં પેઠા નથી ને તેનાથી શુદ્ધજીવમાં ઠરાતું નથી માટે અસત્યાર્થ કહ્યાં છે.

હવે નિક્ષેપનું સ્વરૂપ કહે છે : નિક્ષેપનો શબ્દાર્થ = ન્યાય કરવો, સ્થાપવું, મૂકવું, ક્ષેપણ કરવું એવો અર્થ થાય છે. નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ ને ભાવનિક્ષેપ એમ નિક્ષેપ ચાર પ્રકારનાં છે.

**(૧) નામ નિક્ષેપ :—**સામા જ્ઞેય પદાર્થમાં ગુણ ન હોય તે ગુણના નામથી વ્યવહાર માટે વસ્તુની સંજ્ઞા કરવી તે નામનિક્ષેપ છે. જેમ કે :—આત્મારામ. અહીં આત્મામાં રમે છે માટે આત્મારામ એમ નામ આપેલ નથી પણ વ્યવહાર માટે સંજ્ઞા આપેલ છે. આ નામનિક્ષેપમાં બીજાનો આકાર નથી, દ્રવ્યની યોગ્યતા નથી ને પ્રગટતા પણ નથી. નામ નિક્ષેપ બીજા ત્રણ નિક્ષેપમાં ન ખતવાઈ જાય એમ જાણવું જરૂરનું છે. નામ માત્ર સંજ્ઞા માટે અપાયેલ છે, તો જેમ છે તેમ સમજવો જોઈએ.

**(૨) સ્થાપના નિક્ષેપ :—**વ્યવહારમાં પણ જીવ સ્થાપના કરે છે જો પોતાની પાસે મૂડી હોય તો તે બીજાને ત્યાં થાપણ તરીકે મૂકે છે. એવી રીતે સાધક જીવ, પોતાને શુદ્ધસ્વરૂપ ચૈતન્યના ભાનમાં જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે ભગવાનની ગેરહાજરીમાં ભગવાનની સ્થાપના પ્રતિમામાં કરે છે. વ્યવહારદશમાં આવી મનોભાવના વિદ્યમાન છે, ને મનોભાવનાનું નિમિત્ત પ્રતિમા પણ છે. આવી સ્થાપનાને સ્થાપના તરીકે જેમ છે તેમ માનવી એ વ્યવહારે શુભરાગ, વિકલ્પ સાચો કહેવાય. પણ જે જીવ આવી મનોભાવનાને તેના નિમિત્ત પ્રતિમાને સ્થાપના નિક્ષેપ તરીકે વ્યવહારે પણ કબૂલે નહિ તે જીવનો વ્યવહાર પણ સાચો નથી અને જે જીવ પ્રતિમાથી પુણ્ય થશે ને પ્રતિમાથી ધર્મ થશે એમ માને તે પણ સાચો નથી. સ્થાપના નિક્ષેપ તે પુણ્યબંધનું નિમિત્ત છે. તેવી રીતે સમયસાર આદિ શાસ્ત્રમાં પણ મુમુક્ષુ જીવ સ્થાપના કરે છે—શુદ્ધ આત્માનું બહુમાન આવતા આ શાસ્ત્ર તે સમયસાર છે, એમ સ્થાપના કરે છે.

**(3) દ્રવ્ય નિક્ષેપ :—**ભૂતકાળના તથા ભાવિના રાજાને વર્તમાનમાં રાજા કહેવો તે દ્રવ્યનિક્ષેપ છે. શ્રેણિક રાજાને વર્તમાનમાં તીર્થંકર કહેવા તે ભવિષ્યનો વર્તમાનમાં આરોપ, ને મહાવીર ભગવાનને વર્તમાનમાં તીર્થંકર કહેવા તે ભૂતકાળનો વર્તમાનમાં રોપ છે. આ નિક્ષેપ એક જ વસ્તુમાં પોતાના ભૂત-ભાવિ પર્યાયનો વર્તમાન પર્યાયમાં આરોપ કરે છે, બીજી વસ્તુ સાથે સંબંધ ધરાવતો નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના આત્માને સિદ્ધસમાન દ્રવ્યનિક્ષેપથી માને છે.

**(૪) ભાવ નિક્ષેપ :—**વર્તમાન તીર્થંકર તરીકે બિરાજતા શ્રી સીમંધર ભગવાનને તીર્થંકર તરીકે કહેવા તે ભાવનિક્ષેપ છે. આ નિક્ષેપમાં વર્તમાન વર્તતી અવસ્થા જેવી હોય તેવી ઓળખવામાં આવે છે. વર્તમાનમાં રાજા ગાદીએ હોય તેને રાજા તરીકે ઓળખવો તે ભાવનિક્ષેપ છે. આ નિક્ષેપ પોતાની અગર બીજાની વર્તમાન અવસ્થાનું જેમ છે તેમ જ્ઞાન કરાવે છે.

આ પ્રમાણે ચારે નિક્ષેપો જેમ છે તેમ બરાબર સમજવાં જોઈએ. ચારેના લક્ષણો જુદા જુદા છે. જે જીવ આ ચારે નિક્ષેપોને બરાબર ન સમજે તેનો વ્યવહાર પણ સાચો નથી. જેમ છે તેમ સમજે તો તે હજી વ્યવહાર છે, પર્યાયદ્રષ્ટિએ સાચાં છે પણ શુદ્ધ ચૈતન્ય લક્ષણરૂપ જીવસ્વભાવની દ્રષ્ટિ કરતાં આવા ચાર ભેદો વસ્તુસ્વરૂપમાં નથી. એવા ચાર ભેદો તો નથી પણ ચૈતન્ય એ લક્ષણ ને આત્મા તે લક્ષ્ય એવો ભેદ પણ સ્વભાવમાં નથી માટે સ્વભાવને ચૈતન્યલક્ષણરૂપ અભેદ કહ્યો છે.

પ્રમાણ બે પ્રકારે, નય બે પ્રકારે, નિક્ષેપ ચાર પ્રકારે સમજતાં આવો વ્યવહાર આવે છે ખરો પણ શુદ્ધસ્વભાવમાં આવા કોઈ ભેદ નથી. માટે એવા ભેદ ઉપરથી લક્ષ ઉઠાવી પોતાના એકરૂપ ચૈતન્ય ત્રિકાળનો આશ્રય કરવો એ જ ધર્મ છે.

“રણે ચડ્યો રજપૂત છૂપે નહિ” તેમ શુદ્ધ ચૈતન્યસ્વભાવના ગુણગાન ગવાતા હોય ત્યારે રુચિવાળો જીવ જાગૃત થાય છે. દુનિયા દુનિયાને ઠેકાણે રહે, કોઈ ગમે તેમ બોલે તેની સામુ મુમુક્ષુ જીવ જોતો નથી. જે જીવ જગતની દરકાર કર્યા વગર આવું ચૈતન્યનું સ્વરૂપ સાંભળવાના શુભભાવમાં વીર્ય ઉપાડી શકતો નથી તે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપમાં વીર્ય કેવી રીતે ઉપાડી શકે? માટે મુમુક્ષુ જીવોએ સંપ્રદાયની—માનની—લોકની દરકાર કર્યા વગર ધર્મ સમજવાને પુરુષાર્થ કરવો જોઈએ.

*

# પ્રસાદ નં. ૮

(સમયસાર ગાથા ૧૩ ટીકા, પાનું ૩૦ ના પ્રવચનમાંથી. ભાદરવા સુદ ૧૧)

શરૂઆતના અભ્યાસ માટે નય, નિક્ષેપ, પ્રમાણના જ્ઞાનની જરૂર છે. ''જ્ઞાનની અવસ્થા વર્તમાન પરોક્ષ છે. પૂર્ણના લક્ષે શરૂઆતમાં અંશે પ્રત્યક્ષ થાય છે ને પછી સર્વથા પ્રત્યક્ષ થઈ શકે છે'' એવા પ્રમાણજ્ઞાનની અવસ્થાના ભેદો તથા ''ત્રિકાળી દ્રવ્યને જાણનારો તે દ્રવ્યાર્થિકનય'', તે વર્તમાન રાગને જાણનારો તે પર્યાયાર્થિકનય એવા બે ભેદો તથા ''વર્તમાનમાં સાધક અવસ્થા છે તે ભાવનિક્ષેપ ને પરિપૂર્ણ પ્રગટ દશા કરી શકું એમ છું એ દ્રવ્યનિક્ષેપ છે''—આવા પ્રમાણ, નય, નિક્ષેપના ભેદથી વસ્તુને પ્રથમ બરાબર જાણવી જોઈએ.

સકલ પ્રત્યક્ષજ્ઞાન સિદ્ધ થતા અરિહંતને સિદ્ધ કરે છે, અંશે પ્રત્યક્ષ જ્ઞાન સાધકદશા એટલે ગુરુ-આચાર્ય, ઉપાધ્યાય, મુનિ–ને સિદ્ધ કરે છે. પરોક્ષ જ્ઞાન સંસારી અજ્ઞાનદશા સિદ્ધ કરે છે અને આવું પ્રરૂપણા કરનારો તે અનેકાન્ત ધર્મ છે–એમ જીવે પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ. આવા વ્યવહાર જ્ઞાનમાં ભૂલ કરે તો તે વસ્તુનું સ્વરૂપ વિપરીત માની બેસે છે.

## આવા વ્યવહારના અભાવની ત્રણ રીત છે.

(૧) પ્રથમ અવસ્થામાં એટલે સમ્યગ્દર્શન થતા પહેલાં મુમુક્ષુ જીવોએ પ્રમાણાદિ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી એટલે વસ્તુ જેવી છે તેવા શ્રદ્ધા જ્ઞાન બરાબર કરી લેવા જોઈએ. જ્ઞાન–શ્રદ્ધાન થયા પછી પ્રમાણાદિ વિકલ્પની શ્રદ્ધા માટે જરૂર નથી.

(૨) બીજી અવસ્થામાં એટલે સાધકદશામાં પ્રમાણાદિનાં આલંબનથી વિશેષ જ્ઞાન નિર્મળ થાય છે ને રાગદ્વેષનો અભાવ થઈ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે.

અહીં જ્ઞાનપર્યાયથી જ્ઞાનપર્યાય પ્રગટે છે અથવા રાગથી વીતરાગ થવાય છે, એમ જે કહ્યું છે તે ઉપચારમાત્ર છે—નિમિત્તનું કથન છે. ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ જ્ઞાનની નિર્મળતા વધે છે ને વીતરાગતા થાય છે. વ્યયરૂપ પર્યાય ઉપર માત્ર આરોપ કરવામાં આવ્યો છે.

(૩) કેવળજ્ઞાનમાં પ્રમાણાદિનું આલંબન રહેતું નથી ને સિદ્ધ અવસ્થામાં પણ કાંઈ આલંબન નથી. આ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ–નય–નિક્ષેપોનો અભાવ જ છે.

## શ્લોક ૯

આ શ્લોક લખતી વખતે આચાર્ય ભગવાનને વિકલ્પ છે પણ તે વિકલ્પને ગૌણ કરી નિર્વિકલ્પ દશાની વાત કરી છે. આત્માના અનુભવ વખતે—ધ્યાન વખતે—પ્રમાણ નય, નિક્ષેપોના ભેદો હોતા નથી.

"વર્તમાન જ્ઞાન અંશે પ્રત્યક્ષ છે ને નિશ્ચય તરફ ઢળતાં જ્ઞાન પરિપૂર્ણ થઈ શકે છે" એવા પ્રમાણના ભેદો સાધકદશામાં અંતર અનુભવ વખતે અસ્ત થાય છે. "શુદ્ધનયથી હું સિદ્ધ છું ને પર્યાયમાં રાગ છે" એવા નયોના વિકલ્પ સ્વ-અનુભવ વખતે થતા નથી ને નયલક્ષ્મી અસ્ત થાય છે—સ્વરૂપલક્ષ્મી ઉદય પામે છે. "હું પરમાત્મા થવાને લાયક છું પણ વર્તમાન પર્યાય મુનિપણાની છે" એવા નિક્ષેપોનો સમૂહ અંતર્ અનુભવ વખતે હોતો નથી. "જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન" એવા ત્રણ ભેદો અથવા "દ્રવ્ય ને પર્યાય" એવા બે ભેદો પણ નિર્વિકલ્પ દશામાં થતા નથી. દ્વૈતપણું એટલે બેપણું અથવા અનેકપણું અંતર્ અનુભવ વખતે ભાસતું નથી. માત્ર એક ચિત્ ચમત્કાર શુદ્ધ આત્માનો અનુભવ હોય છે. હીરાનો હાર પહેરતી વખતે તેની કિંમત, વજન, ચમક વગેરેને યાદ કરતો નથી પણ હાર પહેર્યાના વિકારી સુખને અનુભવી રહ્યો છે તેમ અંતર્ અનુભવ વખતે અનેક ભેદો યાદ ન કરતા માત્ર એકરૂપ આત્માને અનુભવી સુખને વેદી રહ્યો છે.

**ભાવાર્થ :—**કેટલાક વિજ્ઞાનવાદી, અદ્વૈત બ્રહ્મવાદી કહે છે કે "તમારે છેવટે તો અદ્વૈતનો એટલે એકલા શુદ્ધ આત્માનો અનુભવ થયો, અમો પણ અદ્વૈત કહીએ છીએ, તમોએ વિશેષ શું કહ્યું? તો કહે છે કે, તમો વસ્તુને સર્વથા અદ્વૈત માનો છો તે ભૂલ છે. જો સર્વથા અદ્વૈત માને એક જ આત્મા. પરમ બ્રહ્મ માનો તો બાહ્ય બધી વસ્તુ જીવ. પુદ્‌ગલનો અભાવ માનવાનો પ્રસંગ આવશે તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમોએ અંતર્ અનુભવ કરવા વખતે પરવસ્તુ તરફના રાગનો અને ભેદનો અભાવ કરવા માટે અદ્વૈત કહ્યું છે.

*

# પ્રસાદ નં. ૧૦

(ભાદરવા સુદ ૧૨)

## (સમયસાર શ્લોક ૧૦ના પ્રવચનમાંથી.)

આ શ્લોક ચૌદમી ગાથાની ઉપોદ્ઘાત કરે છે.

ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ તરફ વળેલા જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે. રાગ તથા પરને જાણવા તે પર્યાયાર્થિક નયનો વિષય છે. મિથ્યાત્વ દશામાં જે જ્ઞાન પર તથા રાગમાં રોકાતું તેને શુદ્ધસ્વભાવ તરફ વાળી લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તે જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે.

શિકાર, મદ્યપાન, માંસભક્ષણ,ચોરી વગેરે સાત વ્યસનો કરતાં પણ મિથ્યાત્વ એ મહાન પાપ છે. તે મહાન પાપથી બચવાનો ઉપાય એક માત્ર શુદ્ધ સ્વભાવની પ્રતીત કરવી એ જ છે. અશુભથી બચવા સ્વાધ્યાય, પૂજા, ભક્તિ વગેરેના શુભભાવો આવે, પણ તે શુભભાવો મહાન પાપ (મિથ્યાત્વ)થી બચવાનો ઉપાય નથી. પરપદાર્થો, તેના ગુણો તથા પર્યાયો અને તેને લક્ષે થતા પોતાના શુભાશુભ ભાવોથી આત્મા જુદો—શુદ્ધ ચૈતન્યમય ત્રણે કાળે એકરૂપ પરિપૂર્ણ છે એવી પ્રતીત કરવી તે ધર્મ છે, મિથ્યાત્વથી બચવાનો ઉપાય છે.

શરીરાદિથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી આત્મા ત્રણે કાળે જુદો છે. આત્મા શરીરાદિ પરની અવસ્થા ન કરે ને પર પદાર્થો આત્માને લાભ-નુકશાન ન કરે. દેશ, કુટુંબ, શરીર વગેરે પર પદાર્થો ઉપર જીવનો અધિકાર નથી ને પરનો જીવ ઉપર અધિકાર નથી.

સિદ્ધ ભગવંતનું કેવળજ્ઞાન અથવા ગુરુનું સમ્યગ્જ્ઞાન અન્ય જીવોને લાભ આપતું નથી. જે દ્રવ્યનો જે સ્વભાવ હોય તે તેનામાં જ રહે, બીજામાં પેસી શકે નહિ. આ જીવનો સ્વભાવ જ્ઞાન—આનંદથી ક્યાંય અધૂરો નથી કે કોઈની પાસે માગવાની જરૂર પડે.

અવગુણીના ગુણ બીજા જીવને નુકશાન કરતા નથી ને ગુણીના ગુણ બીજા જીવને લાભ કરતા નથી. એક રજકણથી માંડીને સ્કંધો સુધીના પુદ્ગલ દ્રવ્યોથી ને નિગોદથી માંડીને સિદ્ધદશા સુધીના જીવો ને તેમની બધી અવસ્થાથી આ જીવ તદ્દન જુદો છે.

કોઈ પ્રશ્ન કરે કે આ મોહ છૂટતો નથી, તેનું શું કરવું? તેનો જવાબ દ્રષ્ટાંત આપી સમજાવે છે.

કોઈ વાંદરાએ ઘણા બોર લેવાના લોભે સાંકડા મોઢાના ઘડામાં હાથ નાખી બોરનો મોટો મૂઠો ભર્યો ને હાથ કાઢવા જતાં નીકળી ન શકવાથી બૂમો પાડે કે "ઘડાએ મને પકડી રાખ્યો છે." પણ જો બોરા છોડી દે તો હાથ નીકળે. તેમ અજ્ઞાની જીવે શરીર મારું, પૈસા મારા, પુણ્ય મારા, "દેહની ક્રિયા એ મારી" ક્રિયા

એવો મમતારૂપી મૂઠો ભર્યો છે ને પછી કહે કે મોહ જતો નથી ત્યારે જ્ઞાની કહે છે કે હે ભાઈ ! તારો મમતારૂપી મૂઠો છોડી દે ને જ્ઞાતાદ્રષ્ટા થઈ જા તો તને શાંતિ ને ધર્મ થાય એમ છે. તે સ્વભાવ કેવો છે? આત્મસ્વભાવ પરિપૂર્ણ છે. દ્રવ્યે, પૂર્ણ, ગુણે પૂર્ણ ને પર્યાયે પણ પૂર્ણ છે.

પરપદાર્થો, તેના ગુણો, વિકાર તથા અધૂરી પર્યાય જેટલો હું નથી પણ હું તો પરિપૂર્ણ છું, શુદ્ધ છું એમ શ્રદ્ધા થઈ એટલે વસ્તુ અધૂરી રહેતી નથી અને તેને કોઈ પર પદાર્થની અપેક્ષા પણ રહેતી નથી. અપૂર્ણતા અને અશુદ્ધતાની અપેક્ષા ન રહેતા જીવ દ્રવ્યે, ગુણે ને પર્યાયે પરિપૂર્ણ છે એમ નક્કી થાય છે.

જીવમાં જ્ઞાનાવરણીય કર્મના નિમિત્તે જ્ઞાનની અધૂરાશ છે તે પર્યાય દ્રષ્ટિમા જાય છે તેને શુદ્ધનય સ્વીકારતું નથી. જ્ઞાનની પાંચે પર્યાયો કર્મની અપેક્ષા રાખે છે. કર્મની અપેક્ષાનું તથા પર્યાયનું જ્ઞાન કરવું તે પર્યાયાર્થિક નયનું કામ છે. વર્તમાનમાં પુરુષાર્થ ઓછો છે ને વધીને પરિપૂર્ણ વીર્ય પ્રગટ થશે, તે પણ કર્મની અપેક્ષા રાખે છે તે પર્યાયાર્થિકનયનો વિષય છે, તેને શુદ્ધનય સ્વીકારતો નથી.

“સિદ્ધસમાન સદા પદ મેરો” આત્મા જ્ઞાને, વીર્યે, ચારિત્રે પરિપૂર્ણ છે, એમ શુદ્ધનય સ્વીકારે છે.

આવા શ્રદ્ધા, જ્ઞાન કરવા તે શરણભૂત છે. પૈસા, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર કે પુણ્યના ભાવ એ કોઈ શરણભૂત નથી. આવી શ્રદ્ધા આબાલ, વૃદ્ધ, પુરુષ, સ્ત્રી, રોગી, નીરોગી બધા જીવ કરી શકે છે ને સાચું જ્ઞાન કરી ધર્મ પામી શકે છે.

*

# પ્રસાદ નં. ૧૨

## શુદ્ધનય આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?

(સમયસાર શ્લોક ૧૦ના પ્રવચનમાંથી, ભા.સુદ ૧૩, રવિવાર)

આત્મા હવે ચૈતન્ય છે, એમ નિર્ણય કરીને તે સ્વભાવ તરફ ઢળે છે, તે જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે. તે આત્મસ્વભાવ ક્યાં છે તે આ શ્લોકમાં કહેવામાં આવે છે.

(૧) આત્માનો શુદ્ધ સ્વભાવ પરદ્રવ્યો, તેના ગુણો તથા તેના નિમિત્તથી થતાં પોતાના વિભાવોથી જુદો છે.

(૨) આત્મસ્વભાવ સમસ્તપણે પરિપૂર્ણ છે. તેનામાં લોકાલોકને જાણવાની તાકાત રહેલી છે.

(૩) આત્મસ્વભાવ અનાદિ અનંત છે.

આત્મા છે એમ કહેતા તેને કોઈએ બનાવ્યો એમ રહેતું નથી. જગત્ કર્તાએ આત્માને બનાવ્યો અગર તો આત્માની આદિ છે એમ માનવામાં આવે તો “આત્મા છે” એવો છતો પદાર્થ રહેતો નથી. છે અને આદિ કહેવો તે બન્ને વિરોધવાળી વાત છે માટે આત્મામાં આદિ હોઈ શકે નહિ. વળી જગત હતું ને આત્મા પછી થયો એ વાત પણ એવા જ વિરોધવાળી છે, તેમ પણ હોઈ શકે નહિ.

વળી આત્મા છે એમ કહેતા જ તેનો કોઇ દિવસ નાશ હોઈ શકે નહિ. હોવાપણું ક્યા દિવસે ન હોય? હોવાપણું કોઈ દિવસ ન હોય એમ બને નહિ માટે આત્માનો નાશ કોઈ દિવસ હોઈ શકે નહિ માટે આત્મા અનાદિ અનંત સિદ્ધ થાય છે.

આદિ ને અંતપણું પર્યાયમાં હોય છે. અવસ્થા સમયે સમયે નવી ઉપજે છે ને નાશ પામે છે. સ્વભાવ તો આદિ અંત રહિત છે.

ઉપશમ, ઔદયિક, ક્ષયોપશમભાવ ને ક્ષાયિકભાવ એ ચારે ભાવો અવસ્થામાં છે. તે કર્મોના સંયોગ વિયોગની અપેક્ષા રાખે છે. તે ભાવો નવા ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે જ્યારે પારિણામિક ભાવ કોઈની અપેક્ષા રાખતો નથી. સંસાર અનાદિનો હતો ને વિકારનો નાશ થશે એવી અપેક્ષા પણ પારિણામિક ભાવમાં છે જ નહિ. શુદ્ધનય આવા અનાદિ અનંત પારિણામિક ભાવને પ્રગટ કરે છે.

(૪) આત્મસ્વભાવને એકાકાર પ્રગટ કરે છે.

ત્રિકાળી શુદ્ધ સ્વભાવને ચુકીને જીવ જ્યારે પર લક્ષ કરે છે ત્યારે શુભાશુભ ભાવ થતા અનેકપણું અવસ્થામાં ઉત્પન્ન થાય છે. ઘડીમાં દયાદાનના ભાવ, ઘડીમાં સ્વાધ્યાય પૂજાના ભાવ, ઘડીમાં વેપારના ભાવ, ઘડીમાં ખાવાપીવાના ભાવ એવી અનેકતા અવસ્થા દ્રષ્ટિમાં થાય છે. હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું દેવ છું, હું નારકી છું એવી અવસ્થા ઉપર દ્રષ્ટિ હોય છે ત્યાં સુધી અનેકતા થાય છે પણ શુદ્ધ નય એવી અનેકતાને સ્વીકારતો નથી. શુદ્ધનય તો જ્ઞાયક સ્વભાવ જે એકરૂપ છે તેને જ સ્વીકારે છે.

મિથ્યાત્વદશામાંથી સમકિત પ્રગટ થશે. સમકિત થયા પછી મુનિપણું આવશે. મુનિપણા પછી કેવળજ્ઞાનની દશા પ્રગટ થશે, પછી શુદ્ધદશા પ્રગટ થશે વિગેરે ચૌદે ગુણસ્થાનના ભેદો અનેકતા ઉત્પન્ન કરે છે. શુદ્ધનય ચૌદે ગુણસ્થાનના ભેદોને સ્વીકારતો નથી. જ્ઞાયકરૂપ, એકાકાર ભાવને જ શુદ્ધનય સ્વીકારે છે. દયા, દાન, પૂજા વગેરેના ભાવ કરશું તો પામશું એ સ્થૂલ અનેકતા છે.

હું સિદ્ધ સમાન છું ને સિદ્ધના લક્ષે સિદ્ધ થઈશ એ પણ સૂક્ષ્મ અનેકતા છે એટલે તે પણ દ્વૈતપણું પ્રગટ કરે છે.

હું સિદ્ધ સમાન ચૈતન્ય એકાકાર છું એવો એકાકાર (એકતારૂપ) સ્વભાવ તે શુદ્ધ નયનો વિષય છે.

અહો ! આચાર્ય ભગવાને ટુંકામાં ઘણું રહસ્ય સમજાવ્યું છે. હોંશિયાર વેપારી ટૂંકા શબ્દોમાં કાગળ લખે તો તેનો ચતુર આડતિયો તેનો લખવાનો બધો ભાવ સમજી જાય છે ને તેના લખવાના ભાવ પ્રમાણે વેપાર કરે છે એમ કેવળી ભગવાન ધર્મી જીવ ઉપર કાગળ લખે છે કે હે ભવ્ય જીવ “आपूर्णम् आद्यंत विमुक्तम् एकम” તારો શુદ્ધ સ્વભાવ પરિપૂર્ણ—અનાદિ અનંત તથા એકાકાર છે એટલા ટૂંકા શબ્દોમાં પૂરુ રહસ્ય સમજી જજે ને અનેકતા ઉપરનું લક્ષ ઉઠાવી એકરૂપ શુદ્ધ આત્માની શ્રદ્ધા કર.

(૫) આત્મસ્વભાવને સમસ્ત સંકલ્પ વિકલ્પોથી રહિત પ્રગટ કરે છે.

સંકલ્પનો અર્થ :–શરીર, મન,વાણી એ હું છું ને મારાથી તેનું કાર્ય થાય છે, એ મિથ્યાત્વના સંકલ્પ છે. જડ કર્મ મને હેરાન કરે છે, જડ કર્મ માર્ગ આપે ને શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય છે, એ પણ મિથ્યાત્વના સંકલ્પ છે. નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય, વહેવાર કરતાં કરતાં નિશ્ચય થાય, પુણ્યથી ધર્મ થાય, એ બધા મિથ્યા સંકલ્પો છે.

વિકલ્પનો અર્થ :–આ જગતમાં અનેક પ્રકારના જ્ઞેયો છે, તે જ્ઞેયોને જાણતાં પોતાના જ્ઞાનમાં ખંડ એટલે ક્રમ પડે છે તેમ માનવું, તેને વિકલ્પ કહે છે.

શરીર, પૈસા, સ્ત્રી, લલચાવનાર છે તેનાથી જ્ઞાનની દશામાં ખંડ પડે છે, એમ અજ્ઞાની જીવ માને છે. ભગવાનની મૂર્તિ દેખતા જ્ઞાન થાય ને સ્ત્રી, પુત્રને જોતાં જ્ઞાનમાં ખંડ પડે છે, એમ માનવું તે મિથ્યાત્વસહિત અનંતાનુબંધીનો ક્રોધ છે. સંસારના નિમિત્તે થતા અશુભ રાગદ્વેષ ને દેવ—ગુરુના લક્ષે થતા શુભરાગથી મારું જ્ઞાન ખંડિત થાય, એમ માનવુ તે અનંતાનુબંધીનો વિકલ્પ છે.

પર પદાર્થો તેમ જ શુભાશુભ રાગ એ જ્ઞાનનું જ્ઞેય છે. બધા જ્ઞેયોને અખંડપણે જાણવું તે જ્ઞાનનું કાર્ય છે છતાં જ્ઞાનમાં ખંડ માનવો તે અજ્ઞાનનો વિકલ્પ છે, શુદ્ધસ્વભાવ આવા મિથ્યા સંકલ્પ વિકલ્પથી રહિત છે ને શુદ્ધનય આવા શુદ્ધ સ્વભાવને જ સ્વીકારે છે, મિથ્યા સંકલ્પ-વિકલ્પોને સ્વીકારતો નથી.

સંસારમાં પણ કોઈ વેપારી નવી દુકાન નાખે તો તે જરૂર સારી ચાલશે એવી હોંશે પણ તેવી દુકાન ચલાવવાના ભાવ કરે છે. તે પુણ્ય હજી પ્રગટ ફળરૂપે જોયા નથી. ..........................

*

# પ્રસાદ નં. ૧૪

## સમયસાર ગાથા ૧૪

(ભાદરવા સુદ ૧૪, સોમવાર)

## શુદ્ધ નયનું સ્વરૂપ.

શુદ્ધ આત્મા તરફ વળેલા શ્રુતજ્ઞાનના અંશને શુદ્ધનય કહેવાય છે. જે નય આત્માને બંધરહિત ને પરના સ્પર્શરહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત તથા અન્યના સંયોગરહિત—પાંચભાવરૂપ આત્માને દેખે તેને શુદ્ધ નય કહે છે.

આ ગાથામાં આચાર્ય ભગવાને શિષ્યને આજ્ઞા આપી છે. હે શિષ્ય ! તારા આત્માને ઉપર કહ્યા તે પાંચભાવો રૂપ જાણ. એમાં **विजीनीहि** એ શબ્દમાં ઘણું રહસ્ય છે, શિષ્યની પાત્રતા બતાવે છે. તેમ જ એવી જ પાત્રતાવાળા શિષ્ય હોય ત્યારે સમ્યક્જ્ઞાની ગુરુનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ કેવો હોય છે, તે બતાવે છે.

(૧) "જાણ" એવો આદેશ કર્યો તે ઉપરથી નક્કી થાય છે કે તે આદેશ કરનાર એવા શ્રી સત્ગુરુ મળ્યા છે ને તેના નિમિત્તે જ સાચું રહસ્ય સમજી શકાય એમ છે. શિષ્ય કુગુરુની શ્રદ્ધા કરતો નથી ને કુગુરુને ધર્મ કેમ થાય, તે પૂછતો નથી.

(૨) શ્રી સત્ગુરૂ સાચા દેવ તથા શાસ્ત્રની ઓળખાણ આપે છે તે મુજબ શિષ્ય પણ સાચા વીતરાગી દેવ અને શાસ્ત્રની ઓળખાણ કરે છે ને કુદેવ- કુશાસ્ત્રને માનતો નથી એટલે કહેવારૂપે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે.

(૩) શ્રી ગુરુ તેને "જાણ" એવો આદેશ આપે છે, તે એમ બતાવે છે કે શિષ્ય સમજી શકે એમ છે તો "જાણ" એમ કહ્યું છે. આત્માનું શુદ્ધસ્વરૂપ આ કાળે ન સમજી શકાય એ વાત આ ઉપરથી ખોટી ઠરે છે.

(૪) શિષ્ય તે સ્વરૂપ સમજવાને દ્રવ્યે ને ભાવે શ્રી ગુરુની સમીપ વર્તે છે ને તે શિષ્યના ધગશ ને વૈરાગ્ય બતાવે છે.

(૫) શ્રી ગુરુ પાંચ ભાવરૂપ આત્માને "જાણ" એમ કહે છે તો તે પાંચ ભાવરૂપ આત્મા કેવો છે, તે વાતને શિષ્ય પોતાના જ્ઞાનમાં ધારી રાખે છે, તે વાત બરાબર પકડે છે.

(૬) એવા સ્વભાવનું સ્વરૂપ સાંભળ્યા પછી શિષ્ય જીજ્ઞાસાથી શ્રી ગુરુને પુછે છે કે એવા આત્માનો અનુભવ કેમ થાય? એ એક જ પ્રશ્ન પૂછે છે, પુણ્ય કેમ થાય?

સ્વર્ગ કેમ મળે? વ્રતનો વહેવાર કેમ કરવો તેવા પ્રશ્ન પુછતો નથી, એ શિષ્યની શુદ્ધ સ્વભાવ સમજવાની પાત્રતા બતાવે છે.

તેવી પાત્રતાવાળા શિષ્યને શ્રી આચાર્ય ભગવાન સમજાવે છે કે શુદ્ધ સ્વભાવ કર્મબંધરહિત છે, પર વસ્તુના વ્યંજન પર્યાય (આકાર) રહિત છે, પર્યાયની અનેકતા વગરનો છે, ગુણગુણી ભેદ વગરનો છે, રાગદ્વેષ વગરનો છે, એવું જ્ઞાન કરી સાચી શ્રદ્ધા કર.

અવસ્થા દ્રષ્ટિએ જોતા આત્મા ને દ્રવ્ય કર્મને એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. આત્માનો આકાર શરીરના આકારવાળો છે.—પર્યાયમાં અનેકપણું ઉત્પન્ન થાય છે. આત્મામાં દર્શન, જ્ઞાન વગેરે ગુણભેદો છે. આત્મામાં અવસ્થામાં રાગદ્વેષ થાય છે. અવસ્થાદ્રષ્ટિએ આવા ભેદો ભૂતાર્થ છે. અવસ્થાદ્રષ્ટિએ કોઈ કહે કે આવા ભેદો થતા જ નથી તો તેણે સાચો વહેવાર માન્યો નથી. પણ આવો વહેવારે જેમ છે તેમ સ્વતંત્ર સમજે ને પરાધીન ન સમજે તો વહેવારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સાચો સમજ્યો કહેવાય. આવો અવસ્થામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ખરો પણ શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો આવો ભેદ અગર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વભાવમાં છે જ નહિ કારણ કે તે ભેદો અભૂતાર્થ છે. જેટલો કાળ આત્મા રહે તેટલા કાળ તે ભેદો રહેતા નથી. તેથી તે ભેદો અભૂતાર્થ છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તરફ અંતરનું વીર્ય વળતા અભૂતાર્થ ભાવો છૂટી જાય છે.

(૧) અબદ્ધસ્પૃષ્ટના બોલમાં જડ કર્મથી જુદો તે દ્રવ્યથી જુદો બતાવ્યો;

(૨) અનન્યના બોલમાં શરીરના આકારથી જુદો ને ક્ષેત્રથી જુદો બતાવ્યો;

(૩) નિયતના બોલમાં પર્યાયની અનેકતાથી જુદો તે કાળથી જુદો બતાવ્યો;

(૪) અવિશેષના બોલમાં ગુણગુણી ભેદથી જુદો તે ભાવથી જુદો બતાવ્યો;

(૫) અણસંયુક્તના બોલમાં રાગદ્વેષથી જુદો તે વિભાવથી જુદો બતાવ્યો;

આમાં પહેલો બોલ અબદ્ધસ્પૃષ્ટનું સ્પષ્ટીકરણ (દ્રવ્યથી જુદો) દ્રષ્ટાંતથી સમજાવે છે :–

જેમ પાણીમાં રહેલું કમળ પાણીથી સ્પર્શાએલું દેખાય છે. પાણી તરફથી જોવામાં આવે તો કમળ પાણીમાં ડુબેલું છે પણ કમળના સ્વભાવથી જોવામાં આવે તો કમળ પાણીને અડ્યું જ નથી, સ્પર્શ્યું જ નથી. કમળના રૂંવાટા એવા હોય છે કે તે પાણીથી અલિપ્ત જ રહે છે, તેવી રીતે આત્માની અવસ્થામાં અનાદિકાળથી આત્મા ને જડકર્મનો એકક્ષેત્રાવગાહ સંબંધ છે તે વહેવાર નયથી

બરાબર છે. પણ શુદ્ધ સ્વભાવથી જોવામાં આવે તો શુદ્ધ સ્વભાવમાં જડ કર્મ કદી પેઠા નથી.

જેમ નાળીએરની અંદર સફેદ ટોપરાનો ગોળો બહારના છીલકા વિગેરેથી તદ્દન જુદો છે, તેમ આ ચૈતન્ય જ્ઞાન ગોળો કર્મ વિગેરેથી તદ્દન જુદો છે.

અજ્ઞાનભાવે જીવ માને છે કે જ્ઞાનાવરણીય કર્મ મને જ્ઞાન કરવા દેતું નથી, મોહનીયકકર્મ હેરાન કરે છે. નિદ્ધત અને નિકાચિત કર્મ ભોગવવા પડે છે તેને આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ તારા શુદ્ધ સ્વભાવને જડ કર્મો કદી સ્પર્શ્યાં જ નથી. તારો સ્વભાવ કર્મ બંધરહિત છે માટે કર્મ કોઈ દિવસ હેરાન કરે નહિ એવી જીવ સાચી શ્રદ્ધા કરે તો આત્માની અનુભૂતિ થાય એમ છે.

*

# પ્રસાદ નં. ૧૮

(ભાદરવા વદ ૬, સોમવાર, તા. ૨-૧૦-૫૦)

## સમયસાર ગાથા ૧૪ ઉપરના પ્રવચનમાંથી.

## આ ગાથામાં શુદ્ધનયનું સ્વરૂપ કહે છે.

આત્મા છતો પદાર્થ હોવા છતાં પોતાની રુચિ છોડીને કર્મ ને સંયોગ ઉપર દ્રષ્ટિ કરે ને વર્તમાન પુરતો પોતાને માને તે મિથ્યાભાવ છે. આત્મવસ્તુ પદાર્થ છે પણ તેને કર્મના સંયોગથી ઓળખાવવો—અનેક આકારવાળો ઓળખાવવો તે લજ્જાસ્પદ છે ને દુઃખનું કારણ છે. શુદ્ધનય અવસ્થાને સ્વીકારતો નથી. શુદ્ધનય તો શુદ્ધ સ્વભાવ એકરૂપને જ સ્વીકારે છે.

**આત્મા અબદ્ધ છે :**—આત્માની અવસ્થામાં અનાદિથી પર સંગ કર્મનો એક ક્ષેત્રાવગાહ સંબંધ વ્યવહારનયથી થયો છે. પણ વસ્તુ સ્વરૂપથી જોવામાં આવે તો આત્મા કર્મથી કદી પણ બંધાએલો નથી. જીવે જ્ઞાનાવરણીય—મોહનીય વગેરે કર્મો બાંધ્યા તે કથન વ્યવહારનું છે. શુદ્ધ સ્વભાવમાં કર્મ બંધ છે જ નહિ.

**આત્મા અસ્પૃષ્ટ છે :**—આત્મા કર્મને કદી સ્પર્શ્યો જ નથી. સંસાર દશામાં કર્મનું આવવું જવુ થાય છે ને એક ક્ષેત્રાવગાહ રહે છે. પણ શુદ્ધ સ્વભાવથી જોવામાં આવે તો કર્મ આત્માને સ્પર્શ્યા જ નથી. સ્વભાવમાં કર્મ પેસી જાય તો સ્વભાવ ને કર્મ એક થઈ જાય પણ એમ કદી બની શકે નહિ. માટે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે.

**આત્મા અનન્ય છે :**—સંસાર દશામાં જીવ ને નાના મોટા શરીરનો સંયોગ થતા પોતાની વ્યંજન પર્યાયની લાયકાતના કારણે આત્માના આકાર નાના મોટા થાય છે. તપેલામાં પાણી નાખવામાં આવે તો પાણી તપેલાના આકારે દેખાય ને પાણી લોટામાં નાખવામાં આવે તો પાણી લોટાના આકારે દેખાય પણ પાણીનો તે પરમાર્થ આકાર નથી. તેવી રીતે દેવ, નારકી, મનુષ્યપણે અવતરતા આત્માના આકારો નાના મોટા છે, પણ તે આકારો સ્વભાવદ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મામાં છે જ નહિ માટે આત્મા અનન્ય છે.

**આત્મા નિયત છે :**—સંસાર દશામાં અવસ્થાદ્રષ્ટિએ ગુણની અવસ્થામાં હીન અધિક થવું બને છે. ઘડીમાં જ્ઞાન ઘટી જવું, ઘડીમાં વધી જવું, એવા હીનાધિક ભેદો સમય સમયની અવસ્થામાં થયા કરે છે પણ સ્વભાવદ્રષ્ટિથી

જોવામાં આવે તો એવા ભેદો શુદ્ધસ્વભાવમાં નથી સ્વભાવ તો નિસ્તરંગ એક રૂપ છે.

**આત્મા અવિશેષ છે :—**વ્યવહાર દ્રષ્ટિથી જોવામાં આવે તો આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય એવા ગુણ ભેદ છે. જેમ સાકરના ગાંગડામાં મીઠાશ, વજન, ધોળાશ એવા જુદા જુદા ગુણો ભેદથી જોવામાં આવે તો છે પણ અભેદ સાકરનો અનુભવ કરતાં એવા ભેદ જોવામાં આવતા નથી; તેમ આત્મામાં ભેદ દ્રષ્ટિએ જોતાં જ્ઞાન, ચારિત્ર, દર્શન વગેરે ગુણ ભેદો છે ને દરેક ગુણો જુદા જુદા છે પણ શુદ્ધસ્વભાવથી જોવામાં આવે તો સ્વભાવમાં એવા ગુણભેદ નથી. સ્વભાવ તો ગુણનો ગાંગડો સામાન્ય એકરૂપ છે, તેથી આત્મા અવિશેષ છે.

**આત્મા અસંયુક્ત છે :—**સંસાર દશામાં જ્યાં સુધી અજ્ઞાનદશા હતી ત્યાં સુધી આકુળતા થતી હતી પણ જીવ જ્યારે ઉપરના ચારે બોલથી, કર્મથી ભિન્ન પરના નિમિત્તે થતા આકાર વગરનો, પર્યાયની અનેકતા વગરનો, ગુણ ગુણી ભેદ વગરનો, શુદ્ધ સ્વભાવ સ્વીકાર્યો એટલે તે આકુળતા વગરનો એટલે અનાકુળ શાંત થઈ ગયો. જ્યાં સુધી દ્રષ્ટિ પર્યાય ને ભેદ ભંગ ઉપર હતી ત્યાંસુધી આકુળતા થતી હતી ને દ્રષ્ટિ અખંડ ઉપર અભેદ થઈ ત્યાં અનાકુળતા પ્રગટ થઈ છે તેથી આત્મા અસંયુક્ત છે.

આવા અખંડ આત્માની અનુભૂતિ તે જ આત્મા છે. બીજા જીવને અહીં આત્મા કહ્યો જ નથી. જે પર્યાયે અખંડ શુદ્ધદ્રવ્ય તરફ દ્રષ્ટિ કરી ને દ્રવ્ય સાથે અભેદ થઈ તે જ અનુભૂતિ છે ને તે જ આત્મા છે, એમ અહીં કહ્યું છે.

જીવ કર્મ બંધરહિત છે, શરીરના નિમિત્તે થતા જુદા જુદા આકાર-રહિત છે. પર્યાયમાં થતા હીનાધિકપણા રહિત છે. ગુણ ગુણી ભેદરહિત છે. તથા આકુળતા રહિત છે. એમ પાંચે પ્રકારે જેમ છે તેમ આત્માને રાગ સહિત જાણવો તે હજી પુણ્ય બંધનું કારણ છે, તે પુણ્ય જીવ કહેવામાં આવે છે. તે જીવને પણ અહીં આત્મા કહ્યો નથી, પણ જે આવી વ્યવહારૂ શ્રદ્ધા બરાબર કરે છે ને પછી વિકલ્પનો અભાવ કરી શુદ્ધઆત્માની અનુભૂતિ કરે છે તે જીવને જ આ ગાથામાં આત્મા કહ્યો છે.

આ જગતમાં અનંતા જીવો છે, પુદ્‌ગલ દ્રવ્યો છે. જીવનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે. વર્તમાન અવસ્થામાં પોતાના કારણે રાગદ્વેષ છે. રાગદ્વેષનું નિમિત્ત પામીને જડકર્મનો એક ક્ષેત્રાવગાહ સંબંધ અવસ્થામાં જીવને હોય છે. આવી રીતે યથાયોગ્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બરાબર સમજે ને શુદ્ધ સ્વભાવનું ઉપરના પાંચે ભાવોથી બરાબર જ્ઞાન કરે તે જીવ હજી સમ્યગ્દર્શનના આંગણે આવ્યો કહેવાય. તે

હજી પુણ્ય બંધનું કારણ છે. પણ જે જીવ આવી વ્યવહાર શ્રદ્ધામાં પણ ભૂલ કરે છે તે તો મોક્ષમાર્ગથી ઘણો દૂર છે ને તેને પાત્ર જીવમાં ગણવામાં આવેલ નથી.

વળી શિષ્યની પાત્રતા કેટલી છે તે પણ આ ગાથાના ભાવમાંથી નીકળે છે. શિષ્યે દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી ઓળખાણ કરી છે. સ્વરૂપ સમજવાને તત્પર થયો છે. નિર્ગ્રંથ દિગમ્બર મુનિઓ જંગલમાં વસે છે. આહારનો વિકલ્પ આવે ત્યારે એક વખત ગામમાં જાય છે. તે મુનિઓ ઘડીમાં એક જગ્યાએ ને ઘડીમાં બીજી જગ્યાએ વિહાર કરતા હોય છે, તેમનું કોઈ નિશ્ચિત સ્થાન હોતું નથી. તેવા મુનિની શોધમાં પાત્ર શિષ્ય જાય છે ને મુનિઓના સત્સમાગમ માટે તલસે છે. ને તે માટે ગમે તેટલો વખત જાય તો પણ દરકાર કરતો નથી એટલે કે સત્સમાગમ માટે ઘણો વખત લ્યે છે.

વળી કુટુંબ, મકાન, દુકાન છોડી વખતનો ભોગ આપી, મુનિના સત્સમાગમ માટે તલસે છે. તેમ જ વસ્તુ સ્વરૂપ સમજવા માટે વખતની મુદત મારતો નથી. દુકાને જવાનો વખત થઈ ગયો હોય, જમવાનો વખત થઈ ગયો હોય, તો તેવા વખત કે મુદતને સંભારતો નથી ને સંસારના કામના વખતની દરકાર મૂકી દીધી છે. આવો વૈરાગ્યવાળો શિષ્ય સ્વરૂપ સમજવાને માટે મુનિઓની પાછળ પાછળ જાય છે ને સમાધાન માટે પૂછે છે. હે ગુરુ, આપે કહ્યો તેવા આત્માનો અનુભવ કેમ થઈ શકે? આમ આત્માની અનુભૂતિ માટેની ઝંખનાવાળો શિષ્ય અહીં લીધો છે. ટીકામાં શિષ્યે કરેલો પ્રશ્ન શિષ્યની આવી લાયકાત હોય તેમ બતાવે છે.

શિષ્યે પણ જીવનો શુદ્ધસ્વભાવ તથા અવસ્થાના ભેદો જેમ છે તેમ વિકલ્પ દ્વારા બરાબર જાણ્યા છે તથા ઉપરના પાંચે બોલ ખ્યાલમાં લીધા છે. તેવા શિષ્યને શ્રી ગુરુ સમાધાનરૂપે જવાબ આપે છે ‘‘કર્મને લક્ષે થતા ભાવો તે ક્ષણિક છે, અશુદ્ધ છે. પરના લક્ષે ઉત્પન્ન કરેલા વિકાર કાયમ રહે તેવી ચીજ નથી. જ્યાં સુધી જીવની પર્યાય બુદ્ધિ છે ત્યાં સુધી તે ટકેલા છે પણ સ્વભાવ બુદ્ધિ થતા એ ભાવો ટકે એમ નથી. શુદ્ધદ્રષ્ટિમાં સંસાર અભૂતાર્થ છે માટે જે શુદ્ધસ્વભાવ ત્રિકાળી એકરૂપ છે તેના ઉપર દ્રષ્ટિ કર તો આત્માની અનુભૂતિ થાય એમ છે.’’

*

# પ્રસાદ નં. ૧૯
# સમયસાર ગાથા ૧૪ ઉપરના પ્રવચનમાંથી.

(ભાદરવા વદ ૭, મંગળવાર, તા. ૩-૧૦-૫૦)

આ ગાથામાં પાત્ર શિષ્ય પૂછે છે કે આત્માનો અનુભવ શી રીતે થઈ શકે? તે શિષ્યે એટલું તો ખ્યાલમાં લીધું છે કે આ આત્મા છે તે કાયમ રહેનારો પદાર્થ છે, પોતાનો સ્વભાવ ચૂકીને અવસ્થાના લક્ષે વિકાર કરે છે, વિકાર કરે છે ત્યારે પર પદાર્થ નિમિત્ત છે. વિકારી અવસ્થામાં આત્માના જુદા જુદા આકાર થાય છે તેમ જ આત્મામાં ગુણભેદ છે ને અવસ્થામાં વર્તમાન આકુળતા છે. આટલું વ્યવહાર જ્ઞાન જેમ છે તેમ યાદ રાખ્યું છે તે શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે કે વર્તમાન જે જ્ઞાન, શ્રદ્ધા, વીર્ય પર તરફ વળે છે તે સ્વ તરફ કેમ વળે? વર્તમાન પર તરફ વળતાં જે દુઃખ થાય છે તે સ્વ તરફ વળતા સુખ કેમ થાય? આત્મામાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ વગેરે અનેક શક્તિઓ માની છે ને તે શક્તિઓ પોતાનાં કારણે પરમાં અટકી છે, એમ માન્યું છે, તે શક્તિનું વલણ સ્વ તરફ કેમ થાય?

–એવા શિષ્યને શ્રી ગુરુ સમાધાન કરે છે :–

વર્તમાન રાગ દ્વેષ દેખાય છે તે ખારી જમીનમાં થતા ઉપલા ખાર જેવા ભાવ છે, ખારી જમીન ઉપર પવન આવતા ઉપલા ખારના પોપડા ઉડી જાય છે ને નકોર જમીન રહી જાય છે. તેમ આત્મ સ્વભાવ તરફ દ્રષ્ટિ કરતાં વિકારી ભાવો ઉડી જાય છે. અભૂતાર્થ છે, એટલે કાયમ રહેનારા પદાર્થ નથી. રાગ, દ્વેષ, કૃત્રિમ ઉપાધિ ભાવો છે ને આત્મા શાશ્વત, નિત્ય, ઉપાધિ રહિત છે.

હવે અબદ્ધસ્પૃષ્ટનો બોલ દ્રષ્ટાંતથી સમજાવે છે.

જેમ કમળનું પત્ર પાણીમાં ડૂબેલું છે તે ડૂબેલી દ્રષ્ટિથી જોવામાં આવે તો કમળને પાણીનો સંયોગ છે ખરો. કમળનું પત્ર પોતે ડૂબેલું છે, તેને પાણીએ ડૂબાડ્યું નથી. પોતે પોતાની યોગ્યતાથી ડૂબેલું છે, તે વ્યવહારે સાચું છે, પણ કમળ પત્રના સ્વભાવ તરફથી જોવામાં આવે તો કમળના રૂંવાટાનો સ્વભાવ કોરો ને લુખો છે, તે પાણીને અડતો જ નથી. ક્યારે? કમળને બહાર લઈ લઈએ ત્યારે? ના. જ્યારે કમળ પાણીમાં ડૂબેલું છે ત્યારે જ. કમળનો સ્વભાવ પાણીને અડવા રૂપ જ નથી. અહીં કમળના સ્વભાવ સમીપ જઈને અનુભવ કરવાનું કહ્યું એટલે બહાર ક્યાંય જવાનું નથી પણ જ્ઞાનમાં તેનો સ્વભાવ ખ્યાલમાં લેવાનો છે. તેનો ખ્યાલ કર્યો એટલે જ્ઞાન સમીપ ગયું કહેવાય. એ ઉપરથી સિદ્ધાંત :–

અનાદિ કાળની બંધ અવસ્થામાં આત્મા પોતે કર્મ તરફની દ્રષ્ટિ કરીને બંધાએલો છે. કર્મોએ બંધ કરાવ્યો નથી.

(૧) જડ કર્મ બંધનું કારણ હોય એમ માનવામાં આવે તો કર્મ માર્ગ આપે તો મુક્તિ થાય પણ તે વાત ખોટી છે, કારણ બન્ને દ્રવ્ય જુદા છે.

(૨) કર્મના લક્ષે અવસ્થામાં બંધ જ નથી, એમ માનવામાં આવે તો વર્તમાન પ્રગટ આનંદનો અનુભવ અવસ્થામાં હોવો જોઈએ પણ વર્તમાન પ્રત્યક્ષ આકુળતા દેખાય છે માટે વર્તમાનમાં બંધ છે, એમ નક્કી થાય છે.

(૩) વર્તમાન વિકાર પોતાનો ત્રિકાળી આત્મસ્વભાવ છે, એમ માનવામાં આવે તો આત્મસ્વભાવ રાગ રૂપ થઈ જાય, તો જીવ અવિકારી થઈ શકે નહિ, સદાય સંસારી રહે. ઘણા જીવો મુક્ત પામ્યા છે એ બતાવે છે કે સ્વભાવના લક્ષે સંસાર દશાનો અભાવ થઈને મોક્ષ થઈ શકે છે માટે સ્વભાવ ત્રિકાળ રાગરહિત છે.

શુદ્ધ આત્મસ્વભાવ કાયમ ઉપાધિરહિત છે ને રાગ દ્વેષ તે વિકાર છે, ક્ષણિક, છે, કૃત્રિમ છે, ઉપાધિ છે, તે ભાવો આત્મસ્વભાવના લક્ષે ટળી શકે છે, ને આનંદનો અનુભવ થઈ શકે એમ છે. આ પ્રથમ ધર્મ એટલે સમ્યગ્દર્શનની વાત છે.

અવસ્થાદ્રષ્ટિએ જોવામાં આવે તો વર્તમાન અવસ્થામાં કર્મના લક્ષે પોતાની યોગ્યતાના કારણે જીવ બંધાએલો છે, ત્યારે નિમિત્ત જડ કર્મ—સંયોગી પદાર્થ—એક ક્ષેત્રાવગાહ રૂપે હોય છે. જીવની અવસ્થામાં પોતાના કારણે વિકારની યોગ્યતા તે નૈમિત્તિક ને જડ કર્મ તે નિમિત્ત છે. આવું બદ્ધસ્પૃષ્ટપણું એટલે કે પોતાની યોગ્યતાના કારણે થયેલી વિકારી અવસ્થાને અને જડકર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધપણું અવસ્થામાં છે, તે વ્યવહારે સત્ય છે, ભૂતાર્થ છે. આમ પર્યાયનું સાચું જ્ઞાન કરી તે વ્યવહારનો નિષેધ કરી આત્મસ્વભાવ તરફ રૂચિ કરે તો તે વ્યવહાર નિષેધ કરવાને માટે લાયક કહેવાય.

અહીં પરમાર્થ સ્વભાવમાં પહોંચતા પહેલા ક્યા પ્રકારનો વ્યવહાર નિષેધ કરવાને લાયક છે તેનું જ્ઞાન કરાવ્યું છે ને તે વ્યવહારનો અભાવ કરી પરમાર્થને એટલે આત્મસ્વભાવને પમાય છે એમ નિશ્ચય ને વ્યવહારનું યથાયોગ્ય જ્ઞાન કરાવ્યું છે.

(૧) આ ગાથામાં બે નય કહ્યાં છે. એક વ્યવહારનય, તે બદ્ધસ્પૃષ્ટવાળી અવસ્થાનું, એટલે કે વર્તમાન અવસ્થામાં જડ કર્મનું તથા વિકારનું ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન કરાવે છે, તે પરમાર્થે નિષેધવા યોગ્ય છે.

(૨) બીજો નિશ્ચય નય, તે ત્રિકાળી શુદ્ધસ્વભાવ જેમાં કર્મ, વિકાર, અગર નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ છે, એવા અબદ્ધસ્પૃષ્ટ આત્માનું જ્ઞાન કરાવે છે ને તે આદરણીય છે.

આત્મસ્વભાવ તરફ જોતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે એટલે ખોટું છે. આત્મા જ્ઞાતા દ્રષ્ટા, સ્વભાવે શાશ્વત, નિત્ય પદાર્થ છે. તે સ્વભાવ પુદ્‌ગલોથી કદી પણ સ્પર્શાવા યોગ્ય નથી. જડ કર્મ તો આત્માને કદી સ્પર્શ્યા નથી, પણ જડ કર્મના નિમિત્તે ઉત્પન્ન થતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ આત્માને કદી સ્પર્શ્યો જ નથી. કર્મ તરફના વલણવાળી બુદ્ધિ આત્મામાં પરમાર્થે છે જ નહિ.

આવા શુદ્ધસ્વભાવની પ્રતીતિ ક્યારે થઈ શકે? મોક્ષમાં ગયા પછી? ના. મોક્ષ થયા પછી તો કાંઈ કરવાનું રહેતું નથી. જેમ કમળ પાણીના સંયોગમાં હોવા છતાં તે જ વખતે તેનો સ્વભાવ પાણીથી અલિપ્ત જ રહેવાનો છે, તેમ વર્તમાન પર્યાયમાં વિકાર ને વિકારનું નિમિત્ત જડ કર્મ હોવા છતાં પણ વર્તમાનમાં તે ઉપરથી દ્રષ્ટિ ફેરવીને શુદ્ધ સ્વભાવની સમીપ દ્રષ્ટિ કરતાં આત્મામાં આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉત્પન્ન થતો જ નથી. તેથી આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે.

તપશ્ચર્યા-વ્રત-ભક્તિ-દાન-પૂજા કરવાથી કર્મ મોળા પડે—મંદ પડે–તો ધર્મ થાય એ વાત તો અહીં લીધી જ નથી. સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છે પણ પર્યાયમાં રાગ છે. નિમિત્તપણે કર્મ છે. જ્ઞાન ને આનંદ પોતાના કારણે વિકારમાં અટકેલા છે. તે અટકેલી વિકારી દશા પલ્ટન પામીને અવિકારી થઈ શકે છે. વિકાર ટળ્યા પછી જીવ કાયમ રહે છે, ને તેનો અનુભવ થઈ શકે છે. એવી રાગમિશ્રિત પર્યાય પણ હજી પર્યાયબુદ્ધિ છે. અંશબુદ્ધિ છે, તે પુણ્યબંધનું કારણ છે, તે ધર્મ નથી પણ તે તરફનું લક્ષ ફેરવી આત્મસ્વભાવની રૂચિ થતાં પર્યાયબુદ્ધિ ટળી જાય છે ને સમ્યગ્દર્શન- જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે છે, તે ધર્મ છે.

વર્તમાન પર્યાયમાં વિકાર ને જડ કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ને તેને ટાળું એવા બે ભેદ પણ સ્વભાવમાં પડતા નથી. સ્વભાવ દ્રષ્ટિ કરતાં કર્મની સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉત્પન્ન જ થતો નથી એટલે કે પર્યાયબુદ્ધિ સ્હેજે નાશ પામે છે. આ ગાથામાં "પુદ્‌ગલથી જરાય નહીં સ્પર્શાવા યોગ્ય એવો આત્મસ્વભાવ" એમ જે કહ્યું છે તેનો અર્થ એમ છે કે આત્મા જડ કર્મથી તો સ્પર્શાવા યોગ્ય તો નથી જ પણ જડ કર્મના લક્ષે પોતાની પર્યાયમાં થતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી પણ જરા પણ સ્પર્શાવાયોગ્ય નથી એવો આત્મસ્વભાવ છે. તેવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં એટલે ઉપર કહ્યો તેવા અબદ્ધસ્પૃષ્ટ સ્વભાવ તરફ જ્ઞાનને વાળતા બૃદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે એટલે કે કર્મથી બંધાવાપણું ને કર્મના નિમિત્તે પોતાના પર્યાયનું યોગ્યતાપણું—અભૂતાર્થ એટલે ખોટા છે, અસત્યાર્થ છે.

આ બદ્ધસ્પૃષ્ટના બોલમાં કર્મ, ને કર્મના લક્ષે પર્યાયમાં થતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ કેવી રીતે કરવો તે સમજાવ્યું છે એટલે સંયોગી પર્યાયદ્રષ્ટિ ઉડાડી છે ને દ્રવ્યદ્રષ્ટિ કરાવી છે. માટે દ્રવ્યદ્રષ્ટિ કરીને આત્મા કર્મ બંધ રહિત છે એવા સાચા જ્ઞાન ને શ્રદ્ધા કરવા, એ આ પહેલા બોલનો સાર છે.

# પ્રસાદ નં. ૨૦

## સમયસાર ગાથા ૧૪ ઉપરના પ્રવચનમાંથી.

## અસ્ખલિત અને નિત્ય—વ્યવસ્થિત આત્મસ્વભાવ.

(ભાદરવા વદ ૮, બુધવાર, બપોરે)

આજે ચૌદમી ગાથામાં બીજો બોલ ''અનન્ય''થી આત્મસ્વભાવ સમજાવે છે. પાંચે બોલમાં એક જ આત્મસ્વભાવ બતાવવાનો છે પણ જુદી જુદી રીતે. ગઈ કાલે 'અબદ્ધસ્પૃષ્ટ'ના બોલમાં દ્રવ્યથી જુદો બતાવ્યો, આજે ક્ષેત્રથી જુદો બતાવે છે.

અનન્ય એટલે અન્ય નહિ, અનેરાપણું નહિ. સંસારદશામાં નરક, દેવ વગેરે ગતિમાં પરિભ્રમણ કરતા જુદા જુદા આકારના શરીરનો સંબંધ આત્માને થાય છે. શરીરનો આકાર તે તો આત્માનો આકાર નથી પણ પોતાની યોગ્યતાના કારણે થતા આત્માના જુદા જુદા આકારો (વ્યંજનપર્યાય) તે પણ આત્માનો ખરો સ્વભાવ નથી. આત્મા તો અસંખ્ય પ્રદેશી એકરૂપ આકારવાળો છે, એટલે કે અનન્ય છે. તે દ્રષ્ટાંતથી સમજાવે છે :–

માટીમાંથી ઘડો, ઢાંકણું, ઝારી વગેરે બનેલા જોવામાં આવે છે તે જુદા જુદા વાસણની આકૃતિ જોતાં તે આકૃતિઓ જુદી જુદી છે. ઢાંકણીનો આકાર તે ઝારીનો નથી ને ઝારીનો આકાર તે ઘડાનો નથી. એટલે જુદી જુદી આકૃતિઓ ઉપર નજર કરતાં તે આકારો બરાબર છે. પણ માટીના સ્વભાવથી જોવામા આવે તો માટીનો સ્વભાવ ઘડારૂપ થયો નથી. જો માટી સર્વથા ઘડારૂપ થઈ ગઈ હોય તો ઘડો બદલી તેની બીજી અવસ્થા થાત નહિ, પણ બીજી અવસ્થા થતી જોવામાં આવે છે. એ ઉપરથી નક્કી થાય છે કે માટીનો સ્વભાવ નાશ ન થાય તેવો છે. માટીની અવસ્થાનું જ્ઞાન તે અંશનું જ્ઞાન છે ને માટીનું જ્ઞાન તે અંશીનું જ્ઞાન છે. જેટલો કાળ માટીનો સ્વભાવ રહે તેટલો કાળ તેના પર્યાયો, બરણી, ઘડો વગેરે રહેતા નથી. માટી કાયમ રહે છે ને બરણી બદલીને નાશ પામે છે. તે ઉપરથી સિદ્ધાંત :–

સંસાર દશામાં પોતાની યોગ્યતાના કારણે નારકી, તિર્યંચ, દેવ, મનુષ્યના જુદા જુદા ભવ ધારણ કરતા આત્માના જુદા જુદા આકારો થાય છે, જુદા વ્યંજન પર્યાય થાય છે.

જે જીવ માંસ ખાય, દારૂ પીએ, શિકાર કરે વગેરે ઘણા તીવ્ર પાપ કરે તે નારકી થાય છે. આત્મા અનાદિનો છે તેમાં આવા તીવ્ર પાપ કરી ઘણી વાર

નારકી થયો છે. સાતમી નરકમાં ૫૦૦ ધનુષ્ય દેહ પ્રમાણ ને પહેલી નરકમાં ૭।। ધનુષ્ય દેહ પ્રમાણ નાના મોટા આકાર ધારણ કર્યા છે.

જે જીવ તત્ત્વજ્ઞાનનો તીવ્ર વિરોધ કરે છે તે જીવ બટાટા સકરકંદમાં જન્મે છે. ત્યાં એક શરીરમાં અનંત આત્મા રહે છે, તેથી સૂક્ષ્મ શરીર પ્રમાણે આત્માનો આકાર સૂક્ષ્મ થાય છે.

જે જીવ માયા, કપટ કરે છે તે તિર્યંચ ગતિમાં ઢોર વગેરે થાય છે. તેમાં ઇયળ, કીડી, પતંગીયા, બળદ વગેરેના અવતાર ધારણ કરતાં તે તે રૂપ આત્માના આકાર થાય છે.

જે જીવ મધ્યમ પરિણામ કરે છે તે મનુષ્યગતિ પામે છે. તેમાં કોઈ દુબળા, જાડા, શરીર એવા નાના, મોટા તથા બાળક, જુવાન, વૃદ્ધ અગર સ્ત્રીના શરીર પ્રમાણ આત્માના આકાર હોય છે.

જે જીવ ઉંચા શુભભાવ કરે છે તે દેવગતિ પામે છે. ત્યાં પણ નાના મોટા દેવના શરીર પ્રમાણ આત્માના આકાર હોય છે. આમ જીવે અનેરા અનેરા આકાર અનંતકાળથી ધારણ કર્યા છે.

જે જીવ વ્યવહારે આવી ચાર ગતિને સ્વીકારતો નથી ને બધા થઈને એક જ આત્મા છે ને બીજું બધું ભ્રમ છે, એમ માનનાર મોટી ભૂલમાં છે.

વળી શરીર નાનું મોટું મળ્યું અથવા શરીરનું કોઈ અંગ કપાઈ ગયું તેથી આત્માનો આકાર બદલાયો. તથા બાળકમાંથી યુવાન થતાં શરીરનો આકાર બદલાતાં આત્માનો આકાર બદલાયો, તે માન્યતા મિથ્યા છે.

જે જીવો વીંછી, સર્પ વગેરેના આકારો જોઈ દ્વેષ કરે, સાચો દુશ્મન લાકડી લઈને મારવા આવતો હોય તો તેનો આકાર જોઈ દ્વેષ કરે, વિકરાળ સિંહનો આકાર જોઈ દ્વેષ કરે ને તીર્થંકરના પરમ ઔદારિક શરીરનો આકાર જોઈ રાગ કરે તે બધા સામા જીવના શરીરના આકારથી રાગદ્વેષ થાય છે એમ માનનાર સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે.

અહીં ભગવાનના સુંદર શરીરના આકાર સાથે એકત્વબુદ્ધિ કરીને જે રાગ કરે છે તે સ્થૂળ ભૂલમાં છે તો પછી સંસારમાં સુંદર શરીરના આકારને જોઈને રાગ કરનાર પાપી મિથ્યાદ્રષ્ટિ છે. તેની તો અહીં વાત જ નથી.

આત્માના જુદા જુદા આકાર થાય તે જીવનું કાયમી સ્વરૂપ છે. વ્યંજનપર્યાય જેટલો જ જીવ છે. આકાર તે સુંદર છે, એમ અંશને અંશી માનવો તથા અંશ સાથે એકત્વબુદ્ધિ કરવી તે મિથ્યાભાવ છે. પર્યાયદ્રષ્ટિએ આવા મિથ્યાત્વના ભાવ

અવસ્થામાં છે તેથી તે વ્યવહારે ભૂતાર્થ છે. પણ શુદ્ધ આત્મસ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો એવા અનેરા અનેરા આકાર જોવામાં આવતા નથી. આત્મસ્વભાવ એકરૂપ જ છે. એકરૂપ ક્યારે છે? વર્તમાનમાં જ છે. મનુષ્યાદિની વ્યંજનપર્યાય હોવા છતાં, આત્મસ્વભાવની દ્રષ્ટિથી જોતાં આત્મા અનેરારૂપે કદી થયો જ નથી. જો આખો આત્મા મનુષ્ય પર્યાયરૂપ થઈ ગયો હોય તો મનુષ્ય મટી કોઈ દેવ થઈ શકે જ નહિ. આખો આત્મા તે રૂપ થયો નથી. ગમે તે બહારની અવસ્થા મનુષ્ય-દેવની હોય તો પણ આત્મા તો એકરૂપ જ રહ્યો છે. તે અવસ્થારૂપ થયો નથી. આત્મા જેટલો કાળ રહે તેટલો કાળ તે અવસ્થાઓ રહેતી નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવો પર જીવોના સુંદર શરીરના આકારને કારણે તો રાગ કરતા નથી પણ પોતાના શરીરના આકારનો અગર પોતાના આત્માના આકારનો પણ આદર નથી. પોતાની નબળાઈને લીધે રાગદ્વેષ થાય તે અહીં ગૌણ છે પણ તે રાગદ્વેષનો આદર નથી. તેમની દ્રષ્ટિ એકરૂપ આત્મસ્વભાવ ઉપર જ છે.

જે બહારના મકાનના સુંદર આકાર તથા શરીરના સુંદર આકાર ઉપર અટકે છે તે આત્માના અનેરા આકાર ઉપર રોકાયેલ જ છે. પણ પર આકારો અને સ્વ—વ્યંજન પર્યાય એ પોતાનું સ્વરૂપ નથી ને તેમાં ઠીક અઠીક કરી રોકાવું તે પોતાનો સ્વભાવ નથી એમ અનેરાપણા ઉપરથી અને અનેરાપણાને લક્ષે થતી ઠીક અઠીક બુદ્ધિ ઉપરથી દ્રષ્ટિ ખેસવીને જે પોતાના અસ્ખલિત ચૈતન્યસ્વરૂપ એકરૂપ છે તેના ઉપર દ્રષ્ટિ કરે છે, તેને ધર્મ થાય છે.

નિશ્ચયનય અંશીની દ્રષ્ટિ કરાવે છે ને જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે જેથી જેવી જેની આકૃતિઓ હોય તેવી સ્હેજે જણાઈ જાય છે.

આ અનન્યના બોલમાં શરીરની આકૃતિ ઉપરની બુદ્ધિ તો નિષેધ કરવામાં આવી છે પણ આત્માની આકૃતિ જેટલી અંશબુદ્ધિ તથા અનેરા અનેરા આકારોના નિમિત્તે જીવ જે મિથ્યાબુદ્ધિ સ્વયં કરે છે તે મિથ્યાબુદ્ધિ પણ અહીં નિષેધવામાં આવી છે. ને એકરૂપ ચૈતન્યસ્વભાવની બુદ્ધિ કરાવી છે ને તે જ ધર્મ છે.

હવે ત્રીજો બોલ આત્મા "નિયત" છે.

આ બોલમાં અર્થપર્યાય જેટલો આત્મા નથી પણ નિયત એટલે વ્યવસ્થિત છે, એમ સમજાવે છે.

સંસારદશામાં ગુણોની અવસ્થામાં વધઘટ થાય છે. ઘડીમાં જ્ઞાન વધે છે ને ઘડીમાં જ્ઞાન ઘટે છે. વધઘટ દશા જેટલો આત્મા માનવો ને વધઘટ દશામાં

ઠીકાઠીક માન્યતા કરવી એ પર્યાયબુદ્ધિ છે. આત્મા હીનાધિક અવસ્થા જેટલો નથી પણ નિત્ય વ્યવસ્થિત છે, એ દ્રષ્ટાંતદ્વારા સમજાવે છે.

સમુદ્રમાં તરંગો ઉઠે છે. ભરતીઓટ થાય છે, હાનિવૃદ્ધિરૂપ થાય છે તે નાના મોટા તરંગોની દ્રષ્ટિએ તે વાત બરાબર છે, પણ સમુદ્રના મધ્યબિંદુથી જોવામાં આવે તો તે વ્યવસ્થિત છે. સમુદ્રના સ્વભાવમાં તરંગોનું ઓછાવત્તાપણું છે જ નહિ. સમુદ્ર એકરૂપ નિત્ય વ્યવસ્થિત છે. તેમ આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણોની અવસ્થા ઓછીવત્તી થાય છે.

(૧) એક જીવ નિગોદમાં છે ત્યાં તેના બધા ગુણો હીણી દશામાં છે, ત્યાંથી મનુષ્યપણું પામે છે ને જ્ઞાન-દર્શન-વીર્ય, ગુણોની શક્તિ વધે છે. મુનિપણું અંગીકાર કરી કેવળદશાને પામે છે. આમ બધા ગુણોની અવસ્થા વૃદ્ધિરૂપ થઈ.

(૨) એક જીવને પચીસ ભવ પહેલાનું યાદ છે, એકને બે કલાક પહેલાં શું કહ્યું તે યાદ નથી.

(૩) એક જીવને સ્વરૂપાચરણ ચારિત્ર છે, તે વધીને મુનિનું ચારિત્ર થાય છે ને પછી વીતરાગદશા થાય.

(૪) એક નવ પૂર્વ ભણેલ મિથ્યાદ્રષ્ટિ જીવ ક્રમે ક્રમે કરીને નિગોદની હીણી અવસ્થાને પામે છે.

(૫) ચાર જ્ઞાનના ધારક મુનિ દેવ થાય તો ચાર જ્ઞાનમાંથી ત્રણ જ્ઞાનવાળી અવસ્થાને પામે છે.

આવી વધઘટ અવસ્થાઓમાં થાય છે. વધારે ઉઘાડવાળી અવસ્થા સારી અને ઓછા ઉઘાડવાળી અવસ્થા સારી નહિ. એવા મિથ્યાભાવ પણ જીવની અવસ્થામાં થાય છે ને તે વ્યવહાર દ્રષ્ટિએ સાચા છે. વધારે ઉઘાડથી અભિમાન કરવું ને ઓછા ઉઘાડ તરફ દ્વેષ કરવો તેણે અંશથી લાભ નુકશાન માનેલ છે ને અંશને અંશી માન્યો છે. આવા મિથ્યાભાવ જીવ અવસ્થામાં કરે છે તે વ્યવહારથી ભૂતાર્થ છે—બરાબર છે. પણ વધઘટ રહિત નિત્યવ્યવસ્થિત સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરશે તો અલ્પ અવસ્થાનો નાશ થઈ કેવળદશા પ્રગટ થશે.

*

## પ્રસાદ નં.૨૧

## આત્મા નિયત છે, અવિશેષ છે.

(સ.ગા. ૧૪ના પ્રવચનમાંથી, ભાદરવા વદ ૯, બપોરે)

આત્મા નિયત છે અને પર્યાયમાં હીનાધિકપણું થવું તે અનિયત છે. સમુદ્રના દ્રષ્ટાંતે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને જ્ઞાન દર્શનની અવસ્થામાં હીનાધિકપણું હોય છે ને પોતાની નબળાઈના લીધે અવસ્થા તરફના લક્ષ જતાં વિકલ્પ ઉઠે છે પણ તેની દ્રષ્ટિપર્યાય ઉપર અગર વિકલ્પ ઉપર નથી. તેને પર્યાયની રુચિ નથી ને અંશજ્ઞાનનો મહિમા નથી.

અભેદની મુખ્યતામાં તેને ભેદની મુખ્યતા કદી પણ ભાસતી નથી. ધ્રુવસ્વભાવ નિત્ય વ્યવસ્થિત છે. તેના ઉપર જ દ્રષ્ટિ છે ને તેમાં એકાગ્ર થતાં વિકલ્પ ને ઓછી પર્યાયનો અભાવ થાય છે ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

એક જીવ અનાદિથી નિગોદમાં છે, તેની પર્યાય ઘણી હીણી છે માટે તેના ધ્રુવસ્વભાવમાં વધારો થયો હોય એમ નથી, ને એક સિદ્ધ થયો હોય—ઘણા કાળથી સિદ્ધ દશા પ્રગટ હોય માટે તેના ધ્રુવસ્વભાવમાં ઘટાડો થયો હોય એમ નથી. સિદ્ધ ને નિગોદના જીવના ત્રિકાળી ધ્રુવ આત્મસ્વભાવ નિત્ય વ્યવસ્થિત છે, તેમાં કાંઈ પણ વધઘટ નથી. આવા ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન કરવા તે જ ધર્મ છે.

આ "નિયત"ના બોલમાં અર્થપર્યાયોનું હીનાધિકપણું તથા હીનાધિકપણામાં ઠીકાઠીકની માન્યતા કરવી એ આત્મસ્વભાવ નથી, એમ સમજાવ્યુ છે. પર્યાયદ્રષ્ટિ નિષેધવામાં આવી છે ને આત્મા નિયત વ્યવસ્થિત છે, એમ દ્રવ્યદ્રષ્ટિ કરાવી છે.

## આત્મા અવિશેષ છે.

આત્મામાં ગુણભેદથી જોવામાં આવે તો દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદો છે પણ અભેદદ્રષ્ટિથી જોવામાં આવે તો એવા ભેદ નથી. તે દ્રષ્ટાંતથી સમજાવે છે :–

સોનામાં પીળાશ, ચીકાશ, ભારેપણું એવા ભેદથી વિચાર કરતાં ગુણભેદ છે. પીળાશ વગેરે ગુણ અંશને બતાવે છે. અંશદ્રષ્ટિએ તે ભેદો બરાબર છે પણ સોનાના આખા લાટા તરફ જોતાં ગુણભેદ જોવામાં આવતાં નથી.

જે જીવ (૧) આત્મામાં અનંતગુણો જ માનતા નથી. (૨) આત્મામાં એક જ ગુણ માને છે. (૩) આત્મામાં એક ગુણ બીજા ગુણનું કાર્ય કરે છે, એમ માને છે.

તે જીવનો તો વ્યવહાર પણ સાચો નથી. તેની તો વાત અહીં લીધી નથી. પણ દરેક જીવમાં આવા અનંત સ્વતંત્ર ગુણો માન્યા છે અને ગુણભેદમાં રોકાયેલ છે તેવા પર્યાયદ્રષ્ટિવાળા જીવની વાત કહે છે.

આત્મા જ્ઞાન છે, આત્મા દર્શન છે, એમ કહેતાં આત્મામાં ભેદ પડે છે ને રાગ ઉઠે છે. એક ગુણને ખ્યાલમાં લેતાં આખો ગુણી આત્મા ખ્યાલમાં આવતો નથી. દર્શન, જ્ઞાન, વીર્ય એમ ક્રમે ક્રમે વિચાર કરતાં આત્માના અંશનો ખ્યાલ આવે છે ને ક્રમ પડે છે. આત્મા વસ્તુ તો અક્રમ ને અંશી આખી છે એટલે એક ગુણને લક્ષમાં લેતાં અનંત ગુણનો પિંડ એવા ગુણી આત્માનો અનાદર થાય છે. એકાંત ગુણભેદની દ્રષ્ટિએ વિચાર કરતાં આવા ભેદો પડે છે ને તેથી લાભ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. દ્રવ્ય તે સામાન્ય ને ગુણ તે વિશેષ એવા ભેદના પરિણામ અવસ્થામાં થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને સાધકદશામાં ગુણગુણી ભેદના વિચાર આવે છે. જુદા જુદા ગુણોથી આત્માને વિશેષ સમજવા વિચારો ને ભેદ આવે છે ખરા, પણ તે જીવની દ્રષ્ટિ ગુણભેદ ઉપર નથી તેમ જ તેને લીધે અસ્થિરતાના વિકલ્પો ઉપર દ્રષ્ટિ નથી. દ્રષ્ટિ તો અખંડ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસ્વરૂપ એકરૂપ છે તેના ઉપર જ મુખ્યપણે હોય છે. પોતાની નબળાઈને લીધે શુભરાગ થાય તેના ઉપર દ્રષ્ટિ નથી. આ બોલમાં ગુણ જેટલો ગુણી માનવાની અંશબુદ્ધિ તથા ગુણભેદમાં લાભ માનીને ઉત્પન્ન થતી મિથ્યાબુદ્ધિ નિષેધવામાં આવી છે. આત્મા ગુણોનો ભંડાર અભેદ છે, એવી દ્રવ્યદ્રષ્ટિ કરાવી છે.

*

## પ્રસાદ નં.૨૨
## સમયસાર ગાથા ૧૪ ના પ્રવચનમાંથી.
## એકાંત બોધબીજરૂપ આત્મસ્વભાવ.

(ભાદરવા વદ ૧૦, શુક્રવાર, બપોરે)

આ ગાથામાં પાંચમો બોલ "આત્મા અણસંયુક્ત છે" તે કહેવાય છે. અવસ્થા દ્રષ્ટિએ જોવામાં આવે તો મિથ્યાત્વ, રાગદ્વેષ આદિ વિભાવ આત્મામાં છે, પણ સ્વભાવદ્રષ્ટિએ જોવામાં આવે તો આત્મા વિભાવરહિત છે. તેનો દ્રષ્ટાંત :---

ગરમ પાણી જોતાં ખ્યાલમાં આવે છે કે જેને અગ્નિનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે પાણીનું જોડાણ છે. અગ્નિ તે બાહ્ય સંયોગ છે ને ઉષ્ણતા તે આભ્યંતર સંયોગ છે. તે પાણીનો સ્વભાવ નથી. શીતળતામાં ઉષ્ણતાનું જોડાણ છે. અવસ્થા તરફ જોતાં આવું સંયુક્તપણું છે પણ પાણીના શીતળ સ્વભાવથી જોવામાં આવે તો ઉષ્ણતા તે પાણીનું ખરું સ્વરૂપ નથી. પાણી ઠરતાં ઉષ્ણતા નીકળી જાય છે, તે પ્રત્યક્ષ છે માટે શીતળસ્વભાવની અપેક્ષાએ તે અભૂતાર્થ છે.

તેમ આત્મામાં પુણ્યથી લાભ થાય, નિમિત્તથી લાભ થાય, પોતાના શુભરાગથી જીવ બચે, વ્રત, પૂજાદિના ભાવ એ પોતાનું સ્વરૂપ છે. એવી ભ્રમણાના ભાવ તે મિથ્યામોહના ભાવ છે. પોતાના શીતળ સ્વભાવને ચૂકીને આત્મા આવા મિથ્યા મોહના ભાવથી સળગી રહ્યો છે. તેને સંસાર ગળે વળગ્યો છે. આવા ભાવ જીવ પોતાની ભ્રમણાથી અવસ્થામાં કરે છે ત્યારે દ્રવ્યકર્મ નિમિત્ત છે. આ વ્યવહારમાં નીચેની કબુલાતો આવે છે :–

(૧) આ જગતમાં આત્મા ચૈતન્ય પદાર્થ છે એમ નક્કી થાય છે તેથી આત્મા નહિ માનનારની માન્યતાનો નિષેધ થયો.

(૨) વર્તમાન અવસ્થામાં મિથ્યા મોહ, રાગદ્વેષ છે તે પોતાની યોગ્યતાથી થયા છે. તેથી રાગદ્વેષને સસલાના શીંગડાની જેમ તુચ્છ અભાવ માનવાવાળાની માન્યતાનો નિષેધ થાય છે.

(3) આવા સંયુક્ત ભાવ કોઈ નિમિત્તે અથવા કર્મે કરાવ્યા નથી તેથી કર્મ રાગદ્વેષ કરાવે છે, એવી માન્યતાનો નિષેધ થાય છે.

(૪) આવા સંયુક્ત ભાવ જીવ અવસ્થામાં કરે છે ત્યારે દ્રવ્યકર્મ નિમિત્ત રૂપે હોય છે. આથી દ્રવ્યકર્મને નિમિત્તરૂપે નહિ માનવાવાળાની માન્યતાનો નિષેધ થાય છે.

(૫) આવા મોહના સંયુક્ત ભાવ છે તે જોડાણભાવ છે ને ત્રિકાળી સ્વભાવ નથી તેથી રાગ એ જ ત્રિકાળી આત્મસ્વભાવ છે, એવી માન્યતાનો નિષેધ થાય છે.

આવી રીતે પર્યાયદ્રષ્ટિએ જોવામાં આવે તો મિથ્યાત્વ, રાગદ્વેષ, આત્મા સાથે આભ્યંતર સંયોગરૂપે છે, તે વાત બરાબર છે પણ સ્વભાવદ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાંત સમ્યગ્જ્ઞાન પ્રગટવાની લાયકાતવાળો જ છે. તેના સ્વભાવ તરફ વળતાં મિથ્યાત્વ, રાગદ્વેષ ઉત્પન્ન જ થતા નથી એટલે કે તે અભૂતાર્થ છે, ખોટાં છે. સંયુક્તપણું ટાળું એટલે મિથ્યાત્વાદિ વિભાવો ટાળું એ લક્ષે વિભાવો ટળતા નથી. પણ ધ્રુવ સ્વભાવના લક્ષે તે ઉત્પન્ન જ થતા નથી.

અહીં અવ્રત, પ્રમાદ, કષાય યોગની સાથે સંયુક્તપણું કહ્યું નથી, માત્ર મોહ સાથે સંયુક્તપણું કહ્યું છે કારણ કે શુદ્ધસ્વભાવની દ્રષ્ટિ થતાં મોહની સાથે સંયુક્તપણું છૂટી જાય છે. ચારિત્રમોહ તથા યોગની અશુદ્ધતા જે રહે છે તે જ્યારે પર્યાયનું જ્ઞાન કરાવવું હોય ત્યારે બતાવવામાં આવે છે. અહીં તો એકલો દ્રષ્ટિનો વિષય જ લીધો છે માટે મોહનું સંયુક્તપણું ટળતાં એટલે કે દ્રવ્યદ્રષ્ટિ થતાં મોહ ટળી જાય છે ને ધર્મ થાય છે, એમ કહ્યું છે.

સમ્યગ્જ્ઞાન થયા પછી પણ સાધકદશામાં સ્વભાવની વૃદ્ધિ જ થાય છે. અલ્પ રાગદ્વેષ થાય તે જ્ઞાન કરવા માટે છે. સાધકદશામાં એક સમયમાં સ્વભાવ ને રાગ બંને સરખા ઉભા થાય એવું વસ્તુસ્વરૂપ નથી. સ્વભાવની વૃદ્ધિ વિશેષપણે છે ને રાગ તો ગૌણ છે. આવા આત્માની સાચી સમજણ વગરના સુગંધી દશમી વ્રત, પુષ્પાંજલી વ્રત, ષોડશ કારણ ભાવના ધર્મ માટે નિરર્થક છે. મંદ કષાય હોય તો પુણ્યબંધ થાય, પણ ધર્મ ન થાય.

આ અણસંયુક્તના બોલમાં મોહ એ સંયોગીભાવ છે. એને પોતાનો ભાવ માનવો તે પર્યાયદ્રષ્ટિ છે ને તે નિષેધવામાં આવી છે માટે પોતાનો ત્રિકાળી સ્વભાવ મોહ (મિથ્યાત્વ)થી રહિત છે, એવી દ્રવ્યદ્રષ્ટિ કરવી.

આત્મામાં બદ્ધસ્પૃષ્ટાદિ પાંચ ભાવો એ કાયમી ટકે તેવા નથી, આત્મામાંથી નીકળી શકે તેવા છે, અભૂતાર્થ છે. માટે આત્મસ્વભાવ અબદ્ધસ્પૃષ્ટાદિ છે, તેની શ્રદ્ધા કરતાં આત્માનો અનુભવ થઈ શકે એમ છે, તે અનુભવ તે જ ધર્મ ને શાંતિ છે.

આ બદ્ધસ્પૃષ્ટાદિ પાંચે ભાવરૂપ—અવસ્થારૂપ આત્મા પોતે થાય છે ને પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક ભાવરૂપે પોતે થાય છે. દ્રવ્ય પોતે જ પર્યાયમાં અશુદ્ધરૂપે પરિણમી રહ્યો છે. માટે અશુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય કહ્યો છે ને વર્તમાન પૂરતો છે માટે વ્યવહાર કહ્યો છે. કર્મના લીધે અશુદ્ધતા થઈ એમ કોઈ જીવ ઉંધી માન્યતા ન કરે પણ જીવ પોતે પર્યાયમાં અશુદ્ધતા કરે છે એમ બતાવવા અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ નયનો વિષય કહ્યો છે.

*

# પ્રસાદ નં.૨૪

## સમયસાર ગાથા ૧૪નો ભાવાર્થ, પા. ૩૪, પ્રવચનમાંથી.

(ભાદરવા વદ ૧૧, શનિવાર, તા. ૭-૧૦-૫૦ બપોરે)

આ બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવો અશુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય છે. કારણ કે તે પાચે ભાવો પોતાની અવસ્થામાં થાય છે તે અપેક્ષાએ બરાબર છે, પણ આ નય શુદ્ધ આત્માને ગ્રહણ કરતો નથી. ત્રિકાળ સ્વભાવ જાણ્યા વગર આત્માને યથાર્થ રીતે જાણી શકાય નહિ. પરસંબંધની દ્રષ્ટિથી આખી વસ્તુ ગ્રહણ થતી નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણ કટકા વસ્તુમાં નથી. વસ્તુ તો દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ અખંડ વસ્તુ છે તે અખંડને ખ્યાલમાં લેવો જોઈએ. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પ્રતિપક્ષી શુદ્ધ દ્રવ્યાર્થિકનયને ગ્રહણ કરવો જોઈએ કે જે નય ચૈતન્ય નિર્મળ અખંડ પવિત્ર અસાધારણ આત્માને જ્ઞાનમાં લ્યે છે, તે શુદ્ધનય એકરૂપ આત્માને, અંતર એકતાને શોધે છે અને વ્યવહારનય ભંગ ભેદ નિમિત્ત અને વિકારને શોધે છે. શુદ્ધનયથી પાંચે ભાવોથી ભિન્ન જોવામાં આવે છે જેથી પર્યાયમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો થતા હતા તે અભૂતાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્વાદથી નક્કી થાય છે. સ્યાદ્વાદ એટલે કોઈ અપેક્ષાએ વસ્તુના સ્વરૂપને કહેવાની પદ્ધતિ. આત્મામાં પણ અનંત ધર્મો છે. તેના કેટલાક ધર્મો સ્વાભાવિક છે અને કેટલાક કર્મના નિમિત્તે થાય છે. અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વચ્છત્વ, વિભુત્વ તે ત્રિકાળી ટકી રહ્યાં છે માટે સ્વાભાવિક ધર્મો છે. અને કેટલાક ધર્મો = મિથ્યાત્વ, રાગદ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, ખાવાપીવાના ભાવ વગેરે ભાવો પર્યાયમાં કર્મના નિમિત્તે થાય છે. અહીં ધર્મનો અર્થ શાંતિ એમ ન લેવો પણ આત્માએ પર્યાયમાં વિકારને ધાર્યો માટે ધર્મ, એમ સમજવું.

અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. ત્રિકાળી સ્વરૂપને બતાવે તે શુદ્ધનય છે. તે શ્રુતપ્રમાણનો અંશ છે. શ્રુતપ્રમાણ તે આત્માના જ્ઞાન ગુણની અવસ્થા છે. શ્રુતજ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશ, આકાર વગેરેને પ્રત્યક્ષ દેખાડતું નથી, પરોક્ષ જણાવે છે તેથી આ નય પણ આત્માને પરોક્ષ દેખાડે છે. શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય ચૈતન્યશક્તિ, જ્ઞાયક માત્ર આત્મા છે. તે શક્તિને આ નય પરોક્ષ દેખાડે છે, પણ તેની પ્રગટ અવસ્થા મતિશ્રુતાદિની હોય છે. તે જ્ઞાન કથંચિત અનુભવ ગોચર છે. સર્વથા અનુભવગોચર હોય તો કેવળજ્ઞાન થઈ જાય પણ કથંચિત્ છે. જેમ આંધળો માણસ સાકરના આકારને, રંગને જોઈ શકતો નથી પણ સાકરના સ્વાદનો અનુભવ, દેખતાના જેવો કરી શકે છે તેમ નીચલી દશામાં મતિશ્રુતજ્ઞાની આત્માના અસંખ્યપ્રદેશ વિગેરેને પ્રત્યક્ષ જોઈ શકતો નથી પણ આત્મા શાંત અનાકૂળ છે, ચૈતન્યસ્વરૂપ છે, એવો પ્રત્યક્ષ અનુભવ જરૂર કરે

છે. તેથી મતિ શ્રુતજ્ઞાન કથંચિત્ પ્રત્યક્ષ કહેવાય છે. તેથી છદ્મસ્થ જીવને કેવળજ્ઞાન પ્રત્યક્ષ નથી તોપણ શુદ્ધ દ્રવ્યાર્થિક નય આત્માના કેવળજ્ઞાનને પરોક્ષ જણાવે છે. માટે જ્યાં સુધી શુદ્ધ દ્રવ્યાર્થિક નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના જ્ઞાન, શ્રદ્ધાન સાચા થતા નથી તેથી આચાર્ય ભગવાને પોતામાં શુદ્ધનય પ્રગટ કરી ઉપદેશ કર્યો છે કે બદ્ધસ્પૃષ્ટાદિ પાંચ ભાવથી રહિત, પોતાના શુદ્ધ, ચૈતન્ય, આત્માને જાણવો, શ્રદ્ધવો. પર્યાયબુદ્ધિ રાખવી નહિ. સંયોગી દ્રષ્ટિ છોડવી.

*

# પ્રસાદ નં.૨૫
## (સ.ગા. ૧૪ના ભાવાર્થના પ્રવચનમાંથી.)

(ભાદરવા વદ ૧૨)

અહીં શ્રીગુરુએ શુદ્ધનયને પ્રગટ કરી એવો ઉપદેશ આપ્યો છે કે આત્મા પૂર્ણ જ્ઞાનઘન છે, તેમ પ્રથમ જાણીને શ્રદ્ધા કરવી અને પર્યાયબુદ્ધિ છોડવી. રાગદ્વેષ, ઓછી અવસ્થાની દ્રષ્ટિ છોડવી, તે જ શરૂઆતનો ધર્મ છે.

પ્રશ્ન :–એવો શુદ્ધ આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને દેખ્યા વગર શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.

ઉત્તર :–દેખેલાનું જ શ્રદ્ધાન કરવું તે નાસ્તિક મત છે. બાપદાદાની પેઢી પ્રત્યક્ષ ન હોવા છતાં પોતે હયાત છે, તે ઉપરથી અનુમાન જ્ઞાનવડે પિતા તથા દાદા હોવાનો વિશ્વાસ કરે છે. શરીરની રુચિવાળો જીવ મોઢામાં અનાજ નાંખે છે, તે ગળામાં ન અટકતાં ઉતરી જશે એમ પ્રત્યક્ષ જોયા વગર અને પેટમાં પણ જે પચાવ થાય છે તે પ્રત્યક્ષ જોયા વગર, ઘણી વખત ગળે ઉતરી જતા અને પચી જતાં અનુમાનથી જાણેલ હોવાથી વિશ્વાસ કરે છે. શરીર ટકાવવાની રુચિવાળો આવો નિઃશંક વિશ્વાસ કરે છે. પુત્રને પોતાની માતાનો વિશ્વાસ છે તેથી તેનો બાપ કોણ છે, તેનું મા જે કથન કરે છે તે પ્રત્યક્ષ નહિ દેખાવા છતાં પણ માને છે કે મારી માતા કહે છે તે જ સત્ય છે. એમ ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિ—પ્રવચનમાતા—આગમ પ્રમાણ એમ કહે છે "તારો આત્મા પરિપૂર્ણ, જ્ઞાતાદ્રષ્ટા છે" તે આત્માની રુચિવાળો જીવ વિના દેખ્યે અનુમાનથી જાણીને શ્રદ્ધાન કરે છે.

જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રમાણ માનવામાં આવ્યા છે અને બંને પ્રકારનું જ્ઞાન કરાવી એક શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટા એવા આત્માનું શ્રદ્ધાન કરાવે છે. આગમ પ્રમાણ પરોક્ષ છે અને તેનો શુદ્ધનય ભેદ છે. આ શુદ્ધનયની દ્રષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન થાય છે. માત્ર વ્યવહાર પ્રત્યક્ષનો પક્ષ કરવો નહિ એટલે સંયોગીબુદ્ધિ રહેવું નહિ, કારણ કે શુદ્ધનય વગર એટલે આત્માનો શુદ્ધસ્વભાવ જાણ્યા વગર પરિપૂર્ણ જ્ઞાતાની સાચી શ્રદ્ધા થઈ શકતી નથી.

હવે આ શુદ્ધ નયને મુખ્ય કરીને શ્લોક કહે છે.

### શ્લોક ૧૧ મો......

"અહો ! જગતના પ્રાણીઓ, આ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો." અહીં આચાર્યદેવે જગતના બધા પ્રાણીઓ—જીવો ને એક સાથે—ભેદ રાખ્યા વગર સાગમટે નોતરું આપ્યું છે. કોઈ બિમાર હોય ને કોઈને સોગ હોય તેવા ન આવી શકે, તેને જુદા તારવ્યા નથી. કારણ કે પોતે પુરુષાર્થની ઉગ્રતામાં—શુદ્ધ ચૈતન્ય, જાણનાર, દેખનાર, ભગવાન આત્મા. અનંત સુખનો ધણી છે તેવા—આત્મામાં શ્રદ્ધા

અને લીનતાપૂર્વક અનુભવનું વેદન કરી રહ્યા છે. તેથી જગતના સર્વ જીવોને તેવો અનુભવ કરવાનું આમંત્રણ કરે છે.

બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, હીનાધિક અવસ્થા, ગુણગુણીના ભેદો અને રાગદ્વેષાદિ ભાવો સ્વભાવના ઉપર તરે છે એટલે પ્રત્યક્ષ તે બધા ભાવો સ્વભાવમાં એકમેક થતા નથી, ઉપરને ઉપર રહે છે. એ પર્યાયમાં છે ખરા, પરંતુ આત્મા જ્ઞાતા એકરૂપ છે તેમાં કદી પ્રવેશ કરી શકતા નથી. તે ભાવો આત્માના સ્વભાવને કદી સ્પર્શ્યા જ નથી. તેને આત્માનો આધાર મળતો નથી. કેમ કે દ્રવ્યસ્વભાવ નિત્ય છે, એકરૂપ છે અને આ પર્યાયો અનિત્ય, અનેકરૂપ છે તેથી સ્વભાવમાં કદી પ્રવેશ કરી શકતા નથી, ઉપર જ રહે છે.

આ ધ્રુવસ્વભાવ હંમેશા બધી અવસ્થામાં એકરૂપ જ પ્રકાશી રહ્યો છે. આવો અનાદિનિધન પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનસ્વભાવનો હે જીવો ! ભ્રાંતિરહિત, પરમાં સુખની કલ્પના છોડી, અંતરમાં ઉત્સાહ લાવી, નિઃશંક થઈ, સ્વમાં સાવધાન થઈને અનુભવ કરો. કારણ કે જ્યાંસુધી મોહથી ઉત્પન્ન થયેલો મિથ્યાત્વભાવ, અજ્ઞાન, પરમાં સાવધાનપણું છે ત્યાંસુધી આવા શુદ્ધ આત્માના સ્વભાવનો અનુભવ થતો નથી.

શુદ્ધનયના વિષયભૂત એક શુદ્ધ આનંદઘન પરિપૂર્ણ સ્વભાવનો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ જણાય છે, પ્રત્યક્ષ અનુભવમાં-વેદનમાં આવે છે.

*

# પ્રસાદ નં.૨૬

## આત્મધર્મનો એક જ પ્રકાર.

(સમયસાર કળશ ૧૨ના પ્રવચનમાંથી. ભાદરવા વદ ૧૩, સોમવાર)

સમ્યગ્દ્રષ્ટિ જીવ—સુબુદ્ધિવાળો જીવ તેને કહેવાય કે જે આ આત્માને ત્રણે કાળના કર્મોના સંબંધથી જલદી જુદો કરીને પોતાને અનુભવે છે. ત્રણેકાળના કર્મો એટલે ખરેખર કર્મોનો સંબંધ તો આત્માને છે જ નહિ. આત્મા શુદ્ધ જ્ઞાયક, ચૈતન્ય, શાંતરસ, એકરૂપ જ છે. પણ શરીરાદિ અને કર્મનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ નથી. કર્મનું નિમિત્ત તો પર્યાયમાં છે, તેનો નકાર કરતાં, સ્વભાવ તરફ ઢળતાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ને કર્મોનો સંબંધ થતો જ નથી, તેને જુદો કર્યો એમ કહેવામાં આવે છે. કારણ કે બંધન અને સંબંધના લક્ષે કાંઈ બંધન છૂટતું નથી. કર્મના સંબંધ તરફ લક્ષ કરતાં બંધન થાય છે. જ્ઞાની સ્વભાવમાં, નિમિત્ત–નૈમિત્તિક સંબંધ, કર્મના સંબંધને માનતો નથી, તેને જુદો કર્યો—એમ કહેવામાં આવે છે. જીવ કર્મ તરફ લક્ષ કરે તો બંધન થાય છે અને કર્મથી લાભ નુકશાન માને તો મિથ્યાત્વભાવ ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને સ્વભાવની રુચિ છૂટીને કર્મ તરફની રુચિ ઉત્પન્ન થતી જ નથી, તેથી તેણે શીઘ્ર આત્માથી કર્મના બંધને જુદો પાડ્યો કહેવાય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને, કર્મના ઉદયના નિમિત્તથી થતા અજ્ઞાન, મિથ્યાત્વ આદિ ભાવો, પોતાના ધ્રુવ, ચૈતન્ય જ્ઞાતાસ્વભાવમાં પુરુષાર્થપૂર્વક ઢળતા ઉત્પન્ન થતા નથી. તેને “મિથ્યાત્વને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને *** અભ્યાસ કરે છે.”–એમ કહેવામાં આવે છે–ઉપદેશમાં આવે છે. મિથ્યાત્વભાવના લક્ષે તે ભાવ ટળતો નથી. જે ભાવ વર્તમાન પર્યાયમાં પ્રગટ થયો છે તેને રોકવો શું? અને જે ભાવની ઉત્પત્તિ નથી એટલે અભાવ વર્તે છે, તેનો નાશ કરવો શું? એટલે ખરેખર સમ્યગ્દ્રષ્ટિ જીવ અજ્ઞાનભાવનો નાશ કરતો નથી પણ પોતાના સ્વભાવના આશ્રયે તે ભાવો તરફના વલણની ઉત્પત્તિ થતી નથી, તેણે મિથ્યાત્વભાવને રોક્યો અગર તો નાશ કર્યો તેમ કહેવાય છે.

આત્માનું માહાત્મ્ય અને મોટપ જ્યારે અંતરંગમાં અનુભવ કરે અને દેખે એટલે કે જ્ઞાન શ્રદ્ધા કરે—ત્યારે થાય. તે મોટપ એવી છે કે અંતરંગથી પ્રગટ થાય તેમ છે. બાહ્યથી એટલે ઇન્દ્રિયથી, નિમિત્તથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી કે ગુણગુણીભેદના વિકલ્પથી જણાતી નથી. બહિરંગ ક્રિયાથી કે મંદ કષાયથી પણ આત્માની મોટપ

અનુભવમાં આવતી નથી. ભગવાન આત્માની મોટપ તો એક નિર્વિકલ્પ આનંદ, વીતરાગભાવથી અંતરંગમાં શોધવાથી જણાય છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ, પ્રગટ—વ્યક્ત અનુભવમાં આવે એવો છે. ચાર ગતિના ભ્રમણરહિત, નિશ્ચલ, શાશ્વત, દ્રવ્યરૂપ છતો પદાર્થ અને ત્રિકાળ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મના કલંક—મેલથી રહિત છે. પોતે શાશ્વત વિરાજમાન દેવ છે તે જ સ્તુતિ કરવા યોગ્ય છે, એટલે સમ્યગ્દ્રષ્ટિનો આત્મા પોતે જ પોતાને સાક્ષાત્ ભગવાન વંદન, સ્તવન કરવા યોગ્ય છે. અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ જીવ બાહ્યમાં ભગવાન આત્માને શોધે છે એટલે ધર્મ બાહ્યની ક્રિયાથી ને રાગથી માને છે અને આત્માનો અનુભવ પણ બાહ્યની ક્રિયાથી થાય તેમ માને છે, પણ ભગવાન આત્મા અવિનાશી, ચૈતન્ય અંતરંગમાં બિરાજી રહ્યો છે તેને તે દેખતો નથી તેથી અજ્ઞાની છે, મિથ્યાદ્રષ્ટિ છે, તેને આત્માનો અનુભવ થતો નથી.

હવે આગળની ગાથામાં, આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો તે બન્ને એક જ છે એટલે ગુણ ગુણીના ભેદ પાડ્યા વગર અભેદ દ્રષ્ટિથી કહેશે, તે શ્લોક ૧૩ માં કહે છે.

શુદ્ધ નય સ્વરૂપ જે આત્માની અનુભૂતિ છે તે ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે કારણ કે જ્ઞાની કોઈ વખત પણ પોતાના નિત્ય, અખંડ આત્માની રુચિ છોડીને, પોતાના આત્માના અનુભૂતિથી રહિત થઈને, ગમે તેવાં સંજોગોમાં તથા વિકલ્પોમાં પણ એકરૂપ થઈને રુચિ કરતો નથી અને તેની સાથે રહેલું જ્ઞાન પણ સ્વભાવ છોડતું નથી, તેનું નામ જ આત્માનો અનુભવ છે. આત્મામાં ગુણગુણી ભેદ છે જ નહિ, તેથી આત્માનો અનુભવ તે જ્ઞાનનો જ અનુભવ છે, તેથી આત્માને આત્મામાં નિશ્ચળ સ્થાપીને હંમેશા એક જ્ઞાનઘન આત્મા છે, તેને જ દેખવો, તે એક જ આત્મધર્મ છે.

*

# પ્રસાદ નં.૨૭

## (સમયસાર કળશ-૧૩) (સમયસાર ગાથા ૧૫)

(ભાદરવા વદ ૧૪)

આ આત્મા કર્મથી અને પરપદાર્થથી જુદો છે એમ જાણીને જ્ઞાનદર્શન—સ્વભાવવાનને સ્વભાવથી—જ્ઞાનથી નિશ્ચળ કરવો તે આત્માની અનુભૂતિ છે, તે જ જ્ઞાનની અનુભૂતિ છે. સદા એક જ્ઞાનઘન આત્માને સર્વ પ્રકારથી શ્રદ્ધવો, એટલે એ સિવાય અન્ય નિમિત્તાદિ બીજા કોઈ પ્રકારથી શ્રદ્ધવો નહિ, એમ એક આત્માને બધા પ્રકારથી નિત્ય શ્રદ્ધવો.

હવે ૧૫મી ગાથા કહે છે. ગાથા ૧૪માં સમ્યગ્દર્શનની મુખ્યતાથી કહ્યું હતું અને ગાથા ૧૫માં સમ્યગ્જ્ઞાનની મુખ્યતાથી કહે છે.

(૧) જે કોઈ આત્મા, આ આત્માને કર્મના સંબંધરહિત, બદ્ધસ્પૃષ્ટરહિત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે. કર્મ છે અને કર્મના સંબંધવાળો આત્મા છે તે જિનશાસન નથી. કારણ કે કર્મના સંબંધથી વિકાર ઉત્પન્ન થાય છે અને વિકાર તે જિનશાસન નથી. શાસ્ત્રમાં કર્મની અને કર્મના સંબંધની વાત આવે છે. તેમાં સંસારમાં રખડતો જીવ કેમ રખડે છે તે બતાવ્યું છે. પણ જેને સંસારથી છૂટવું હોય તેણે આત્માના ધ્રુવ સ્વભાવને કર્મના સંબંધ વગરનો માનવો, કારણ કે જિનશાસનથી જીવના સંસારની મુક્તિ થાય છે, તેને જ જૈન દર્શન કહેવાય છે.

આત્માને કર્મનો તથા કર્મના સંબંધનો સ્વીકાર કરવો અને આત્માપણે પણ સ્વીકાર કરવો તે તો એકાંત થયું, પણ આત્માને કર્મ અને કર્મનો સંબંધ નથી અને આત્મા આત્માપણે છે, એમ સ્વીકાર કરવો તે અનેકાંત છે.

ભગવાનની વાણી કે જે ચાર અનુયોગરૂપ છે તેમાં આત્મા કર્મના સંબંધથી રહિત છે, તેમ કહેવું છે. તેનો ભાવ પણ "કર્મના સંબંધરહિત છું" એમ બતાવે છે—એમ જે જીવ સમજે તે જૈનદર્શનને સમજ્યો છે, અગર તે જિનશાસન છે.

આત્માને શરીરાદિ બાહ્ય ક્રિયાવાળો અને પરનું કરી દેવાની ક્રિયાવાળો માનવો તે વાત તો ઘણી દૂર રહી, પણ કર્મના સંબંધવાળો આત્માને માને તે પણ જૈનદર્શન નથી અથવા તે જિનશાસનને જાણતો નથી.

(૨) આત્માને નરક, નિગોદના ભવના નિમિત્તે પોતાના પ્રદેશોમાં જે સંકોચ વિસ્તાર થાય છે તે જુદા જુદાપણું થાય છે. તેનાથી રહિત અસંખ્યાત પ્રદેશી એકરૂપ આત્મા છે–એવું શાસ્ત્રમાં કહ્યું છે અને એવો વાણીનો ભાવ છે—તેમ જે જીવ જાણે અને દેખે છે તે સકલ જિનશાસનને દેખે છે; અને જે જીવ એકરૂપ અસંખ્યાત

પ્રદેશી અખંડ આત્માને દેખતો નથી તે જૈનદર્શનને દેખતો નથી, તે પર્યાયબુદ્ધિવાળો જીવ શાસ્ત્રના સારને જાણતો નથી.

(૩) શાસ્ત્રકારે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોની અવસ્થા હીનાધિક—ઓછીવત્તી થાય છે, તેમ જણાવેલ છે. પણ શાસ્ત્રકારનો આશય તે પર્યાય જેટલો બતાવવાનો નથી. પણ ઓછી અને અધિક પર્યાય રહિત, એક નિત્ય—સ્થિર જ્ઞાનઘન સ્વભાવ બતાવવાનો છે અને તેવા સ્વભાવને જે જીવ જાણે છે તે જિનશાસનને દેખે છે એટલે કે તે ખરેખર દ્રવ્યશ્રુત તથા ભાવશ્રુતને સમજ્યો છે.

(૪) આત્મામાં અનંતગુણ છે : તે ગુણો દ્વારા ભેદ પાડીને શાસ્ત્રમાં જણાવ્યું છે. પણ શાસ્ત્ર તથા શાસ્ત્રનો ભાવ તથા આત્માનો અને ગુણનો ભેદ બતાવવાનો આશય નથી. પણ એક અભેદ જ્ઞાનાનંદ શુદ્ધ દ્રવ્યને બતાવવાનો હેતુ છે—તેમ જે જીવ સમજે છે તે જિનશાસન સમગ્ર દેખે છે.

(૫) આત્મામાં કર્મના નિમિત્તે, ક્રોધાદિ ભાવો પર્યાયમાં થાય છે તેમ શાસ્ત્ર, વાણી તથા તેનો ભાવ જણાવે છે, પણ ખરેખર દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત તે સંયોગી ભાવને બતાવતા નથી. પણ વ્રત, તપ આદિના વિકલ્પો જે પર્યાયમાં થાય છે તેનાથી રહિત નિવૃત્તસ્વરૂપ આત્માને બતાવે છે—એમ જે જીવ જાણે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે, એટલે કે ચૌદ પૂર્વ અને બાર અંગના પ્રયોજનભૂત જ્ઞાનને પહોંચી વળે છે.

ઉપર પ્રમાણે બદ્ધસ્પૃષ્ટાદિ પાંચ ભાવોથી રહિત એક શુદ્ધ જ્ઞાયકભાવ એવા સ્વભાવને જાણતો નથી તે જૈનદર્શનને માનતો નથી અને તે ધર્મી નથી. જિનશાસનમાં તો દેહાદિની બાહ્ય ક્રિયાથી લાભ થાય, તે વાત તો દૂર રહી પણ પર્યાયમાં પાંચ પ્રકારના ભેદો પડે છે, તેનાથી લાભ માને તો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, જૈનદર્શનને જાણતો નથી.

અષ્ટપાહુડમાં ભાવપાહુડની ગાથા ૮૩ માં જૈનદર્શન કોને કહેવું? તેમાં કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે : "લૌકિકજનો તથા અન્યમતિ એમ માને છે કે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ વગેરે જૈનદર્શન છે પરંતુ તે જૈનદર્શન નથી. કારણ કે જૈનદર્શન તો વીતરાગ ભાવ છે તે છે. વ્રત, તપાદિના ભાવો તો શુભભાવ છે, શુભભાવ તે વિકાર છે, રાગ છે. રાગ તે જૈનદર્શન નથી પરંતુ આત્માનો શુદ્ધસ્વભાવ જ્ઞાતા છે તેમ જાણી જેટલે અંશે સ્વભાવમાં શ્રદ્ધાપૂર્વક લીન થયો તે જ ખરેખર વીતરાગભાવ એટલે જૈનદર્શન—જિનશાસન છે."

જૈનદર્શન તો આત્માનો શુદ્ધ પર્યાય છે. તે ન માનતા પુણ્યના ભાવને જે જૈનદર્શન માને છે તે અરિહંતભગવાનને, તેની વાણીને, શાસ્ત્રાદિને માનતો નથી. તે જૈની નથી પણ અજૈન છે.

*

# પ્રસાદ નં.૨૮

## (સમયસાર ગાથા ૧૫ની ટીકાના પ્રવચનમાથી)

[ભાદરવા વદ ૩૦, બુધવાર]

આત્મા ધ્રુવસ્વભાવી, જ્ઞાતા, કાયમ રહેવાવાળો પદાર્થ છે અને પુણ્ય-પાપ તથા કર્મના સંબંધવાળા પાંચે ભાવો તે નિત્ય, કાયમ, ધારાવાહી નથી—એમ શુદ્ધ આત્માને જાણવો તે જ આત્માની અનુભૂતિ છે અને ખરેખર સમગ્ર જિનશાસનની અનુભૂતિ પણ તે જ છે. કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે, માટે જ્ઞાનનો અનુભવ તે જ આત્માનો અનુભવ છે.

હવે ત્યાં જ્યારે આત્મા સામાન્ય એટલે ધ્રુવ, એકરૂપ, જ્ઞાતા, સ્વભાવના લક્ષે વર્તમાન જ્ઞાનને પ્રગટ કરે અને વિશેષ એટલે જ્ઞેયાકારે પરિણમેલા જ્ઞાનને—રાગાદિમાં એકત્વ કરતા જ્ઞાનને ઉત્પન્ન થવા ન દે, ત્યારે જ્ઞાતા એવા જ્ઞાનસ્વભાવનો પ્રગટ અનુભવ થાય છે.

અહો જીવો ! “હું એક શુદ્ધ ચિદાનંદ જ્ઞાતાસ્વભાવી છું અને રાગરૂપે નથી” એવી આત્મધર્મની પદ્ધતિ અનાદિ અનંત છે.

વિકારના અંશની રુચિ છૂટીને સ્વભાવદ્રષ્ટિ થઈ, તે સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ—એટલે પ્રગટપણું અને રાગદ્વેષાદિમાં અટકતું જ્ઞાન. તેનો તિરોભાવ—એટલે ઢંકાઈ જવું. એટલે વર્તમાન અવસ્થામાં સ્વભાવદ્રષ્ટિએ વિકાર ઉત્પન્ન ન થયો તેને ઢાંકી દીધો એમ કહેવામાં આવે છે. આ જ આત્માને ખરેખર સુખી થવાનો ઉપાય છે અને એક જ રસ્તો છે.

જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે એટલે શરીરાદિની ક્રિયા હું કરું છું. પુણ્ય-પાપના ભાવો થાય તે પોતાના જ્ઞાનના જ્ઞેય છે છતાં તેમાં રુચિ કરે છે તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને પોતાના જ્ઞાનનો અનુભવ એટલે સ્વાદ આવતો નથી.

જેવી રીતે અનેક પ્રકારના શાકોના સંબંધથી પ્રગટ જે મીઠાનો અસલ સ્વભાવ તેનું અપ્રગટપણું અને ખાટા તીખાદિના સંબંધવાળું મીઠાના વિશેષભાવનું પ્રગટપણું તેનો સ્વાદ શાકના ગ્રદ્ધિને આવે છે એટલે તે મૂઢ જીવ ખાટા તીખા આદિ સ્વાદની લોલુપતામાં શાકથી જુદા એવા મીઠાના સ્વભાવને જુદો જાણી શકતો નથી.

તેવી રીતે અજ્ઞાની મૂઢ જીવ, રાગાદિ પુણ્ય-પાપનો ગ્રદ્ધિ જીવ, આત્મા એક જ્ઞાનનો ગાંગડો છે તેને જુદો પાડી શકતો નથી.

શાકનો લોલુપી માણસ મીઠાના સ્વાદની સાથે સંબંધવાળા શાકના તીખા, ખાટા આદિના સ્વાદોવાળા શાકને અનુભવે છે, મીઠાના સ્વાદને અનુભવતા નથી. તેવી રીતે અજ્ઞાની, જ્ઞાનની સાથે થતા રાગાદિ, પુણ્યપાપના સ્વાદને અનુભવે છે પણ આત્માના શુદ્ધસ્વભાવને અનુભવતો નથી.

પાણીનો શીતળ સ્વભાવ હોવા છતાં, વર્તમાન પર્યાયમાં ઉનું થયું છે. અજ્ઞાનીને તે વખતે શીતળ સ્વભાવ જણાતો નથી, કારણ કે વર્તમાન સ્પર્શ દ્વારા કે ચક્ષુ દ્વારા તે સ્વભાવ જણાતો નથી. ત્યાં સામાન્ય શીતળ સ્વભાવનો તિરોભાવ અને વિશેષ ઉષ્ણપણાનો આવિર્ભાવ -પ્રગટપણું-અજ્ઞાનીને અનુભવમાં આવે છે પણ જ્ઞાનથી નક્કી કરવામાં આવે તો પાણીના સામાન્ય શીતળ સ્વભાવનું પ્રગટપણું જોવામાં આવે છે. તેવી જ રીતે આત્મા એક જ્ઞાનદ્રષ્ટિથી જોવામાં આવે તો એકરૂપ શાંત શીતળસ્વભાવની પ્રગટતાને અનુભવે છે પણ કર્મના સંયોગ આદિ પાંચ ભાવને અનુભવતો નથી. તે જ સ્વભાવની અનુભૂતિ છે.

*

# પ્રસાદ નં.૨૯

## (સમયસાર ગાથા ૧૫ ટીકાના પ્રવચનમાંથી.)

(આસો સુદ ૧, ગુરુવાર, બપોરે)

ધર્મ તો જે સ્થિતિએ છે તે સ્થિતિએ સમજે તો થાય. લોકો બીજી રીતે માને તેથી કાંઈ ધર્મ થાય નહિ. આ જે રીતે કહીએ છીએ તે રીતે સમજે અને માને તો ધર્મ થયા વિના રહે નહિ.

૧૪ મી ગાથામાં આત્મા શુદ્ધ ચિદાનંદ કેવો છે તેની શ્રદ્ધા કરાવી હતી અને આ ૧૫ મી ગાથામાં આત્માની શ્રદ્ધા વખતે જ્ઞાન કેવું હોય છે, તે જણાવે છે. જ્યારે આત્મા પોતાના નિત્ય, ધ્રુવ સ્વભાવનું લક્ષ કરે છે તેને ભેદ ભંગ, નિમિત્ત, પુણ્ય પાપાદિ ભાવો તરફનું લક્ષ હોતું જ નથી, તે જ આત્માના ધર્મનો રસ્તો છે. જ્યારે સમજે ત્યારે આ જ સમજ્યે છૂટકો છે. કોઈને આ રસ્તો આકરો લાગે તેથી કાંઈ બીજે રસ્તે ધર્મ થાય તેમ નથી.

આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઘન છે. તેને દ્રષ્ટિમાં લેતાં વર્તમાન દયા, દાન, કામ, ક્રોધાદિની પર્યાય ગૌણ થઈ જાય છે. વાણી વાણીનું કામ કરે છે, શરીર શરીરનું કામ કરે છે, એવો જ્ઞાતાસ્વભાવ પ્રગટે તેને સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ એટલે પ્રગટપણું થાય છે અને શુદ્ધ જ્ઞાતા સ્વભાવને છોડીને પુણ્ય, પાપ તે હું અને પરની ક્રિયાથી મને લાભ થાય તેવી પર્યાયદ્રષ્ટિ—જ્ઞેયાકાર પરિણામ કરે છે તે જીવ રાગદ્વેષના પરિણામો જ્ઞાનના જ્ઞેય છે અને જ્ઞાનથી જુદા છે તેમ જાણતો નથી. તે મિથ્યાદ્રષ્ટિ જીવ અજ્ઞાન અને વિકારભાવને પ્રગટ કરે છે અને સામાન્ય—સ્વભાવના જ્ઞાનને ઢાંકી દે છે.

એકલો મીઠાનો ગાંગડો ભલે બીજાના સંબંધમાં આવવા છતાં એટલે શાકાદિના સંબંધમાં હોવા છતાં મીઠાના ખારપપણાને છોડતો નથી. છતાં શાકના લોલુપી જીવોને કારેલા કડવા, ટમેટા ખાટા, તેનો સ્વાદ આવે છે પણ ખારપના સ્વાદને જુદો પાડતા નથી. પરમાર્થે જોવામાં આવે તો ખટાશ, તીખાશ, કડવાશમાં પણ ખરેખર એક મીઠાની ખારપનો જ સ્વાદ આવે છે. જો મીઠું તેમાં પડેલું ન હોય તો એક પણ ચીજ સ્વાદવાળી લાગતી નથી, માત્ર ફીક્કી લાગે છે. પણ શાકના લોલુપી જીવો શાકના સ્વાદને અનુભવે છે પણ મીઠાના સ્વાદને અનુભવતા નથી. શાકના સંબંધમાં મીઠાની ખારપ શાક સાથે મળી ગઈ નથી. શાક તે શાક છે અને મીઠું તે મીઠું છે. મીઠાને સબરસ કહેવામાં આવે છે કારણ કે બધા રસમાં એક મુખ્યપણું મીઠાનું જ છે.

એવી રીતે અનેક પ્રકારના જ્ઞેયોના આકારોના મિશ્રરૂપપણાથી ઉપજેલ ભાવ સામાન્યનો તિરોભાવ કરે છે. જે આત્મા જુદા જુદા પ્રકારના—દયા, દાન, ક્રોધાદિભાવો વખતે જ્ઞાનસ્વભાવી આત્માને અંતર્-દ્રષ્ટિથી જોતો નથી તે સામાન્ય સ્વભાવની રુચિનો અભાવ કરે છે અને વિશેષનો આવિર્ભાવ કરે છે. વર્તમાન દયા, દાનાદિ પુણ્યના ભાવોની રુચિ કરે છે અને વ્યવહારની મુખ્યતાથી વર્તમાન પર્યાયમાં એકત્વબુદ્ધિનો અનુભવ કરે છે તે જીવને એક ચૈતન્ય જ્ઞાતાસ્વભાવ અનુભવમાં આવતો નથી. પણ જ્ઞેયલુબ્ધ જીવને—જ્ઞેય એવા પુણ્યપાપાદિ ભાવોમાં એકત્વબુદ્ધિ કરનારને—રાગનો અને વિકારનો સ્વાદ આવે છે પણ જ્ઞાનનો સ્વાદ આવતો નથી.

જેવી રીતે નાટકીયો નાટકમાં અનેક પ્રકારનાં—એક વખત રાજા, બીજી વખત રંક, એક વખત સ્ત્રી અને એક વખત પુરુષ–એવા સ્વાંગો ધરે છે તે સ્વાંગો નાટકિયાનું અસલ સ્વરૂપ નથી. નાટકીયો તે સ્વાંગ ધરતી વખતે પોતાને તો તે રૂપ માનતો નથી પરંતુ અજ્ઞાની મૂઢ જીવ—વર્તમાન પર્યાયમાં અનેક પ્રકારના વ્રત, તપ, દયા, દાન, પૂજાદિ ભાવોનો સ્વાંગ છે—તે રૂપ પોતે થઈ ગયો તેમ માને છે. પોતે જ્ઞાતાસ્વભાવી છે તેને ચૂકી જઈને દેવ-ગુરુ-શાસ્ત્ર જે જ્ઞાતાનું જ્ઞેય છે, પર દ્રવ્ય છે અને તેના તરફના ભાવો તે પણ વિકારી અને એક સમયનો સ્વાંગ છે—તે રૂપ એકત્વબુદ્ધિ ઉત્પન્ન કરે છે. પુણ્ય-પાપાદિ ભાવોના સંબંધથી રહિત એવો જે એક જ્ઞાનસ્વભાવી આત્મા છે તેના જ્ઞાનની પ્રાપ્તિથી જે અભેદ આત્માનો સ્વાદ આવવો જોઈએ તે સ્વાદ અજ્ઞાનીને આવતો નથી. વ્યવહારની મુખ્યતાના જ્ઞાનના અભાવથી ઉત્પન્ન થતા એકરૂપ અભેદ જ્ઞાનનો સ્વાદ તે અજ્ઞાનીને આવતો નથી.

વળી પરમાર્થથી વિચારીએ તો દયા, દાન, પુણ્ય-પાપાદિ ભાવોમાં પણ ખરેખર તેને જાણનાર એવા જ્ઞાનની જ મુખ્યતા છે. એટલે દરેક અવસ્થામાં એક જ્ઞાન જ જણાય છે. રાગ–દ્વેષના સંબંધવાળું જે જ્ઞાન છે તે જ્ઞાન સામાન્યના પ્રગટપણાનું છે તે સામાન્ય જ્ઞાન જ અનુભવમાં આવે છે.

રાગની પર્યાય વખતે જ્ઞાન ન હોય તો રાગને જાણે કોણ ? દયા, દાનની અવસ્થામાં પણ જ્ઞાનપર્યાયની મુખ્યતા છે, પણ અજ્ઞાનીને તે જ્ઞાન પર્યાયની મુખ્યતા ભાસતી નથી ને રાગની પર્યાય ભાસે છે.

પૂજાના ભાવ પોતે પોતાને જાણતા નથી પણ જ્ઞાન તે ભાવને જાણે છે એટલે જ્ઞેયોના જ્ઞાન વખતે જ્ઞેયોની પ્રધાનતા નથી પણ જ્ઞાનની પ્રધાનતા છે છતાં અજ્ઞાની રાગની જ પ્રધાનતા કરે છે.

જ્ઞાનપર્યાય દ્રવ્યમાંથી આવે છે. તે જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ પરને લીધે, રાગને લીધે કે શરીરની ક્રિયાને લીધે નથી પણ જેવો રાગ થયો હોય ને જેવી શરીરની ક્રિયા થઈ હોય તેવું જ જ્ઞાન થાય છે એટલે જ્ઞાન પરથી અથવા રાગથી થયું—એમ અજ્ઞાની માને છે પણ જ્ઞાનપર્યાય તે જ્ઞાતાસ્વભાવની છે તે તેને ખ્યાલમાં આવતું નથી.

વિશેષમાં હયાતિ ધરાવતું જ્ઞાન સામાન્ય તરફ વળતા તે જ જ્ઞાન સમ્યક્ થાય છે. દ્રષ્ટિ ફેરે દિશા ફેર છે.

જેવી રીતે જેને શાકની ગ્રદ્ધિ નથી એવા પ્રાણીઓ શાકના સંબંધમાં મીઠાની ગાંગડીનો સ્વાદ—જે એક ખારપણારૂપ છે—તેને શાકના સ્વાદથી જુદો પાડીને અનુભવે છે; તેવી જ રીતે જે જીવ જ્ઞેયમાં લુબ્ધ નથી—એટલે કે વિકારાદિ ભાવો અને પરદ્રવ્યની ક્રિયાના સંબંધમાં પણ જેનું જ્ઞાન તેની રુચિ કરતું નથી-એવા બુધ જ્ઞાની આત્માઓ પોતાના સ્વતઃ જ્ઞાનસ્વભાવને સંયોગીભાવ—રાગાદિ વિકારોથી જુદો અનુભવીને એક માત્ર જ્ઞાતાસ્વભાવને—અનુભવે છે એટલે કે જ્ઞાનનો સ્વાદ લે છે.

*

# પ્રસાદ નં.૩૦

## સમયસાર ગાથા ૧૫મી ના પ્રવચનમાંથી.

(આસો સુદ ૨, શુક્રવાર)

આત્માનો અનુભવ તે જ્ઞાનનો અનુભવ છે. આત્મા જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણનો પિંડ ચૈતન્ય સ્વભાવી છે. નિમિત્તાદિની અપેક્ષા રાખ્યા વગર જે કેવળ એક આત્માના આશ્રયે થતો અનુભવ, તે જ્ઞાનનો અનુભવ છે. તે અનુભવ વ્રત તપાદિના શુભભાવથી થાય નહિ કેમ કે તે રાગભાવ છે.

અજ્ઞાની જનો, પાંચ ઇન્દ્રિય દ્વારા જણાતા શરીરાદિની ક્રિયામાં તથા વ્રત, તપ, દયા, દાન, પૂજા ભક્તિ આદિ શુભભાવોમાં ધર્મ માને છે. તે જીવ જ્ઞેય પદાર્થમાં લુબ્ધ છે. તે મારું કર્તવ્ય છે અને ફરજ છે, એવું માનીને અધર્મને જ અનુભવે છે. ઇન્દ્રિયના વિષયભૂત પર પદાર્થને જાણતું—પોતાનું જ્ઞાન અને જ્ઞેયને એકાકાર કરતો જ્ઞેયમાત્રનો સ્વાદ લે છે. તેને જ્ઞાનનો સ્વાદ આવતો નથી અને જ્ઞાનીઓ જ્ઞેયથી જુદા એવા પોતાના જ્ઞાનસ્વભાવને આસ્વાદે છે.

જેવી રીતે શાકના સંબંધમાં રહેલું મીઠું, શાકના સ્વભાવથી જુદું એક ખારપ સ્વભાવથી ખ્યાલમાં આવે છે, તેવી રીતે જ્ઞાનીને પાંચ ઇન્દ્રિયના વિષયો વખતે પણ એક શુદ્ધ ચિદાનંદ આત્મસ્વભાવનું જ્ઞાન, વિષયોથી જુદું અનુભવમાં આવે છે. કારણ કે તે અનુભવમાં આવતું જ્ઞાન પોતે જ આત્મા છે અને આત્મા તે જ જ્ઞાન છે. આવી રીતે જ્ઞાનીજનો ગુણ ગુણીને અભેદ કરનારા તથા પરદ્રવ્યોથી જુદા પોતાના પર્યાયને એક કરતા જ્ઞાનને જ અનુભવે છે. ક્ષણે ક્ષણે પોતાના શુદ્ધ પર્યાયો પોતાના અંતરાત્મા તરફ ઢળતા પોતાને અનુભવે છે, તે જિનશાસન છે. બાર અંગ, ચૌદ પૂર્વના શાસ્ત્ર તરફ ઢળતું જ્ઞાન તે જિનશાસન નથી સ્વભાવને અવલંબતું ભાવશ્રુત જ્ઞાન તે જ ખરેખર જિનશાસન છે.

હવે, કળશ ૧૪ માં શ્રી આચાર્યદેવ કહે છે કે :—અમે જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત છીએ, તે જ્યોતનો અમને પ્રગટ અનુભવ હો, કે જે પ્રકાશ નિત્ય ધ્રુવ એક ચૈતન્યના પરિણમનથી ભરેલો, જેવી રીતે મીઠાનો ગાંગડો ખારરસથી શોભી રહ્યો છે પણ શાકથી શોભી રહ્યો નથી તેવી રીતે ચૈતન્ય આત્મા જ્ઞાનતેજથી શોભી રહ્યો છે. તે જ્ઞાન જ્યોતિ અખંડિત છે. જ્ઞેયોના આકારથી ખંડિત થાય તેવી નથી. રાગ અને નિમિત્ત જે જ્ઞેયો છે તેનાથી જ્ઞાન ખંડ રૂપે થતું નથી.

આત્મા જ્ઞાતા અનાકુળ સુખરૂપ છે. તેમાં કર્મના નિમિત્તે થતા રાગાદિ વિકારી ભાવો નથી. તેથી આકુળતા જેનું લક્ષણ છે ને વ્રતાદિ શુભ ભાવો નિરાકુળ આત્માના સુખને પહોંચાડી શકતા નથી.

જે જ્ઞાન પ્રકાશ અવિનાશપણે અંતરંગમાં ચૈતન્યથી દીપતો એક જ્ઞાનાનંદ આત્મા છે એવું ભાન કરે છે અને રાગદ્વેષ ને પ્રગટ જાણી લે છે, તેવો જ્ઞાન જ્યોતિ સ્વરૂપ સ્વભાવ કોઈએ બનાવ્યો નથી પણ સ્વભાવથી જ છે. હંમેશા તેનો વિલાસ પ્રગટરૂપ છે. એવો એક આત્મા જ અમને પ્રતિભા સમાન છે. આચાર્ય ભગવાન એમ પ્રાર્થના કરે છે કે જ્ઞાનજ્યોતિ એક સ્વરૂપ અમને હંમેશા પ્રગટરૂપ રહો.

અજ્ઞાની મૂંઢ જીવ પોતાની ઉંધી દ્રષ્ટિના કારણે શાસ્ત્રો વાંચવા છતાં પણ દ્રષ્ટિ દોષથી શાસ્ત્રના અર્થો ઉંધા કરે છે. તેનો મૂળભાવ તેના ખ્યાલમાં આવતો નથી. જે માણસને આંખમાં કમળો થયો હોય તેને ધોળા પત્થર પણ પીળા લાગે છે. તે દ્રષ્ટિનો દોષ છે, કંઈ પત્થરનો દોષ નથી તેમ અજ્ઞાનીને ઉંધી દ્રષ્ટિનો દોષ છે, શાસ્ત્રનો દોષ નથી.

## કળશ ૧૫ મો.

આગળની ગાથામાં કહે છે કે પોતાના સ્વભાવને પ્રાપ્ત કરવાવાળા જીવોએ સાધ્ય સાધક ભાવના ભેદથી પણ એક આત્માને નિત્ય સેવવા યોગ્ય છે. પૂર્ણભાવ તે સાધ્ય ને અપૂર્ણભાવ તે સાધક એવા બે ભેદ હોવા છતાં, તે બન્નેમાં એક જ પ્રકારથી એકરૂપ આત્માને સેવો.

## ગાથા ૧૬ મી.

આત્મા નિત્યધ્રુવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા છે એવા ભાવથી વીતરાગી પરિપૂર્ણ શુદ્ધ દશા જે પ્રગટ થાય તે સાધ્ય અને જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધ દશા તે સાધક. તેવી બન્ને દશામાં પણ એક આત્માને ધર્મી જીવોએ નિત્ય સેવવા યોગ્ય છે.

આત્મામાં પરિપૂર્ણ કેવલ્યદશા તથા અધૂરીદશા જે સાધ્ય અને સાધન થાય છે તે માત્ર એક ત્રિકાળ ધ્રુવ સ્વભાવના લક્ષે થાય છે પણ એ સિવાય બીજા કોઈ ભાવથી થતી નથી તેથી કરીને અહો સાધુ પુરૂષો, બુદ્ધજનો, તમો નિત્ય એક આત્માને જ સેવો પણ બીજા કોઈ ભાવને સેવો નહિ. આવી રીતે અભિપ્રાય નક્કી કરીને બીજાને સમજાવવા માટે વ્યવહારથી જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ત્રણ પ્રકારથી પણ એકને જ સેવવા યોગ્ય છે. તમે કહ્યું છે ભલે ત્રણ પ્રકારના ભેદ પાડ્યા છે પણ ત્રણ પ્રકારે આત્માને અનુભવવો નહિ, કારણ કે આત્મામાં જ્ઞાન

દર્શન ચારિત્ર એવા ત્રણ ભેદ નથી. ખરેખર તે ત્રણે આત્માની શુદ્ધ પર્યાયો છે એટલે આત્માથી જુદી નથી માટે તે ત્રણેથી અભેદરૂપ એક આત્મા ને જ નિત્ય સેવવો—અનુભવવો.

*

# પ્રસાદ નં.૩૧

## સમયસાર ગાથા ૧૬ના પ્રવચનમાંથી.

(આસો સુદ ૩, શનિવાર)

“આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવા યોગ્ય છે”—એમ આચાર્યદેવે કથન કર્યું છે. તેમાં એકલો મોક્ષમાર્ગ મૂકી દીધો છે. આત્મા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર કે વ્રતાદિના શુભભાવો સાથે કાંઈ સંબંધ નથી. આત્માને સેવવો, પરભાવને સેવવો નહિ. શુદ્ધ ચિદાનંદ આત્મસ્વભાવના લક્ષે સાધ્ય અને સાધન બંને થાય તેવા ભાવથી સેવવો.

આત્મા નિત્ય સેવવા યોગ્ય છે કે જે અંતર આત્મદ્રષ્ટિથી સાધ્ય અને સાધન બંને થાય પણ સંવરની પર્યાય કે સમ્યગ્દર્શનની પર્યાયને સેવવાથી સાધ્ય અને સાધન થાય નહિ. માટે પર્યાય સેવવા યોગ્ય નથી તો પછી પુણ્યભાવરૂપ વ્રતાદિના ભાવોને સેવવાથી સાધ્ય અને સાધન થાય—એમ બને નહિ. માત્ર આત્માને સેવવાથી સાધ્ય સાધન પ્રગટે છે.

આંધળાને સાકર ભલે પ્રત્યક્ષ દેખાતી નથી, છતાં ખાવાથી સાકરનો સ્વાદ આવે છે. પણ સાકરના બદલે અફીણ ખાય તો સાકરનો સ્વાદ આવે નહિ. તેમ નીચલી દશામાં સંસારી જીવ આત્મા શુદ્ધ જ્ઞાતા સ્વભાવી છે. તેના અસંખ્ય પ્રદેશ ભલે પ્રત્યક્ષ જોઈ શકતો નથી પણ તેનો અનુભવ કરે તો થઈ શકે છે. પણ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ શુદ્ધ આત્મસ્વરૂપની રુચિ નહિ કરતા આત્માને છોડીને, પુણ્ય—પાપાદિ ભાવોની રુચિ કરીને આત્માનો સ્વાદ લેવા માગે છે, તો તેને આત્માનો સ્વાદ આવતો નથી.

શુદ્ધ ચિદાનંદ આત્માના આશ્રયે જ સાધ્ય અને સાધન થાય છે. માટે એક આત્મા જ હંમેશ શ્રદ્ધા કરવા યોગ્ય છે—એમ અભિપ્રાય નક્કી કરીને પછી આત્મા જ્ઞાનાનંદ છે તેનું જ્ઞાન, શ્રદ્ધા ને રમણતા કરવી. તેને વ્યવહાર કહ્યો છે, પણ વ્રત, પચ્ચખાણ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને વ્યવહાર કહ્યો નથી. નિશ્ચયથી એક આત્મા સેવવા યોગ્ય છે અને વ્યવહારથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, શુદ્ધ વીતરાગીભાવ સેવવા યોગ્ય છે. કથનમાં ક્રમ પડે છે એટલે વ્યવહાર છે પણ ખરેખર જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ત્રણ પ્રકારથી સેવવાનું કહ્યું નથી. તે ત્રણ પ્રકારમાં પણ એક આત્માને જ નિત્ય સેવવાનું કહ્યું છે.

વીતરાગી શુદ્ધ પર્યાય તે સ્વભાવના લક્ષે ઉત્પન્ન થયેલ છે તેથી તે આત્મામાં અભેદ થાય છે. આત્માથી જુદી વસ્તુ નથી, કારણ કે આત્માના જ

પર્યાયો છે તે આત્મા જ છે. શુભભાવ તો કારણ નથી પણ શુભભાવથી હું જુદો થાઉં તેમાં પણ વિકલ્પ ઉઠે છે. અને એ રીતે શુભભાવથી જુદો પાડી શકાતો નથી પણ સ્વભાવના આશ્રયે શુભભાવ તરફનું વલણ છૂટી જાય છે ત્યારે શુભભાવ ઉત્પન્ન જ થતો નથી.

આત્માના ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં સંસાર છે જ નહિ. વર્તમાન અવસ્થામાં સંસાર છે. સંસારની ઉત્પત્તિ વર્તમાનમાં છે તેને પણ ખરેખર આત્મા છોડતો નથી કેમ કે વર્તમાનમાં સંસારનો ઉત્પાદ થયો છે તેને છોડી શકાતો નથી અને સંસાર ભવિષ્યકાળમાં થશે તેનો તો અભાવ છે. ભૂતકાળના સંસારનો પણ વ્યય છે એટલે અભાવ છે. ભૂત અને ભાવિ સંસારની વર્તમાનમાં અસ્તિ નથી તેથી તેને પણ છોડી શકાતો નથી. ધ્રુવ ચૈતન્યના આશ્રયે સંસારની ઉત્પત્તિ જ થતી નથી તેને સંસાર છોડ્યો એમ કહેવાય છે.

ખરેખર આત્મા, સ્વભાવનો પુરુષાર્થ કરતાં વર્તમાન પર્યાયમાં સંસારની ઉત્પત્તિ થવા દેતો નથી—એમ સંસાર છોડવાના અર્થને ન સમજે તો ઉત્પાદ્—વ્યય—ધ્રુવના સ્વભાવને સમજતો નથી. ધ્રુવ સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયનો ઉત્પાદ અને પૂર્વ સંસાર પર્યાયનો વ્યય થાય છે, પોતે ધ્રુવપણે ટકી રહે છે. સંસાર છોડવાના કથનના ભાવને આ રીતે સમજવો જોઈએ. જ્યારે આત્મામાં એક સમયની સંસાર પર્યાય થાય છે તેને છોડી શકતો નથી તો પરવસ્તુને છોડવી—એમ માનવું તે તો અજ્ઞાન છે.

જેણે સોનું સોળ વલું કોઈ દિવસ સાંભળ્યું નથી, જાણ્યું નથી, ખરીદ કર્યું નથી, પૈસા ચૂકવ્યા નથી, ઘરમાં લાવ્યો નથી, તે જીવ માને કે “મારા ઘરમાં સોનાના દાગીના આવી ગયા છે” તો તે ભ્રમણા છે, સાચું નથી. તેવી રીતે આત્માને જ્ઞાની પાસેથી સાંભળ્યો નથી, શ્રદ્ધયો નથી, પુરુષાર્થ કર્યો નથી અને અંતરમાં બેસાડ્યો નથી અને કહે કે અમોને ધર્મ થઈ ગયો છે તો તે માનવું ભ્રમણા છે, પણ સાચું નથી. તેને ધર્મ કે સુખ થતા નથી.

દેવદત્ત નામના પુરુષથી તેના જ્ઞાન, શ્રદ્ધા, આચરણ જુદા નથી. તે દેવદત્ત જ છે. દેવદત્તના કપડા વગેરે જુદા પડી જાય તેમ જ્ઞાન વગેરે જુદા પડતા નથી. તેમ આત્માના જ્ઞાન, શ્રદ્ધા, આચરણ આત્માથી જુદા નથી. રાગ વગેરે જુદા પડી જાય છે તેમ તે જુદા પડતા નથી તેથી જ્ઞાનાદિ તે આત્મા જ છે.

મોરના ઇંડાને જો સેવવામાં આવે તો મોર થાય, પણ આરસ પત્થરનું ઇંડુ હોય અથવા મોર સિવાય બીજા ઇંડાને ઢેલ સેવે તો તેમાંથી મોર થાય નહિ. તેવી રીતે આત્મા એક પરિપૂર્ણ સુખશાંતિથી ભરેલો છે. તેને સેવવામાં આવે તો તેમાંથી

પરિપૂર્ણ સુખ પ્રગટ થાય છે, પુણ્યાદિ રાગભાવોને સેવવાથી શાંતિ, સુખ કે ધર્મ પ્રગટ થતાં નથી.

## કળશ ૧૬

આત્માનો ધ્રુવ, ત્રિકાળ સ્વભાવ અને વર્તમાન જ્ઞાનાદિની શુદ્ધ પર્યાય તે બંને એક સાથે જાણવું, તે પ્રમાણ છે. અહીં અધ્યાત્મદ્રષ્ટિથી પ્રમાણનું સ્વરૂપ બતાવ્યું છે. ત્યાં ત્રિકાળી સ્વભાવ તે નિશ્ચય અને જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધ પર્યાય તે વ્યવહાર—એમ પ્રમાણનું સ્વરૂપ કહ્યું છે. પણ આત્મસ્વભાવ તે નિશ્ચય ને રાગની પર્યાય તે વ્યવહાર એમ લીધું નથી.

*

# પ્રસાદ નં.૩૨

## અધ્યાત્મ પ્રમાણનું સ્વરૂપ.

(સ. કળશ ૧૬ના પ્રવચનમાંથી. આસો સુદ ૪)

આ શ્લોકમાં પ્રમાણની વ્યાખ્યા આપી છે. સાચા જ્ઞાનને પ્રમાણ કહેવાય છે. આત્મા વસ્તુ, આખો ધ્રુવ સ્થિર એકરૂપ પણ છે અને અવસ્થાથી જોઈએ તો અનેકરૂપ પણ છે. તેમ આત્માને જાણવો તે પ્રમાણ જ્ઞાન છે.

અહીં પ્રમાણ જ્ઞાનમાં ધ્રુવ, ચૈતન્ય, એકાકાર તે નિશ્ચય અને જ્ઞાન, દર્શન, ચારિત્રના શુદ્ધ પરિણામો તે વ્યવહાર–એમ બંને પ્રકારથી એકસાથે જ્ઞાન કરવું તેવું અધ્યાત્મ પ્રમાણનું સ્વરૂપ છે પણ આત્માને જાણવું ને પરને જાણવું તેવું પ્રમાણનું સ્વરૂપ લીધું નથી. કારણ કે અહીં પરની સાથે કાંઈ પણ સંબંધ નથી અને આત્મા તે નિશ્ચય અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના શુભ પરિણામ તે વ્યવહાર, એમ પણ લીધું નથી.

અહીં આત્મા ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે તે નિશ્ચય અને સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા જ્ઞાન, દર્શન, ચારિત્રની વર્તમાન પર્યાય ઉપર લક્ષ આપો તો ત્રણ પ્રકારના ભેદથી અનેકરૂપ છે, તે વ્યવહાર છે. તે બંનેને એક સાથે જાણવું તે આત્મવસ્તુનું જ્ઞાન પ્રમાણજ્ઞાન છે. ત્રણ પ્રકારની પર્યાયનો વિચાર કરતાં વિકલ્પ ઉઠે તે વ્યવહાર છે પણ દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પને વ્યવહાર કહ્યો નથી.

વસ્તુસ્વરૂપ, દ્રવ્ય અને પર્યાયરૂપ, ધ્રુવ અને અંશરૂપ, નિત્ય અને અનિત્ય, એક અને અનેક–એમ બંને પ્રકારે દેખાય છે. ત્રિકાળી સ્વભાવ અને ઉઘડેલી પર્યાય બંનેને એકી સાથે જાણવું તેને પ્રમાણજ્ઞાન કહે છે.

## કળશ ૧૭

આત્મવસ્તુ અનંતગુણનો પિંડ, ધ્રુવ, એકરૂપ હોવા છતાં, વ્યવહારદ્રષ્ટિથી જોઈએ તો સમ્યગ્દર્શન, જ્ઞાન,ચારિત્ર—વીતરાગદશાથી ત્રણ સ્વભાવે અનેકરૂપ ભેદવાળો દેખાય છે, કારણ કે ત્રણ ભાવે આત્મા થાય છે. તેમ જોવું તેને વ્યવહાર કહ્યો છે. આત્મા ધ્રુવસ્વભાવી છે તેવો નિશ્ચય હોય તો, તે નિશ્ચયપૂર્વક સ્વભાવમાં રમણતા થાય તેને જોવું તેનું નામ વ્યવહાર છે.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે તો આત્મા એકરૂપ છે અને જ્યારે દ્રવ્ય તરફના જ્ઞાનને મુખ્ય કરવામાં આવે ત્યારે પર્યાયનું જ્ઞાન ગૌણ થઈ જાય છે. આત્મા એકરૂપ છે તેને ત્રણ પ્રકારે પર્યાયમાં પરિણમે છે, તેમ કહેવું તે વ્યવહાર

થયો. પોતે જ્યારે સ્વભાવનું લક્ષ કરે છે ત્યારે ત્રણ પ્રકારનો વ્યવહાર રહેતો નથી. આત્મા એકરૂપ છે, તે ત્રણ પ્રકારે પરિણમે છે તેવી આકાંક્ષા રાખવી તો પણ વિકલ્પ થાય છે અને વર્તમાન શુદ્ધ પ્રગટેલી પર્યાયને જોવામાં આવે તો પણ વિકલ્પ થાય છે. અને આત્મા અભેદ છે તેને પર્યાયના ભેદથી ભેદવાળો જાણવો, તેનું નામ પણ વ્યવહાર છે. પણ ત્રણ પ્રકારે નહિ જોતાં, એકરૂપ જાણતા વિકલ્પ અને ભેદપણું રહેતું નથી. વસ્તુસ્વભાવ છે તેને પ્રગટ્યું કહેવું તે જ વિકલ્પરૂપી વ્યવહાર છે.

## કળશ ૧૮

જો આત્માને સ્વભાવદ્રષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ જ્ઞાયક પ્રગટ જ્યોતિ એકરૂપ છે. પોતાના જ્ઞાયકસ્વભાવથી જુદા પરદ્રવ્યના લક્ષે થતા રાગાદિભાવો તે સ્વભાવદ્રષ્ટિથી ઉત્પન્ન થતા નથી—એવો જ એનો સ્વભાવ છે અને પરદ્રવ્યો કે જે પૂર્વે નિમિત્ત થતા હતા તે હવે નિમિત્તનું નામ પામતા નથી. તેને પરદ્રવ્યોનો અને રાગાદિભાવોનો નાશ કરે છે (દૂર કરે છે)—એમ કહેવાય છે.

પર્યાયના ભેદવડે જે સંસાર ઉત્પન્ન થતો હતો, તેને સ્વભાવની અભેદ દ્રષ્ટિવડે આત્માથી વિરોધીભાવને ઉત્પન્ન થવા દેતો નથી એવો શુદ્ધ જ્ઞાયક જ્યોતિનો સ્વભાવ છે. તો પછી શરીર, વાણી, મન જે આત્મામાં નથી તો તેને નાશ શું કરવા? જે વિકાર થયો તે તો નાશ કરી શકતો નથી. સ્વભાવના લક્ષે વિકાર થતો જ નથી, તેને નાશ કર્યો કહેવાય છે. ગરુડ આવે ત્યારે સર્પ ઢીલો થઈ જાય છે, પ્રકાશમાં અંધકાર પ્રવેશ કરી શકતો જ નથી તેમ જ્ઞાનમાં અજ્ઞાનની ઉત્પત્તિ થતી જ નથી.

વ્યવહારથી નિશ્ચય પમાતો નથી અને વ્યવહાર વ્યવહારનો નાશ કરતો નથી. નિશ્ચય પણ વ્યવહારનો નાશ કરતો નથી. પણ ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ્યારે નિશ્ચય પ્રગટે છે ત્યારે વ્યવહારની ઉત્પત્તિ જ થતી નથી, તેને નિશ્ચયે વ્યવહારનો નાશ કર્યો એમ કહેવાય છે. પોતાના ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવમાં ઢળતા પ્રથમ જે કર્મોનું નિમિત્ત એવું જે નામ પડતું હતું તે નામ પણ પડતું નથી, અને વિકારભાવ પ્રગટ થતો નથી, એવો આત્મદ્રવ્યનો સ્વભાવ છે. અહીં ઉપર કહ્યો તેવો સ્વભાવ જાણે અને કહે તેવા જ્ઞાનીને માનવા, પણ અજ્ઞાનીને ન માનવા એવા રાગભાવને પણ અહીં વ્યવહાર લીધો નથી. આત્મદ્રવ્ય એક પ્રકારે છે તેનો આશ્રય કરતાં જ્ઞાન, દર્શન,ચારિત્ર એવા ત્રણ પ્રકારના ભેદરૂપ વ્યવહારની ઉત્પત્તિ થતી નથી—એમ અહીં જણાવ્યું છે.

આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય એક સમયમાં અભેદ થાય છે, તેને ત્રણ પ્રકારથી કહેવું તે વ્યવહાર છે, એમ કળશ ૧૭ માં કહ્યું છે. તે પ્રકારના ભેદને ગૌણ કરીને એક અભેદ સ્વભાવની દ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા એક શુદ્ધ એકાકાર જણાય છે. તે અભેદ દ્રષ્ટિનું ફળ છે, તેમ ૧૮ માં કળશમાં કહ્યું છે. સ્વભાવના આશ્રયે ચૌદ ગુણસ્થાનનો નાશ થાય પણ ગુણસ્થાનના આશ્રયે ગુણસ્થાનનો અભાવ થતો નથી.

હવે આગળના કળશમાં આત્માને મેચક, અમેચક, એક, અનેક, નિત્ય—અનિત્ય, ભેદ, અભેદ એવા વિકલ્પને મટાડીને આત્મસ્વભાવ પમાય છે, તે કહેશે.

*

# પ્રસાદ નં.૩૩

## સમયસાર કળશ ૧૯ ભાવાર્થના પ્રવચનમાંથી.

આત્માના શુદ્ધ સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ થાય તેને સાક્ષાત્ મોક્ષ કહેવાય છે. તે જ સાધ્ય છે. પુણ્ય, પાપ રહિત શુદ્ધ આત્માનું ભાન થવું તે દ્રષ્ટિ અપેક્ષાએ મોક્ષ છે.

આત્મા સ્વભાવથી અભેદ છે અને પર્યાયથી ભેદરૂપ છે. એવા માત્ર વિચારો કરવાથી, ચિંતા કરવાથી કાંઈ આત્માની સિદ્ધિ થતી નથી. આત્મા અખંડ પરિપૂર્ણ જ્ઞાતા છે. તેની અંતરંગમાં શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન, શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું તે સમ્યગ્જ્ઞાન. શુદ્ધસ્વભાવ અને એકરૂપમાં સ્થિરતા, લીનતા થવી તે સમ્યક્ ચારિત્ર, તે સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રથી પરિપૂર્ણ દશાની પ્રાપ્તિ થાય છે. તેના સિવાય પુણ્ય—વ્રતાદિ શુભભાવથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્ન :–એક પ્રકારે આત્માને સેવવાના બદલે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારે આત્માની પૂર્ણદશાની પ્રાપ્તિ થાય એમ કેમ કહ્યું ?

ઉત્તર :–સામાન્ય પ્રાણી ભેદથી સમજે છે. એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. ખરેખર તો એક અભેદ આત્મ સ્વભાવથી જ સાધ્ય દશા પ્રગટે છે, તેમ સમજવું.

## સમયસાર ગાથા ૧૭—૧૮ના પ્રવચનમાંથી.

દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે. જેમ કોઈ પુરુષ લક્ષ્મીનો કામી, પ્રથમ રાજાને જાણે છે. પછી તેની શ્રદ્ધા કરે છે. ત્યારબાદ તેનું આચરણ કરે છે. તેમ મોક્ષના ઇચ્છુક પુરુષે પ્રથમ આત્મરાજાને જાણવો અને તેની શ્રદ્ધા કરવી ત્યારબાદ અનુચરણ પણ તેનું કરવું.

ખરેખર કોઈ પુરુષ ધનનો કામી છે. ધન સિવાય બીજું કાંઈ જોતું નથી તે પુરુષ ઘણા ઉદ્યમથી પ્રથમ રૈયત વગેરેથી રાજાના લક્ષણ દ્વારા રાજાને જુદો પાડે છે. બહારથી વેશ કદાચ બીજાનો સરખો હોય છતાં રાજાના અંતરંગ લક્ષણ ઉદારતા વગેરે દ્વારા જુદો પાડીને રાજાને જાણે છે. રાજા સિવાય બીજાને જાણે તો ધનની પ્રાપ્તિ થાય નહિ તેથી જાણવાની મુખ્યતાથી પ્રાપ્તિ થાય છે. આ જરૂર રાજા જ છે અને તેનું સેવન કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થશે એવી શ્રદ્ધા કરે ને શ્રદ્ધા

કર્યા પછી રાજા પ્રસન્ન કેમ રહે, તેવી રીતે તેની આજ્ઞા પાળે, તો લક્ષ્મીની પ્રાપ્તિ થાય.

તેવી રીતે મોક્ષાર્થી જીવે એક મુક્તિ સિવાય, સ્વર્ગના દેવ, રાજા કે શેઠિયા વગેરેના ભવના ઇચ્છક થવું નહીં પણ એક આત્માની પૂર્ણ શાંતિ જ જોવે છે તેમ નક્કી કરવું. જેને સ્વર્ગના સુખની ઇચ્છા છે, તેને મુક્તિની ઇચ્છા નથી.

મોક્ષાર્થી જીવે પહેલા આત્માને જાણવો. પણ પહેલા વ્રત તપાદિ કરવા એમ કહ્યું નથી. તથા કોઈ ગુરુ પાસે પ્રથમ જાવું; કે શાસ્ત્ર વાંચવા, શુભ ભાવનો વ્યવહાર પ્રથમ કરવો, એમ કહ્યું નથી. પણ એક શુદ્ધ ચિદાનંદ આત્માને પ્રથમ જાણવો. આત્મા સિવાય બીજા જ્ઞાનમાં રોકાવું નહિ.

જ્યાં પાણીનું સરોવર ભર્યું હોય ત્યાં માણસ ઢોર, પંખી વગેરે પાણી પીવા આવે પણ ઉજ્જડ કોરા જંગલમાં કોઈ જાય નહિ, એમ આત્મા કે જ્યાં પોતાનું પરિપૂર્ણ સુખ ભર્યું છે, ત્યાં પ્રથમ આવવું. તેને પ્રથમ જાણવો. પુણ્યાદિને જાણવાથી આત્માનું સુખ થાય નહિ અને આત્માને જાણ્યો એટલે કરવાનું કામ કર્યું, ક્રિયા પણ થઈ. જાણવારૂપ પુરુષાર્થ અનાદિકાળથી નહોતો કર્યો તેવો અપૂર્વ પુરુષાર્થ કર્યો પણ અજ્ઞાની મૂંઢ જીવને—બાહ્ય ક્રિયાની રુચિવાળા જીવને—આ ક્રિયા દેખાતી નથી.

જ્ઞાન સ્વભાવી આત્મા આ જ છે અને તેનું જ આચરણ કરવાથી મુક્તિ થાય, તેમ શ્રદ્ધાન કરવું. આત્માની પૂર્ણદશા—કર્મબંધનથી છૂટકારો એક આત્માની સ્થિરતાથી થાય, શુભભાવ કે શરીરની ક્રિયાથી ત્રણેકાળમાં ન થાય, તેમ નક્કી કરવું.

કોઈ એમ કહે કે પ્રથમ વ્યવહાર કરવો જોઈએ, તો અહીં વ્યવહારની વાત લીધી જ નથી. કારણ કે આત્માનો સ્વભાવ જાણવાનો છે, વ્યવહાર કરવાનો નથી. વળી જીવે વ્યવહાર તો અનાદિકાળથી અનંત વખત કર્યો છે. તે અપૂર્વ નથી. તેથી પહેલો નથી પણ સ્વભાવના લક્ષે જે નિશ્ચય પ્રગટે તે પહેલો છે, ને અપૂર્વ છે. પ્રથમ નિર્વિકારી આત્મ સ્વભાવને જાણ્યા વગર વ્યવહાર પણ સાચો બનતો જ નથી.

આત્માની શ્રદ્ધા કર્યા પછી અનુસરણ પણ તેનું જ કરવું. પણ વ્રતાદિનું આચરણ કરવાનું કહ્યું નથી. કોઈ એમ કહે કે શ્રદ્ધા કર્યા પછી તો વ્રત કરવા પડે ને? તેને કહેવામાં આવે છે કે આત્માની શ્રદ્ધા કર્યા પછી તેનું જ આચરણ કરવું. જેને વ્રતાદિ શુભભાવની મુખ્યતા છે તેને આશ્રવની ભાવના છે, તેને આત્માની

શ્રદ્ધા નથી. સ્વભાવનું આચરણ કરતા વ્રતાદિ આવે, તેની વાત જુદી છે, પણ જ્ઞાનીને વ્રતાદિ શુભભાવ કરવાનો અભિપ્રાય હોતો નથી.

આ સિવાય મુક્તિના કામીએ બીજું કાંઈ કરવા જેવું નથી, કારણ કે પરિપૂર્ણતાની સિદ્ધિ આ જ રીતે થાય છે, બીજી રીતે થતી નથી. આત્મા ધ્રુવ ચૈતન્ય દ્રવ્ય છે. તેનું જ્ઞાન, શ્રદ્ધાન, આચરણથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે પણ શરીર, શુભભાવ કે સંવર નિર્જરાના આશ્રયે તેની પ્રાપ્તિ થતી નથી.

*

# પ્રસાદ નં.૩૪

## સમયસાર ગાથા ૧૭—૧૮ ટીકાના પ્રવચનમાંથી.

(આસો સુદ ૬, મંગળવાર)

શિષ્યે ગાથા ૧૪માં પૂછ્યું હતું કે "આત્માનો અનુભવ કેમ થાય?" તેનો આ જવાબ છે.

ધનના અર્થી પ્રથમ રાજાને જાણે, પછી તેની જ શ્રદ્ધા કરે, ત્યારબાદ તેની સેવા કરે, આજ્ઞા પાળે તો તેને ધનની પ્રાપ્તિ થાય—તેમ દ્રષ્ટાંત આપ્યું છે.

અહીં પ્રથમ જીવરાજાને જાણવો, તેની વાત ચાલે છે.

આત્મા સ્વભાવસંપન્ન એક વસ્તુ છે ને વર્તમાન પર્યાયમાં રાગદ્વેષાદિ છે. ગુણગુણીનો ભેદ પણ છે; આવી રીતે સ્વભાવ અને પર્યાય સાથે મિશ્રપણું હોવા છતાં પણ અંતરમાં "જ્ઞાન તે જ હું છું" અને "રાગાદિ તે હું નથી. તે મારો સ્વભાવ નથી." તેમ ભેદવિજ્ઞાનના ડહાપણપણાથી "આ અનુભૂતિ તે જ હું છું"—એમ જુદો પાડીને આત્માને જ અનુભવે છે, આત્માને લક્ષમાં લે છે, જાણે છે.

આત્માને સર્વપ્રકારે જાણવો. આત્મામાં દયા, દાનાદિ ભાવ તો નથી પણ ગુણગુણીભેદ પણ નથી. વિકલ્પથી, પરથી, ગુણગુણી ભેદ આદિ સર્વ ભાવથી જુદો જ્ઞાતાસ્વભાવી આત્મા તે જ હું છું—એમ પ્રવિણતાથી જાણવું. આત્માને જાણવાની આ રીત છે.

જેમ મકાન બાંધવામાં ઇંટો અને પત્થર જ કામ લાગે પણ રેતીના ઢગલા ચડાવી મકાન ન થાય; તેમ સંસારના પ્રવિણ પુરૂષો વિવેક કરે છે. રોટલી કરવામાં ધૂળ કામ લાગતી નથી, ઘઉંનો લોટ કામ લાગે છે. જેમ ડહાપણથી તે ભેદજ્ઞાન દ્વારા જુદું પાડે છે, તેવી રીતે મોક્ષાર્થી પ્રવિણ પુરૂષ, આત્માને જાણવામાં એક ભેદજ્ઞાન જ કામ લાગે. પણ ઉપવાસની ક્રિયા, રાગાદિની ક્રિયાથી આત્મા જણાય નહિ–એમ ભેદજ્ઞાન દ્વારા પોતાના આત્માને જાણે છે.

અહીં પ્રથમ જ્ઞાન લેવાનું કારણ એ છે કે આત્માની નિઃશંક શ્રદ્ધા કેવા જ્ઞાનમાં થાય છે, તે બતાવવું છે. તેથી આત્માના ભેદજ્ઞાનથી જ શ્રદ્ધા થાય છે—તેમ કહ્યું છે. શ્રદ્ધા ને જ્ઞાન એકસાથે છે પણ શ્રદ્ધાપૂર્વક જ્ઞાનની વાત અહીં કહી છે અને આવા જ્ઞાન વગર કોઈને શ્રદ્ધા સાચી થતી નથી—તેમ પણ જાણવું.

જેવો શુદ્ધ ચિદાનંદ આત્માને જાણ્યો તેવો જ આ આત્મા છે તેનો નિર્ણય થયો તે દર્શન છે. ઉપવાસ કરું તો ધર્મ થાય, વ્રત કરું તો ધર્મ થાય-એવી ડામાડોળવાળી ભ્રમણા નિઃશંક શ્રદ્ધામાં થતી નથી. શુભભાવની વાત જ્યારે શાસ્ત્રમાં

આવે ત્યારે તે ધર્મનું કારણ છે–એમ માની ભ્રમણા થતી હતી, તે હવે થતી નથી, પૈસાના દાન દેવાથી તેના ફળમાં રુચિ થતી હતી તે થતી નથી–એમ સર્વ પ્રકારે એક આત્માને જ નિઃશંકપણે શ્રદ્ધે છે, તે દર્શન છે.

આત્મા સ્વભાવમાં નિઃશંક થયો એટલે વિકલ્પ ઉઠે છે, તે ચૈતન્યસ્વભાવ નથી—એમ નક્કી થવાથી પોતાના સ્વભાવમાં ઠરવાનું સામર્થ્ય પ્રગટ થયું, કેમ કે કોઈપણ વિકલ્પમાં રહેવાથી ચારિત્ર પ્રગટ થાય તેમ માનતો નહિ હોવાથી, અને સ્વભાવમાં રહેવાથી જ ચારિત્ર પ્રગટ થાય તેવો વિશ્વાસ હોવાથી, નિઃશંકપણે સ્થિર થવાનું વીર્ય પ્રગટે છે.

આ રીતે સ્વભાવના નિઃશંકપણે ચારિત્રનું બળ પ્રગટે છે. આવું ચારિત્ર પાંચમા છઠ્ઠા ગુણસ્થાનવર્તીને હોય છે. આ સિવાય વ્રતાદિના કોઈ ભાવ ચારિત્ર નથી માટે સાધવાયોગ્ય આત્મા, ધ્યેયરૂપ પરિપૂર્ણદશાની પ્રાપ્તિ કરે છે. આ રીતે અસ્તિથી સાધ્યની પ્રાપ્તિ થાય છે તેમ કહ્યું, હવે બીજી કોઈ રીતથી આત્માની સિદ્ધિ થતી નથી, તે કહે છે.

જ્ઞાનસ્વભાવી આત્મા બાળગોપાળથી માંડીને વૃદ્ધો સુધી બધાને હંમેશા પોતાને અનુભવમાં આવે છે. જ્યાં ને ત્યાં એક આત્મા જ ખ્યાલમાં આવે છે પણ મૂઢ અજ્ઞાની જીવ માનતો નથી. રાગદ્વેષની જેવી અવસ્થા થાય છે તેવું જ જ્ઞાન થાય છે. રાગદ્વેષને જાણનાર જ્ઞાનનો વિશ્વાસ અજ્ઞાનીને આવતો નથી અને રાગ તે હું છું–એવી રાગની કબુલાત આવે છે પણ જ્ઞાનને કબુલતો નથી.

પૈસા ગણવામાં, ખાવાપીવામાં, રોગમાં, નિરોગમાં, બધે ઠેકાણે જ્ઞાન જ જણાય છે પણ અજ્ઞાનીને આત્માના જ્ઞાનનો મહિમા આવતો નથી, પરનો વિશ્વાસ આવે છે. શાસ્ત્ર વાંચતી વખતે, વાણી સાંભળતી વખતે જ્ઞાન જ્ઞાનથી થાય છે તે ન માનતા જ્ઞાન શાસ્ત્રથી થાય છે, વાણીથી થાય છે તેમ પરની રુચિવાળા જીવને શાસ્ત્રનો ને વાણીનો મહિમા આવે છે પણ તેને જાણનાર આત્માનો મહિમા આવતો નથી.

આત્મા અનાદિકાળથી બંધના વશે–વર્તમાન ઉદયમાં પરાધીન આત્મા પોતે થાય છે, તેમ કહ્યું છે. કર્મે વશ કર્યો નથી—તે અજ્ઞાની જીવ ભગવાનની પ્રતિમાથી, સમેતશિખર, શેત્રુંજય ચડવાથી, શુભભાવ થાય તેમ માને છે પણ પોતે કર્યો તો થયો તેમ માનતો નથી. વળી તે શુભભાવ કરવાથી પોતાનું જ્ઞાન ખીલે છે—તેમ માનનાર પોતાના જ્ઞાનમાંથી જ્ઞાન ખીલે છે—તેમ માનતો નથી. શુભભાવ તો ચારિત્રગુણની વિકારી પર્યાય છે અને જાણપણું તો જ્ઞાનગુણની પર્યાય છે. એક ગુણની અવસ્થા બીજા ગુણની અવસ્થાને ફેરવી શકતી નથી, તેની અજ્ઞાનીને

ખબર નથી. તે મૂંઢ અજ્ઞાનીને ''આત્મ અનુભૂતિ તે જ હું છું''–એવા જ્ઞાનનો ઉદય થતો નથી. અને એવા સાચા જ્ઞાનના અભાવના કારણે શ્રદ્ધા પણ થતી નથી. જેમ કે નહિ જાણેલા પદાર્થની શ્રદ્ધા ગધેડાના શીંગડા જેવી છે, એટલે ખોટી છે.

જેને આત્માની શ્રદ્ધા જ ખોટી છે તેને નિઃશંકપણે પોતાના આત્મસ્વભાવમાં સ્થિર થવાનું, ઠરવાનું બળ પ્રાપ્ત થતું નથી અને આત્માનું ચારિત્ર પ્રગટ થયા વગર પરિપૂર્ણ એવા સુખની તેને પ્રાપ્તિ થતી નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્રથી આત્માના પરિપૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે અને એ સિવાય એટલે અજ્ઞાન અને રાગદ્વેષ મોહથી સુખની પ્રાપ્તિ થતી નથી–તેમ અનેકાંત કહ્યું છે.

*

# પ્રસાદ નં. ૩૫

(સ.ગા. ૧૭—૧૮ના ભાવાર્થના પ્રવચનમાંથી. આસો સુદ ૮, બુધવાર, બપોરે)

જેને પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરવું હોય તેણે પ્રથમ જેમાં સુખ ભર્યું છે તેવા આત્મપદાર્થને લક્ષમાં લેવો પડશે. તે સાધ્યઆત્માની પ્રાપ્તિ જ્ઞાન, દર્શન, ચારિત્રથી થાય છે.

અહીં જીવતત્ત્વ અધિકાર ચાલે છે. તેમાં જીવનો ધર્મ જીવથી થાય તેમ બતાવ્યું છે, પણ જીવનો ધર્મ અજીવથી, પુણ્ય-પાપથી, આસ્રવથી થતો નથી. કારણ કે આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે, તે આસ્રવ છે, તેથી અજીવ છે. માટે જ્ઞાન, દર્શન, ચારિત્રથી આત્માની પ્રાપ્તિ થાય છે, બીજી રીતે સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી.

આત્મા ચૈતન્ય જ્યોતિ, જ્ઞાનતત્ત્વની ખાણ છે, તે આત્માનાં જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા કરવાથી ધર્મ થાય છે. આત્માને સાંભળવાનો ભાવ થાય તે શુભભાવ છે પણ ધર્મ નથી. એટલે કે અધર્મ છે, અનાત્મધર્મ છે, આત્માનો ધર્મ નથી. જ્ઞાનીને સાંભળવાનો શુભભાવ થાય છે, પણ તે ધર્મ છે, એમ માનતા નથી. સ્વભાવમાં સ્થિર નહિ રહેવાથી તેવો શુભભાવ થાય ખરો, પણ તે ધર્મ નથી. જે ભાવથી તીર્થંકર ગોત્ર ઉપરાજન થાય તે ભાવ પણ બંધન છે, તેથી તે ભાવ પણ અધર્મ જ છે.

લોકોને શાંતિ જોઈએ છે, પણ શાંતિનું હોવાપણું—સત્તાધામ ક્યાં છે તે જાણ્યા વગર શાંતિ મળે નહિ. શાંતિનું સ્થાન તો આત્મા—જીવતત્ત્વ પોતે છે. તે આત્માને જ્યારે ધર્મશ્રવણ તરફ લક્ષ રહે છે ત્યારે તેને અંતર્ વલણ થઈ શકતું નથી.

જ્ઞાનીને શુભભાવ હોય છે. અશુભભાવ પણ હોય છે. પણ તે હોય છે માટે ધર્મમાં મદદગાર થાય છે. અને તે ધર્મ છે—એમ છે જ નહિ. પણ શુભાશુભ રહિત જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ હું છું તેવા જ્ઞાન, શ્રદ્ધા, રમણતા તે જ ધર્મ છે, આત્માની સાચી શાંતિ છે. વ્યવહાર ધર્મ કહો કે પુણ્ય કહો કે અધર્મ કહો, એ બધું એક જ છે, ફેર નથી. પ્રવચનસારમાં આચાર્યદેવે કહ્યું છે કે પુણ્ય-પાપમાં કોઈ ફેર—તફાવત—ભેદ માને તો તે ઘોર સંસારમાં રખડશે, નિગોદના ભવ કરશે.

વર્તમાન રાગને જાણનારો તે આત્મા છે, રાગમાં અટકનાર તે આત્મા નથી. જાણવાની ક્રિયા આત્માના જ્ઞાનમાં થાય છે, રાગમાં થતી નથી—તેમ ભેદ પાડીને

જાણવું તે જ્ઞાનનો અનુભવ છે. વર્તમાન દશા બહિર્મુખ વર્તે છે તેને અંતર્મુખ વાળવાની વાત છે. હજી બહારમાં શરીરની ક્રિયાથી ધર્મ થાય, શુભભાવથી ધર્મ થાય-એવી બહિર્મુખ દ્રષ્ટિ પડી છે તેને તો આત્માનો જ્ઞાનસ્વભાવ કેવો છે તે જણાતો નથી. માટે પ્રથમ અંતર્મુખ દ્રષ્ટિ કરવાથી આત્મા જણાય છે. તેવા આત્મસ્વભાવને જાણવો તે જ પ્રથમ કરવા જેવું છે.

આત્માને જાણ્યા પછી આ જ્ઞાનસ્વભાવી છે તે હું છું—તેમ નિશ્ચય થવો, તે શ્રદ્ધાન થયા પછી આત્મામાં સ્થિર થવાનું બળ પ્રગટ થાય છે અને એ રીતે પૂર્ણ સાધ્યની સિદ્ધિ થાય છે. પણ જો આત્મા શું છે તે જાણે જ નહિ તો શ્રદ્ધાન થાય નહિ. શ્રદ્ધાન થયા વગર સ્થિરતા થાય નહિ. જેમ કોઈના ઘેર જવું હોય તો જાણ્યા વગર પગ ઉપડતો નથી તેમ આત્માને જાણ્યા વગર સ્થિર થવાનો પુરુષાર્થ ઉપડતો નથી. સ્થિર થયા વગર પૂર્ણતાની સિદ્ધિ થતી નથી.

## <u>કળશ ૨૦ મો.</u>

આત્માને અસ્તિસ્વભાવથી અહીં જણાવે છે. જેમ કેરીની અસ્તિ લીલા રંગ, આકાર વગેરેથી છે, તેમ આત્મા અનાદિ અનંત, નાશ ન પામે તેવા ચૈતન્ય લક્ષણવાળો છે. આત્મ જ્યોતિમય જળહળ દરિયો ભરેલો છે તેવી અનંત અવિનાશી ચૈતન્ય જ્યોતિનો અમે અનુભવ કરીએ છીએ—એમ આચાર્ય ભગવાન કહે છે. તેનું નામ ધર્મ છે.

નાશ ન થાય તેવું ચૈતન્યનું એંધાણ છે. પુણ્યપાપાદિ કૃત્રિમ ભાવો કાયમ ટકવાવાળા નથી. "સ્થિર રહેવાવાળો" જેનું લક્ષણ છે એવા આત્માને નિરંતર અનુભવીએ છીએ, કારણ ચૈતન્ય આત્માના અનુભવ વિના બીજા પ્રકારે મુક્તિ નથી.

દ્રવ્યાનુયોગમાં આ રીતે મુક્તિ થાય અને ચરણાનુયોગમાં શુભભાવથી મુક્તિ થાય-એમ મુક્તિ થવાના બે પ્રકાર નથી. મુક્તિ તો એક જ પ્રકારે—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી જ થાય છે. ચરણાનુયોગમાં તો નિમિત્તથી કથન કર્યું છે, પણ તેથી કરીને શુભભાવથી મુક્તિ થાય—એમ સમજવું નહિ.

તીર્થંકર ગોત્ર માટેની સોળ પ્રકારની ભાવના, બાવીસ પ્રકારના પરીષહ, બાર ભાવના, ચોરાશી લાખ ઉત્તરગુણાદિના વિકલ્પરૂપ શુભભાવમાં ધર્મ નથી. તેનાથી આત્મામાં સ્થિર થવાતું નથી. માટે તે મુક્તિના કારણ નથી. પણ તેનાથી સંસાર જ થાય છે.

આત્મજ્યોતિ વ્યવહારે ત્રણ પ્રકારે–જ્ઞાન, દર્શન, ચારિત્રપણે—પરિણમી રહી હોવા છતાં, એકપણું છોડ્યું નથી. ત્રણ પ્રકારે ભાગલા, કટકા કે ભેદ પડ્યા નથી. એકરૂપ છે, તે જ્યોતિ નિર્મળપણે ઉદય પામી છે.

અહીં દ્રવ્યદ્રષ્ટિની વાત હોવા છતાં તેના ફળની વાત પણ સાથે કરી છે. આત્મસ્વભાવની દ્રષ્ટિથી મલિનતા ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. સમ્યગ્દર્શન પછી પર્યાય સમયે સમયે નિર્મળ થતી જાય છે. સંસાર ઘટતો જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે.

*

# પ્રસાદ નં.૩૬

(સ.કળશ ૨૦ ના ભાવાર્થના પ્રવચનમાંથી. આસો સુદ ૯, ગુરુવાર)

આત્મા શુદ્ધ, ચિદાનંદ એકરૂપ, જ્ઞાનસ્વભાવી છે પણ જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી ત્રણ પ્રકાર પડે છે. જેવી રીતે સોનું, પીળાશ, વજન અને ચીકાશથી જોવામાં આવે તો ત્રણ પ્રકાર છે પણ તેથી સોનું ત્રણ પ્રકારથી કટકા થઈ ગયું નથી. તેવી રીતે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી ત્રણ પ્રકારે છે, પણ આત્મામાં ત્રણ કટકા થતા નથી. જ્યારે ત્રણ પ્રકારની કલ્પના કરવામાં આવે ત્યારે પણ ત્રણ પ્રકારે આત્મા થતો નથી.

આચાર્ય ભગવાન કહે છે 'આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરી રહ્યા છીએ. શાસ્ત્ર લખવાના વિકલ્પ વખતે પણ દ્રષ્ટિ નિર્મળ છે અને જેટલી સ્થિરતા પ્રગટી છે તેનો નિરંતર અનુભવ વર્તે છે. શુભ વિકલ્પ વખતે પણ જોર તો સ્વભાવનું વર્તે છે, શુભભાવનું જોર નથી.

આત્મા જ્ઞાનસ્વભાવી હોવાથી આત્માના પૂર્ણસ્વભાવની પ્રાપ્તિ આત્માને સેવવાથી જ થાય, બીજી રીતે થતી નથી'—એમ કહ્યું ત્યારે શિષ્ય શંકા કરે છે.

ટીકા :-હવે શિષ્ય શંકા કરે છે કે આત્મા અને જ્ઞાન તો એકરૂપ જ છે. જેમ ગોળથી ગળપણ જુદું નથી તેમ આત્માથી જ્ઞાન જુદું નથી, એક જ છે. તેથી આત્માના જ્ઞાનને સેવી જ રહ્યો છે તો પછી જ્ઞાનની ઉપાસના કરવાનું કેમ કહો છો?

સમાધાન :–જો કે આત્મા અને જ્ઞાન એક જ હોવા છતાં પણ ક્ષણ માત્ર જ્ઞાનને સેવ્યું નથી. અનાદિકાળથી પરની ક્રિયા હું કરી શકું છું, શુભભાવ કરું તો મને ધર્મ થાય એવા અજ્ઞાનને સેવ્યું છે. "હું જ્ઞાતાદ્રષ્ટા છું અને શુભોપયોગ હું નહિ" એવું ભાન કર્યું નથી તેથી જ્ઞાનને સેવ્યું નથી.

આત્મા સ્વભાવવાન છે અને જ્ઞાન તેનો સ્વભાવ છે.—તેમ જાણ્યા વગર પરપદાર્થની રુચિ છૂટતી નથી. આત્મા પરમાં નથી અને પર આત્મામાં નથી તો પરપદાર્થને છોડવું શું? હવે પુણ્ય-પાપ, દયા, દાનાદિના ભાવ થાય તેની રુચિને છોડવી અને જ્ઞાનની રુચિ કરવી. આત્માની શાંતિનો નિધિ તો અંતરમાં છે, તેનું સેવન કરતો નથી. આત્મામાં જ્ઞાનગુણ છે તેથી આત્મા અને જ્ઞાન એક જ છે પણ વર્તમાનપર્યાયમાં પુણ્ય-પાપની રુચિ કરે છે, જ્ઞાનની રુચિ કરતો નથી તેથી જ્ઞાનને સેવતો નથી. આત્માને અને જ્ઞાનને ક્ષેત્રભેદ, અવયવભેદ નથી. છતાં જ્ઞાન તે જ હું છું એમ અજ્ઞાની માનતો નથી. ગુણગુણી એક હોવા છતાં પર્યાયમાં અનાદિકાળથી કોઈ વખતે જ્ઞાન સાથે મેળ

કર્યો જ નથી. તેથી જ્ઞાનને સેવ્યું નથી. કારણ કે બે કારણોપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે—તે બે કારણો નીચે મુજબ છે :—

પોતે પોતાની મેળે કાં તો સમજે, પ્રથમ એકવાર જ્ઞાનીગુરુ સન્મુખ થઈ સાંભળ્યું હોય પણ તે વખતે સમજ્યો ન હોય, પછી પોતાની મેળે સમજે, એટલે સ્વયં બુદ્ધત્વ કહેવાય છે. અને જ્ઞાનીગુરુના ઉપદેશ–શ્રવણ–વખતે જો પોતે સમજે તો તેને બોધિત બુદ્ધત્વ કહેવાય છે. આ બે કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

આત્માની વર્તમાન પર્યાયની સ્વભાવ તરફ ઢળવાની લાયકાતને કાળલબ્ધિ કહે છે, તે વખતે ગુરુ હાજર હોતા નથી. પોતાથી સમજે છે તેને સ્વયં બુદ્ધત્વ કહેવાય છે અને કોઈ જ્ઞાની કહેનાર હોય ત્યારે પોતે સમજે તેને બોધિત બુદ્ધત્વ કહેવાય છે. જેમ સુતેલો માણસ પોતાની મેળે જાગે ને કાં તો કોઈ જગાડે ત્યારે પોતે જાગે. તેવી રીતે આત્માને સમજવા માટે બે કારણો છે. એક તો પોતે પોતાની મેળે વર્તમાન નિમિત્ત નહિ હોવા છતાં સમજે, તથા બીજું કારણ, વર્તમાન ગુરુ દ્વારા પોતે સમજે, પણ તે સિવાય આત્માને સમજવા માટે કોઈ વ્રતાદિના શુભભાવો કે શાસ્ત્ર પણ નિમિત્તરૂપે નથી. ઉપર કહેલા બન્ને કારણોમાં ખરેખર પોતે જ્યારે સમજે ત્યારે કારણો કહેવાય છે.

હવે અહીં પ્રશ્ન થાય છે કે : આત્માને જાણવાના, સ્વયંબુદ્ધત્વ તથા બોધિતબુદ્ધત્વ એ કારણો વગર શું પોતે અપ્રતિબુદ્ધ છે? ઉત્તર : હા. બરાબર એમ જ છે. આત્માને જાણવાના કારણોના અભાવમાં તે અપ્રતિબુદ્ધ જ છે, બોધ પામેલો નથી. ત્યારે ફરી શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે : તે જીવ અપ્રતિબુદ્ધ ક્યાં સુધી રહેશે? અહીં ગાથા ૧૮ કહેવાઈ ગઈ તેની ગાથા ૧૯મી સાથે સંધિ કરી છે એવા પાત્ર શિષ્યની વાત લીધી છે. તેનો ઉત્તર :—

## ગાથા ૧૯

હવે આત્મા અનાદિકાળથી અપ્રતિબુદ્ધ છે તે કોઈ કર્મના કારણે કે કોઈ બીજા પરના કારણે અપ્રતિબુદ્ધ રહ્યો છે, તેમ નથી. પણ જ્યાંસુધી તે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગદ્વેષાદિ ભાવકર્મ તથા શરીર, પુત્ર, લક્ષ્મી વગેરે નોકર્મમાં હું છું—એમ માને છે અને મારામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે, એમ માને છે, ત્યાં સુધી તે આત્મા અપ્રતિબુદ્ધ છે, બોધ પામ્યા વગરનો છે.

કર્મના કારણે મારું જ્ઞાન રોકાયું, શુભભાવથી ધર્મ થાય, શરીરાદિની ક્રિયાથી મારા આત્મામાં લાભ થાય—એમ જે માને છે તે કર્મ, નોકર્માદિમાં હું છું અને મારામાં તેની સત્તા છે, તેમ માને છે. તેવી માન્યતાવાળો જીવ અપ્રતિબુદ્ધ છે, એટલે કે તે બોધ પામ્યો નથી.

*

# પ્રસાદ નં.૩૭

## સમયસાર ગાથા ૧૯ ના પ્રવચનમાંથી.

(આસો સુદ ૧૦, શુક્રવાર)

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે આત્મા ક્યાં સુધી અપ્રતિબુદ્ધ રહેશે? તેનો આ ગાથામાં ઉત્તર છે.

જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ભાવો—અર્થપર્યાય—અને પેટાળ, તળીયું, પહોળાઈ આદિ–વ્યંજનપર્યાય–રૂપે પરિણમેલા પુદ્‌ગલના સ્કંધોમાં ઘડો છે અને ઘડામાં તે સ્પર્શાદિ તથા પેટાળાદિ રૂપે પરિણમેલા પુદ્‌ગલ સ્કંધો છે—એમ વસ્તુના એકપણાનું જ્ઞાન થાય છે, તે વ્યાજબી—બરાબર છે.

તેવી રીતે જ્ઞાનાવરણીય આદિ જડકર્મો અને તેના નિમિત્તે થતા આત્માના રાગાદિપરિણામો તથા જ્ઞાનની ઓછી અવસ્થા જે અંતરંગ પરિણામો છે તે અને શરીરાદિ નોકર્મ બાહ્યવસ્તુ છે. તે બધા આત્માનો તિરસ્કાર કરનારાં છે. પોતાના સ્વભાવને ચૂકીને આત્મા એ ત્રણ તરફની રુચિ કરે છે, ત્યારે આત્માનો અનાદર થાય છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મની રુચિ આત્માનો તિરસ્કાર કરે છે તેથી ઉપચારથી દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મને તિરસ્કાર કરનારાં કહ્યાં છે. ભૈયા ભગવતિદાસના ઉપાદાન-નિમિત્તના દોહરામાં “નિમિત્ત તું ચારગતિમાં રખડાવે છે”—તેમ ઉપાદાન કહે છે તેનો અર્થ આ રીતે જ છે. નિમિત્ત રખડાવતું નથી પણ નિમિત્તની રુચિથી રખડે છે, તેનો નિમિત્તમાં આરોપ આપ્યો છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે મારું જ્ઞાન વગેરે રોકાયાં છે. કર્મોનો ઉદય આકરો છે તેથી ધર્મ થઈ શકે નહિ—એવી જેની માન્યતા છે તે જીવ “કર્મથી હું જુદો છું” તેવું જ્ઞાન નહિ હોવાના કારણે, કર્મ તરફનું લક્ષ કરીને આત્માનો તિરસ્કાર કરે છે અને કર્મમાં પોતાપણું માને છે.

આત્માના જ્ઞાનની અધૂરી દશા તથા રાગાદિ વિકારી ભાવોમાં હું છું એટલે અંશ અને વિકાર જેટલો હું છું–તેમ માને છે, તે વિકારનો સ્વીકાર કરે છે. પોતાના સ્વભાવનો સ્વીકાર કરતો નથી. જ્ઞાનનો ઉઘાડ સારો હોય તો ધર્મ થાય–એવી માન્યતા વર્તમાન પર્યાયમાં એકત્વપણું કરાવે છે. તે ભાવકર્મમાં હું છું—તેમ માને છે.

શરીરાદિ નોકર્મ, પૈસા, વગેરે ઠીક હોય તો ધર્મ થાય, સમેતશિખર, શેત્રુંજયાદિની જાત્રા કરવાથી ધર્મ થાય, દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તો ધર્મ થાય આદિ પરપદાર્થમાં એકત્વબુદ્ધિ છે તે જીવ નોકર્મમાં હું છું, એમ માને છે.

દ્રવ્યકર્મ જે પુદ્‌ગલના સ્કંધ છે તેને મેં બાંધ્યા અને વર્તમાનમાં રાગ છે તેમાં હું છું. જ્ઞાનની ઓછી પર્યાય તે મારી છે અને ધર્મ કરવાથી ધન મળે, બહારની સામગ્રી મળે—એવી માન્યતાવાળો જીવ "દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમાં હું છું"—એમ માને છે.

સાંભળવા તરફનો ઉપયોગ તે આત્માનું લક્ષ છોડાવનાર હોવાથી તે શુભોપયોગ પણ આત્માનો તિરસ્કાર કરે છે.

ઉપર પ્રમાણે જે જીવ "કર્મ, નોકર્મ વગેરે પુદ્‌ગલ પરિણામોમાં હું છું અને મારામાં તે છે" તેમ અભેદ અનુભવ કરે છે, તે જીવ અપ્રતિબુદ્ધ છે. બોધને પ્રાપ્ત થયો નથી. કારણ કે તેને બોધ પ્રાપ્ત થવાના કારણ એવા ગુરુ મળ્યા નથી અને સમજ્યો પણ નથી. કદાચ ગુરુ મળ્યા હોય પણ પોતે સમજ્યો નહિ તેથી ગુરુ ન મળ્યા બરાબર છે.

જેવી રીતે ઘડો અને ઘડાની પર્યાયો અભેદ છે તેવી રીતે આત્મા અને જડકર્મ, વિકારીભાવો, અધૂરીદશા તથા શરીરાદિ અભેદ જોવામાં આવતા નથી. છતાં જે જીવ અભેદપણું અનુભવે છે, તે અપ્રતિબુદ્ધ છે, કારણ કે આત્મા અને કર્મ, નોકર્માદિ જુદા છે એવું કહેનારાં ગુરુ તેને પ્રાપ્ત થયા નથી અને પોતે પણ સમજ્યો નથી. આત્માને જાણવાના બન્ને કારણો તેને પ્રાપ્ત થયા નથી, માટે અપ્રતિબુદ્ધ છે.

કારણપૂર્વક કાર્યની ઉત્પત્તિ હોય છે, તો આત્માને સમજવાના કારણ એવા ગુરુ પણ એવા હોવા જોઈએ કે "આત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિથી ત્રણે કાળે જુદો છે"—એવો ઉપદેશ આપે, પણ શરીરની ક્રિયાથી ધર્મ થાય, રાગ તથા અધૂરી દશા જેટલો જ આત્મા છે, કર્મના ઉદયે આત્મા દુઃખી થાય છે—એવો ઉપદેશ કરનાર સાચા ગુરુ નથી—તે વાત પણ આમાં આવી જાય છે.

અહીં અપ્રતિબુદ્ધની વાત ચાલે છે. તેમાથી ગાથામાં કહેલ નાસ્તિની વાતમાંથી નાસ્તિ ઉપરાંત અસ્તિની વાત શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે, એટલે કે પ્રતિબુદ્ધ કેવો હોય તે વાત કાઢે છે. વસ્તુ તો અનેકાંતસ્વરૂપ છે.

જેવી રીતે રૂપી અરીસાની, સ્વ-પર બન્નેને પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે. અરીસો પોતે અને પરને પ્રતિભાસ કરવાની સ્વચ્છતાથી જુદો નથી અને અગ્નિ ઉષ્ણતા (અર્થપર્યાય) તથા જ્વાળા (વ્યંજનપર્યાય)થી જુદી નથી તેવી રીતે અરૂપી આત્મા પોતાની સ્વ-પર જાણવાની જ્ઞાનશક્તિથી ભિન્ન નથી અને પુદ્‌ગલકર્મ, નોકર્માદિ પુદ્‌ગલથી ભિન્ન નથી. આત્મા

જ્ઞાનસ્વરૂપ જ છે અને કર્મ-નોકર્મ પુદ્ગલરૂપ જ છે—એમ જ્યારે કોઈ વખતે એટલે પોતાના સ્વકાળના પુરુષાર્થના કાળે—પોતાથી અથવા ગુરુના નિમિત્તે પોતે સમજે ત્યારે જ પ્રતિબુદ્ધ થશે. બન્ને કારણો દ્વારા પોતે બોધને પ્રાપ્ત થાય છે, તેમ સમજવું.

*

# પ્રસાદ નં.૩૮

(સ.ગા. ૨૩—૨૫ના પ્રવચનમાંથી. આસો સુદ ૧૫, બુધવાર, બપોરે)

જે જીવ—અનાદિકાળથી પોતાનો સ્વભાવ જાણવું—દેખવું છે તેમ માનતો નથી તેથી તેની દ્રષ્ટિ પરદ્રવ્ય ઉપર જાય છે અને તેને પોતાનું માને છે, અજીવને જીવ માને છે. અહીં જીવ અધિકાર ચાલે છે. જીવ તો ચૈતન્ય છે તે માનતા આ પુદ્‌ગલદ્રવ્ય—જે અજીવ છે તે જ હું છું—એમ માને છે, તે નાસ્તિક છે, આત્માનો આસ્તિક નથી. તેને કહે છે :–

"હે દુરાત્મન્ ! ભૂંડા આત્મા" અહીં અસ્તિથી કહ્યું છે કે આત્મા છે પણ ભૂંડો છે. "આત્માનો ઘાત કરનાર!" અહીં નાસ્તિથી કહ્યું છે. "તું તારો સ્વભાવ જાણવું દેખવું છે, તેને માનતો નથી, તેથી આત્માનો ઘાત કરનાર છો." આત્મા એક વસ્તુ છે. શરીર વાણીથી પાર છે તેને અજ્ઞાની માનતો નથી અને "અન્નથી, પૈસાથી ટકે" એમ માને છે. "અન્ન મારો પ્રાણ છે. દીકરો મારો પ્રાણ છે. પુણ્ય મારો પ્રાણ છે" કેમ કે પુણ્ય છોડાવવાની વાત આવે ત્યાં જાણે પ્રાણ જતા હોય એમ લાગે છે. આમ પરપદાર્થને પોતાનું માને છે તે આત્મા ચૈતન્ય પ્રાણ છે, તેને માનતો નથી, માટે તે પોતાના ચૈતન્ય પ્રાણનો ઘાત કરનાર છે.

આચાર્ય ભગવાનને "ઘાત કરનાર છો"—એવો વિકલ્પ તિરસ્કાર- બુદ્ધિથી થયો નથી પણ કરુણાબુદ્ધિથી થયો છે. જેમ કોઈ છોકરાને તેનો બાપ "ગાંડો" કહે તો તે સુધારવાની અપેક્ષાએ કહે છે. તેમ આચાર્યદેવે કરુણાથી સમજાવવાના આશયે આ શબ્દ વાપર્યો છે.

"જેમ હાથી આદિ પશુઓ ચુરમાના લાડવા સાથે ઘાસ ખાય છે. તેને લાડવાના જુદા સ્વાદનો અનુભવ અવિવેકના કારણે આવતો નથી તો તેવા અવિવેકને તું છોડ. પર પદાર્થને પોતાના માનતા સ્વભાવદ્રષ્ટિ રહેતી નથી માટે તેવા વિકારી ભાવને છોડ."

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે બધા સંદેહને દૂર કર્યા છે અને કોઈપણ પ્રકારની શંકા નથી તથા વિપરીતભાવ હોતો નથી. "કાંઈક હશે" એવો અચોક્કસ ભાવ રહ્યો નથી. તેમ આચાર્ય ભગવાનને ત્રણ પ્રકારના દોષ ટળ્યા છે છતાં ભગવાનની ઓથ લઈને કહે છે કે "એવા સર્વજ્ઞદેવ ભગવાન ત્રિલોકનાથ કે જેનું જ્ઞાન સમસ્ત વસ્તુ, જડ, ચેતન, લોકાલોકને ચૈતન્ય જ્યોતિ સૂર્ય વડે પ્રકાશી રહ્યું છે. નિઃસંદેહ, શંકારહિત ચોક્કસ સ્વભાવ જેને પ્રગટ થયો છે તેવા સર્વજ્ઞદેવે તારો આત્મા ત્રિકાળ ઉપયોગ સ્વભાવરૂપ છે—એમ જોયો છે પણ શરીર, વાણી, મન કે

પુણ્ય-પાપવાળો જોયો નથી.'' ''હે આત્મન્ ! તારો ચૈતન્ય પટારો ભગવાને જ્ઞાન અને આનંદથી ભરપૂર ભરેલો જોયો છે. સુખનું ઠેકાણું તો આત્મામાં છે, પર પદાર્થમાં ચેન અને સુખ માન્યુ છે તેણે જડને આત્મા માન્યો છે. ભગવાને આત્માને અસંખ્યાત પ્રદેશી પ્રત્યક્ષ જોયો છે.'' એમ ભગવાનની ઓથ લીધી છે.

નવતત્ત્વમાં જીવતત્ત્વ કેવો હોય તેની વાત ચાલે છે. ''જીવતત્ત્વ નિત્ય જ્ઞાનઉપયોગરૂપ સ્વભાવવાળો છે, તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યમાં આવી ગયો? કે જેથી તું કહે કે મને સંયોગી ચીજ અને સંયોગીભાવ હોય તો ઠીક પડે. પરદ્રવ્ય કેવી રીતે તારું થયું કે તું તેને અનુભવે છે? જો કોઈ પણ પ્રકારે શરીર, વાણી, મન કે વિકારરૂપ જીવદ્રવ્ય થાય અથવા જીવદ્રવ્યરૂપે પુદ્ગલદ્રવ્ય થાય—જેમ મીઠાનું પાણી થાય અને ખારા પાણીનું મીઠું થાય તેમ—તો તું કહી શકે કે ''આ પુદ્ગલદ્રવ્ય મારું છે, પણ તેમ તો બનતું નથી.''

જીવતી માટી, સચેત નખ, સચેત વનસ્પતિ, સચેત શરીર વગેરે જે કહેવાય છે તે વ્યવહાર કથન છે. તેને અજ્ઞાની—જડ ચેતનને એક અનુભવે છે પણ ખરેખર જડ ચેતન બન્ને ભિન્ન પદાર્થ છે. જડ અને જીવનો સંયોગ છે તે બતાવવા ઉપચારથી કથન કરવામાં આવ્યું છે—તેમ જાણવું.

જેમ ખારાપણું મીઠાનું લક્ષણ છે. તે મીઠું પાણીરૂપે થતું દેખાય છે. કેમ કે ખારાપણાને અને પ્રવાહપણાને સાથે રહેવામાં વિરોધ નથી પણ આત્મા ઢીલો થઈને શરીર થાય અને શરીર કઠણ બનીને આત્મા થાય, એમ કદી બનતું નથી.

શરીર અને આત્માનું આ રીતે એકપણું સંભવતું નથી. ત્રિકાળ ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય, પુણ્ય-પાપાદિ તથા શરીર, વાણી, મનરૂપે થતું જોવામાં આવતું નથી અને જેમાં જાણવા દેખવાનો ઉપયોગ નથી તેવા આંધળા જડ દ્રવ્યો કદી જીવદ્રવ્યરૂપે થતા જોવામાં આવતા નથી. પ્રકાશ અને અંધકાર એકરૂપ થવામાં—વિરોધ છે. મીઠાનું પાણી થાય અને તે પાણીનું પાછું મીઠું થાય પણ પ્રકાશ મટીને અંધકાર અને અંધકાર મટીને પ્રકાશ થાય નહિ. અંધકાર અંધકારરૂપે રહીને પ્રકાશરૂપે ન થાય અને પ્રકાશ પ્રકાશરૂપે રહીને અંધકારરૂપે ન થાય; તેમ જીવ નિત્યઉપયોગલક્ષણવાળો, ઉપયોગરહિત એવા પુદ્ગલદ્રવ્યરૂપે થાય નહિ. સર્વજ્ઞદેવે આમ બન્ને દ્રવ્યોને એકબીજાથી એકરૂપ થતા જોયા નથી તો આચાર્ય ભગવાન કહે છે કે પરદ્રવ્યની સાથેની એકતાનો મોહ છોડ, સર્વ પ્રકારે પ્રસન્ન થા, સાવધાન થા ને તારા દ્રવ્યને અનુભવ.

મરણ વખતે દવાની ગોળીના નિમિત્તે અમુક કાળ માટે કદાચ સાધ્ય—જાગ્રત દશા થાય તેનો અજ્ઞાની જીવ ભરોસો કરે છે અને બહુમાન કરે છે પણ ''હું

ત્રિકાળી ઉપયોગસ્વરૂપ જાગ્રતમય જ છું'' તેનો વિશ્વાસ કરતો નથી. જડ ચેતન અને ચેતન જડ કદી બનતા નથી તેથી હે જીવ ! તું હવે બધા પ્રકારથી પ્રસન્ન થા. ''પરદ્રવ્યથી હું છું એવા ભાવને કાઢી નાખ, ખેદ દૂર કર.''

તું ખોવાઈ ગયો નથી. આખો એમને એમ પડ્યો છે. પર્યાયમાં ભૂલથી સંસાર કર્યો હતો, તેને છોડ અને પ્રસન્ન થા ! સાવધાન થા ! ''સમયવર્તે સાવધાન'' લૌકિકમાં કહે છે, એટલે સમય આવે ચૂકીશ નહિ, તારા ચૈતન્યના માંડવામાં સમજવાના ટાણા (વખત) આવ્યા છે. હવે આ અવસરને ચૂકીશ નહિ. અનાદિના અથડાએલાને માર્ગ કેમ દેખાય, તેનો ઉપાય બતાવે છે. ''જીવદ્રવ્ય તે જ હું છું, એવો અનુભવ કર.''

અનાદિનો અજ્ઞાની છે, તેને કહે છે કે ''તારો સ્વભાવ આવો જ તેને સમજ'' અને તેવા જીવને ગુરુ આવો જ ઉપદેશ આપે છે–તેમ કહ્યું છે.

કોઈ વેળા સોનાનો દાગીનો કોઈનો માગીને લાવ્યા હોય ને પછી ખોવાઈ ગયો હોય તો તે દાગીનો અખંડ પાછો મળે, કોઈ ભાંગી ફોડી ન નાખે તેની ચિંતા રહ્યા કરે છે. પણ આખો જેવો હતો તેવો પાછો મળી જાય તો ખુશ થાય છે તેમ આચાર્ય ભગવાન કહે છે કે ''આ તારો આત્મા અનાદિનો પર્યાયમાં અજ્ઞાનથી ખોવાઈ ગયો હતો, તે અખંડ પાછો, આખો નિત્ય ઉપયોગી, જેવો હતો તેવો મળી ગયો છે તો હવે તું પ્રસન્ન થા, સાવધાન થા અને 'સ્વદ્રવ્ય જ મારું છે' એમ અનુભવ કર.''

*

# પ્રસાદ નં.૪૩

## સમયસાર કળશ ૨૩ ના પ્રવચનમાંથી.

(આસો વદ ૧, ગુરુવાર, બપોરે)

આચાર્યદેવ કોમળ શબ્દોથી સંબોધન કરે છે, જેમ છોકરો બહારચલો થાય અને બાપ કહે કે "એકવાર તું બહારચલાપણું છોડ તો તને ખબર પડે કે કેટલી શાંતિ છે." તેમ "હે ભાઈ ! તું કોઈપણ પ્રકારે કૌતુહલ (અભિલાષા) કરીને તત્ત્વને જાણ. અનંતકાળથી પરપદાર્થમાં એકત્વપણું માનીને રખડે છે. તારું તત્ત્વ તું જો. તારો આત્મા મુર્ખાઈ અને પંડિતાઈના પડદે ઢંકાઈ ગયો છે, તેને તું જો. આત્માને સમજવા માટે નિવૃત્તિ લે, કદાચ પરીષહ પડે તો ભોગવી લે. રૂપિયા કમાવા માટે પરદેશ જઈને કષ્ટ સહન કરે છે. તો અહીં આત્માને સમજવા માટે એકવાર કષ્ટ સહન કરવાનો વખત આવે તો પણ કર. દુનિયા "ગાંડો કે ભ્રષ્ટ થઈ ગયો" કહે તોપણ તું એક વખત મરણ જેટલું કષ્ટ આવે તો સહન કરીને પણ સત્સમાગમ કર, પરથી જુદા આત્માને એકવાર તો જો ! તારી ચીજ અજ્ઞાનને પડદે પડી છે, તેને જો. મરીને પણ જો, એટલે મરેલો કાંઈ પાછો જોવા આવતો નથી, પણ છેલ્લી હદ સુધી, દેહ છૂટવાના ટાણા આવે એવી પ્રતિકૂળતાના વખતમાં પણ 'જ્ઞાતાસ્વભાવી છું'—તેવું ચૂકીશ નહિ."

જ્ઞાનસ્વભાવ જાણવામાં કદાચ અગવડતા વેઠવી પડે, દીકરા-દીકરી રહિત થવું પડે, એકલદોકલ થવું પડે તોપણ આત્મા કોણ છે તે જાણવા એકવાર તો મંથન કર ! બધું કરી ચૂક્યો છો. દયા, દાન, ભક્તિ આદિ કર્યા તેના ફળમાં સ્વર્ગાદિ મળ્યા પણ પોતાના આત્માને જાણવા માટે એક વખત પણ સાચો ઉપાય કર્યો નથી. કદાચ નાતનો સંબંધ છોડવો પડે, સ્ત્રી, કુટુંબાદિ છોડવા પડે, શરીર છોડવાનો પ્રસંગ આવે તો તેટલી પરાકાષ્ટામાં પણ તું તારા આત્માને જાણવાનો ઉત્સુક બન. કારણ કે આત્માનો સ્વભાવ તો પરવસ્તુથી જુદો છે એટલે પ્રતિકૂળતાના સંયોગ કે જે પર છે તેની પરાકાષ્ટામાં પણ તું તારા આત્માને જુદો અનુભવ કરવાનો અભિલાષી થા.

પૈસા કમાવા માટે પરદેશમાં જાય, જીવનું જોખમ ખેડીને જંગલમા પણ જાય. એકલો હોય, વાઘ, સિંહાદિનો, મરણનો ભય હોવા છતાં પણ દરકાર કરતો નથી. ખબર હોવા છતાં શરીરને જતું કરીને પણ પૈસા કમાવા માટે સાહસ કરે છે. મા બાપ પણ પૈસાના લોભે આવા સાહસ માટે મોકલે છે. તેમ અહીં "આત્માનો ઉત્સુક હે જીવ ! તું ગમે તેટલા બહારના, મરણપર્યંતના કષ્ટ આવી પડે તો તેને

સહન કરીને એકવાર તત્ત્વનો કૌતુહલી—તીવ્ર અભિલાષી થા !''–એમ આચાર્યદેવ, તારા પિતા છે, તે ભલામણ કરે છે અને ''એકવાર તો સાહસ કર''–એમ કહે છે.

આ શરીરાદિ પરદ્રવ્યો છે તેનો બેઘડી પાડોશી થા કેમ કે પાડોશી કંઈ પોતાના નથી. પાડોશીના નુકશાને પોતાને નુકશાન થતું નથી તેમ આ પુદ્‌ગલદ્રવ્યો કે જેનાથી આત્મા જ્ઞાનાનંદ ત્રણે કાળે જુદો છે તેનો અનુભવ કરવાથી મોહ છૂટી જશે કેમ કે આત્મા જ્ઞાનાનંદ વિલાસરૂપ જ છે. તેમાં શાંતિ ભરી છે તેથી તેને જુદો દેખી અનુભવ કર.

જેને વર્તમાન જ્ઞાન, દર્શનાદિની અધૂરી દશામાં તથા પુણ્ય—પાપાદિમાં રુચિ અને અહંકાર છે તેને સંયોગી પદાર્થની રુચિ હોયા વગર હોય જ નહિ. તેથી તે બધા પરદ્રવ્યોથી જુદો વિલાસરૂપ આત્માને જાણતાં જેનાથી પરદ્રવ્યનું એકત્વપણું થયું છે તેવા મોહને તું તરત જ છોડશે એટલે મિથ્યાત્વનો નાશ થયા વગર રહેશે નહિ. મોહ કેવી રીતે કર્યો હતો અને તે કેમ નાશ થાય તે બન્ને વાત આમાં કહી છે.

અહીં આ વાત અપ્રતિબુદ્ધને કહે છે પણ તે જીવ સાંભળવાનો કામી છે, તેને કહે છે. 'એકવાર શરીર છૂટવાના ટાણા આવે તો પણ તત્ત્વ સમજવાનો કૌતુહલી થા !' તેનો અર્થ એ છે કે શિષ્ય ધીરજથી સાંભળે છે, માયકાંગલાપણું કરીને ''આવી વાત કરશો નહિ''–તેમ કહેતો નથી. ''અમો સંસારી, અમારાથી આ વાત ન બની શકે''—તેવા અપાત્ર જીવની વાત અહીં લીધી નથી.

સાઠ વરસનો બુઢ્ઢો હોય અને અપુત્ર હોય, પચીસ લાખની મૂડી હોય અને છોકરાની મમતાવાળો હોય, તેને ત્યાં ઘરમાં બૈરાંને સુવાવડનો પ્રસંગ હોય તે વખતે દીકરાનો પ્રસવ થાય છે કે નહિ તે જાણવાની કેટલી તાલાવેલી અને ઉત્સુકતા બતાવે? તેવી રીતે અનાદિકાળનો અજ્ઞાની અપ્રતિબુદ્ધ જીવ છે તેને આચાર્ય ભગવાન કહે છે ''આ આત્મા અનાદિકાળથી રખડે છે. આ તારા સમ્યગ્દર્શનરૂપી પુત્રના પ્રસવના ટાણા આવ્યા છે''—અનાદિકાળથી નહિ પ્રાપ્ત કરેલ સ્વભાવની રુચિવાળા જીવને કહે છે ''એક વખત જાણવાની તાલાવેલી બતાવ અને આત્માનો અનુભવ કર. પરપદાર્થના એકત્વપણાની બુદ્ધિ આ એક જ ઉપાયથી છૂટશે.''

અહીં પ્રથમ ''આત્મા શું છે તેનું જ્ઞાન, ભાન તે જ મુક્તિનો રસ્તો છે'' તેમ કહ્યું છે પણ ''વ્રતાદિ પહેલાં કરી પછી આ કરજો'' એમ કહ્યું નથી. બે ઘડી પુદ્‌ગલ દ્રવ્યથી આત્મા જુદો છે તેમ પ્રથમ જાણે તો અહંકાર છોડે અને પછી પોતાનો અનુભવ થાય. આત્મા જ્ઞાતા છે તેનો અનુભવ કરતાં પ્રતિકૂળતા આવી પડે. આખા દેશથી જુદું પડવું પડે—આ વાત જાણતાં જગતથી જુદું પડવું પડે, કેમ

કે તારો સ્વભાવ સમસ્ત પરદ્રવ્યોથી જુદો છે, એટલે કદાચ બધું છૂટી જવાના ટાણા આવે તો પણ ડગે નહિ તો ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી મોક્ષને પ્રાપ્ત થાય.

આત્માના સ્વભાવની લીનતા—અનુભવનું જો આવું માહાત્મ્ય છે તો પછી મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી તે સુલભ છે. માટે શ્રીગુરુઓએ આ ઉપદેશ જ પ્રધાનતાથી કર્યો છે.

હવે શિષ્ય અપ્રતિબુદ્ધ છે તે શાસ્ત્રના અર્થને સમજતો નથી તેથી પ્રશ્ન કરે છે.

## ગાથા ૨૬

અપ્રતિબુદ્ધ કહે છે કે “જો શરીર અને આત્મા એક ન હોય તો પછી તીર્થંકર અને આચાર્યોની શરીરની સ્તુતિ શાસ્ત્રમાં કરી છે કે ‘હે ભગવાન ! આપનું શરીર મનોહર ક્રાંતિકારી છે.’ વગેરે પ્રકારથી સ્તુતિ કરી છે, તે ખોટી ઠરે છે.”

## કળશ ૨૪

હવે શાસ્ત્રમાં ભગવાનની સ્તુતિ કેવી હોય તે વર્ણવે છે. તે તીર્થંકર આચાર્યો વાંદવા યોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો કે તેમના દેહની કાંતિ દશે દિશામાં પ્રકાશે છે. સ્ફટિકના રજકણો જેવું શરીર હોય છે. જેમ ઉંચા પ્રકારના દુધપાક હોય તો તેને ભરવા વાસણ પણ તેવું જ હોય પણ કોથળા કે બારદાન ન હોય તેમ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે શરીર પણ સ્ફટિકના રજકણો જેવું હોય છે. અજ્ઞાની કહે છે કે “શરીર ને આત્મા એક ન હોય તો શરીરનું વર્ણન આવી સ્તુતિથી શા માટે કરો છો?” તે જીવ શાસ્ત્રના વ્યવહાર કથનને સમજતો નથી. વિશેષ વર્ણન આગળ થશે.

*

# પ્રસાદ નં.૪૪

## (સમયસાર કળશ ૨૪ ના પ્રવચનમાંથી.)

(આસો વદ ૨, શુક્રવાર, બપોરે)

સમયસાર ગાથા ૨૫ સુધી શરીર અને આત્મા એક નથી, એમ કહ્યું કારણ કે જેણે ધર્મ કરવો હોય તેણે પ્રથમ જીવ કેવો હોય, તે જાણવું અને માનવું પડશે. શરીરને જીવ માને, પુણ્યથી ધર્મ થાય તેમ માને, તે જીવ માનતો નથી. શરીર અજીવ છે. તેના ગુણો અજીવ છે, તેના પર્યાયો પણ અજીવ છે. શરીર ને આત્મા એક માને છે તે જીવને અજીવ માને છે. હાલવા, ચાલવાની, બોલવાની જે ક્રિયા દેખાય છે તે અજીવની છે, આત્માની નથી.

ત્યારે હવે શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે "શરીર ને આત્મા એક નથી તો તીર્થંકરોની સ્તુતિ કરતાં શરીરના રૂપ રંગ તથા વાણીના વખાણ કર્યા છે, તેથી અમને લાગે છે કે શરીર ને આત્મા એક છે. "શાસ્ત્રમાં મુનિઓ ભગવાનની સ્તુતિ કરે છે તેનું વર્ણન કર્યું છે, તેના અર્થને સમજતો નથી તે જીવ આત્મા અને શરીર જુદા છે તેને જાણતો નહિ હોવાથી તે વ્યવહારના કથનને સાચું માને છે, તેથી તેવા અપ્રતિબુદ્ધને પ્રશ્ન થયો છે.

તે સ્તુતિ કેવી હોય છે? મુનિ વ્યવહારથી તીર્થંકર—આચાર્યોની સ્તુતિ કરે છે, તેમાં સાચો વ્યવહાર કેવો હોય તે વાત પણ સાથે આવી જાય છે. તીર્થંકર–આચાર્યો વાંદવાયોગ્ય છે. (૧) ભગવાનના શરીરની કાંતિ દશે દિશામાં પ્રકાશે છે. સ્ફટિક જેવું સુંદર શરીર હોય છે–એમ કહીને ભગવાનના શરીરમાં ક્ષુધા, રોગ, તૃષા, જીર્ણતા કે વૃદ્ધાવસ્થા ન હોય, જીર્ણતા થાય તો સુંદરતા ન રહે–એમ સાચો વ્યવહાર પણ સાથે બતાવ્યો છે. (૨) ભગવાનના શરીરનું તેજ સૂર્ય અને ચંદ્રના તેજને ઢાંકી દે છે. (૩) ભગવાનની દિવ્યધ્વનિ જાણે સાક્ષાત્ અમૃત વરસાવતી હોય એવી છે. (૪) ભગવાનને શરીરની આકૃતિમાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હોય છે.

"જો શરીર ને આત્મા જુદા હોય તો ભગવાનનું આવું વર્ણન—સ્તુતિ ખોટી ઠરે છે અને ખોટું હોય તો જ્ઞાની શા માટે આવું બોલે? માટે શરીર ને આત્મા જુદા નથી"–એમ અપ્રતિબુદ્ધ કહે છે. શાસ્ત્રમાં શરીરની વ્યાખ્યા કરી હોય તે આત્માની નથી, એવું પોતે સમજ્યો નથી અને સમજાવનાર ગુરુ પણ મળ્યા નથી–તેમ નક્કી થાય છે. તેને આચાર્યદેવ કહે છે કે તું નય ના સ્વરૂપને જાણતો નથી. નય નો વિવેક આ પ્રમાણે છે :–

## ગાથા ૨૭

વ્યવહારનય તો એમ કહે છે કે જીવ અને શરીર એક છે. પંચાધ્યાયીમાં એમ કહ્યું છે કે જીવ અને શરીર વ્યવહારનયથી પણ એક નથી. વ્યવહાર સ્વદ્રવ્યમાં જ હોય, બન્નેને એક કહેવા તે નયાભાસ છે, નય જ નથી. અહીં શિષ્યને સમજાવવા, એકક્ષેત્રાવગાહ સંબંધ છે તે બતાવવા અને ખરેખર શરીર ને આત્મા એક નથી, તેમ કહેવા અહીં વ્યવહારથી એક કહેવામાં આવે છે, તેમ કહ્યું છે.

ટીકા :–જેમ સોનું અને ચાંદીને ગાળીને એક પિંડ કરવામાં આવે છે તે પિંડને ધોળું સોનું (છાસીયું સોનું) કહેવામાં આવે છે, તેમ શરીર અને આત્માને એક ક્ષેત્રે રહેવાની અવસ્થાને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તેથી તેને એકપણાનો વ્યવહાર કરવામાં આવે છે, પણ ખરેખર બન્નેનું એકપણું નથી. આત્માનો જાણવાનો સ્વભાવ છે અને શરીરનો નહિ જાણવાનો સ્વભાવ છે, તેથી એક થતા નથી. આવી પ્રગટ નયની વહેંચણી છે.

આવી સ્તુતિ વ્યવહારથી કરવામાં આવે છે. તેમાં રાગ—પુણ્ય થાય છે, ધર્મ થતો નથી. આવી સ્તુતિ વ્યવહારથી આત્માની કહેવાય પણ નિશ્ચયથી આત્માની સ્તુતિ નથી.

## ગાથા ૨૮

જીવ અને શરીર બન્ને જુદાં છે છતાં શરીરની સ્તુતિ કરીને મુનિઓ ભગવાનની સ્તુતિ કરે છે. તેમ કહીને અહીં વ્યવહાર શુભભાવ મુનિઓને પણ હોય છે તેમ સાબિત કર્યું છે. મુનિને આવો શુભભાવ હોય જ નહિ—એમ કોઈ કહે તો તે બરાબર છે નહિ અને શુભભાવ હોય માટે તે ધર્મ છે કે ધર્મનું કારણ છે—એમ પણ નથી. સાક્ષાત્ ભગવાન કે તેમની પ્રતિમાને જોઈને આ શુભભાવ થયો—સ્તુતિ થઈ—એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે, તે વ્યવહારને પણ સમજતો નથી.

જેમ સોનું ખરેખર ધોળું નહિ હોવા છતાં ચાંદીના સફેદ ગુણથી સોનાને સફેદ સોનું (છાસીયું સોનું) કહેવામાં આવે છે, તેમ સાક્ષાત્ તીર્થંકર કે તેમની પ્રતિમાની સ્તુતિ કરતાં ભગવાનના શરીરનું વર્ણન મુનિ કરે છે તે વ્યવહારથી કરે છે. નિશ્ચયથી શરીરની સ્તુતિથી આત્માની સ્તુતિ થતી નથી. અહીં સાક્ષાત તીર્થંકરની વાત છે. પણ સાક્ષાત્ તીર્થંકર ન હોય ત્યારે પ્રતિમામાં સ્થાપના કરીને મુનિને ભક્તિ આદિનો શુભભાવ—સ્વભાવમાં સ્થિર ન હોય ત્યારે—હોય છે. મુનિને આવો ભાવ ન જ હોય તે વ્યવહારને સમજતો નથી.

કોઈને પ્રશ્ન થાય કે વ્યવહારનય અભૂતાર્થ કહ્યો છે અને શરીર તો જડ છે તેના આશ્રયે સ્તુતિથી શું લાભ છે ? તો કહે છે કે વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી પણ નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે. જ્ઞાની નિશ્ચયની પ્રધાનતામાં ટકી શકતો નથી ત્યારે શુભભાવનો વ્યવહાર આવે છે પણ તે ધર્મ નથી, એમ બતાવવા વ્યવહારને અસત્યાર્થ કહ્યો છે. સાધકને શુભભાવ આવતા નથી એમ નથી. સમ્યગ્દ્રષ્ટિ ઇન્દ્રો, ઇન્દ્રાણીઓ, ભગવાન પાસે નમે છે, નાચે છે. મુનિઓ, ભાવલિંગી પણ એમની શાંતમુદ્રાને દેખીને સ્તુતિ કરે છે. આ તો વ્યવહારના કથન છે, ખરેખર તો પોતાના ગુણોનું બહુમાન આવતાં આરોપ કરે છે. "અહો ભગવાન ! તમો શાંતમૂર્તિ છો, વીતરાગ છો" આદિ ભાવ આવ્યા વગર રહેતા નથી.

કોઈ એમ કહે કે સાધક દશામાં આવો શુભભાવ આવે નહિ તો તે ખોટો છે અને શુભભાવ પ્રતિમા—ભગવાનને દેખીને થયો એમ માને તો તે પણ ખોટો છે. શુભભાવ સ્તુતિથી ધર્મ થઈ જશે, મુક્તિ થઈ જશે–એમ માનનાર પણ મિથ્યાદ્રષ્ટિ છે, તે સાચા વ્યવહારને પણ સમજ્યો નથી.

*

# પ્રસાદ નં.૪૫

## સમયસાર ગાથા ૨૯મી ના પ્રવચનમાંથી.

(આસો વદ ૩)

શિષ્યનો પ્રશ્ન હતો કે શરીર અને આત્મા જુદા કહો છો પણ અમોને તે બરાબર લાગતું નથી કેમ કે તીર્થંકરોના શરીરની સ્તુતિ મુનિઓ કરે છે માટે શરીર અને આત્મા એક છે, એમ અમને લાગે છે.

તો કહે છે કે તે સ્તુતિ નિશ્ચયે યોગ્ય નથી કેમ કે શરીરના ગુણો તે ભગવાનના ગુણો નથી. જે આત્માની સ્તુતિ કરે છે, તે ખરેખર કેવળી ભગવાનની સ્તુતિ કરે છે.

"હે ભગવાન્ ! તમે તો દિવ્યધ્વનિ વડે ઉપદેશ કરો છો. આપનાથી અનેક જીવો ધર્મ પામ્યા" એ બધો વાણીનો અતિશય છે પણ આત્માનો ગુણ નથી કારણ કે ભગવાન દિવ્યધ્વનિવાળા નથી. વાણીનો અને શરીરનો ભગવાનમાં અભાવ છે. પુણ્યના અતિશયથી ભગવાનની સ્તુતિ કરે છે, તે ભગવાનની સ્તુતિ નથી. ભગવાનનો આત્મા કેવલજ્ઞાન દર્શનાદિ સ્વરૂપ છે. આત્માના ગુણોમાં એકાગ્ર થવું તે ખરેખર ભક્તિ સ્તુતિ છે. તીર્થંકર—કેવળી તો આત્મા છે. શરીર વાણી કે સમવસરણ તે કેવળી ભગવાન નથી. ભગવાનને તો અનંતજ્ઞાન—દર્શન અનંત વીર્ય અને પરિપૂર્ણ સુખ પ્રગટ થાય છે, તે ભગવાન આત્મા છે. "ભગવાનના વખતમાં યજ્ઞ બહુ થતા હતા, તે ભગવાને બંધ કરાવી દીધા" એમ માનીને ભગવાનની સ્તુતિ કરે છે, તે ખોટી વાત છે. ભગવાને તો પોતાની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કરી છે, બહારમાં કાંઈ કર્યું નથી, એમ માને તો પછી ભગવાનના આત્માની સ્તુતિ કરે, તે સાચી સ્તુતિ છે. ભગવાનની અનંત શક્તિ બહારમાં કાંઈ ફેરફાર કરતી નથી. બીજાનું ભલું કરી દે એવી ભગવાનની શક્તિ નથી. તેમની અનંતશક્તિ તો આત્મામાં કામ કરતી હતી. વ્યવહારથી કથન કરવામાં આવે કે ભગવાન રક્તવર્ણના હતા. અધમઉદ્ધારક, તરણતારણ એમ કહેવાય પણ ખરેખર તે ભગવાનની સ્તુતિ નથી, તે પુણ્યની અને શરીરની સ્તુતિ છે. તેને ભગવાનની સ્તુતિ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. તે ભગવાનની સાચી સ્તુતિને જાણતો નથી.

હવે પ્રશ્ન થાય છે કે આત્મા શરીરમાં રહે છે, તેથી શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન કેમ ન થાય ?

## સમયસાર ગાથા ૩૦

ઉત્તર :–જેમ નગરનું વર્ણન કરવાથી નગરમાં રહેતા રાજાનું વર્ણન થતું નથી તેમ દેહના વર્ણનથી આત્માનું વર્ણન થતું નથી. કેમ કે શરીર રહે તો રાજા અને શહેર બન્નેના ગુણો જુદા જુદા છે, એક નથી; તેમ શરીર સાથે આત્માનો એક ક્ષેત્ર અવગાહ રહેવાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં બન્નેના ગુણો જુદા છે એટલે શરીરની પ્રશંસાથી આત્માની સ્તુતિ બની શકતી જ નથી.

કળશ—૨૫મો. આ નગર કેવું છે ? ચારે બાજુએ કોટ છે. તે ઉંચો છે અને વચમાં નગર આવેલું છે. વન અને બગીચાની હારથી ભૂમિ ઢંકાઈ ગઈ છે. નીચે ઉંડી ખાઈ છે. આ તો નગરનું વર્ણન થયું. એમાં રાજાનું વર્ણન આવ્યું નહિ. જો કે રાજા તે નગરમાં રહેતો હોવા છતાં, રાજા કાંઈ કોટ ખાઈ અને બાગવાળો નથી પણ રાજા તો ઉદાર, નીતિવાળો, શીયળવંત, પ્રેમાળ, વગેરે ગુણોવાળો છે.

એવી રીતે ભગવાન હતા ત્યાં સમવસરણ હતું. તેની મધ્યમાં ભગવાન બિરાજતા હતા પણ તેથી સમવસરણના વર્ણનથી ભગવાનના ગુણોનું વર્ણન થતું નથી.

ભગવાન અહિંસાવાદી હતા. તેની વ્યાખ્યા એ છે કે પુણ્ય-પાપાદિ ભાવો અને શરીરાદિથી જુદો જ્ઞાન સ્વરૂપ આત્મા છે, તે હું છું, એવો નિર્ણય કરી ઠરી ગયા તે સાચી અહિંસા છે. પણ ભગવાને બહારની હિંસા અટકાવી તે ખરૂં નથી, ઉપચાર માત્ર કથન છે. ભગવાનની અંતર અહિંસાનો પ્રભાવ એવો નથી કે બહારમાં કાંઈ અસર કરે. સમવસરણમાં સિંહ અને હરણ સાથે બેસતા તેમાં ભગવાનનો પ્રભાવ બિલકુલ નથી, પુણ્ય અતિશયનું ફળ છે.

મુનિને આત્મામાં અહિંસા પ્રગટી હોવા છતાં જંગલમાં વાઘ, વરુ આદિ હિંસા કરે છે. માટે અહિંસા અંતરમાં પ્રગટે તો બહારમાં અસર થાય તે બનતું નથી.

કળશ-૨૬મો. ભગવાનના શરીરનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે રૂપ ? ભગવાનના શરીરના રજકણો અવિકાર શાતાના રસવાળા હોય છે, સારી રીતે સુસ્થિત હોય છે, ઉત્સુકતા કે કુતુહલતા ભગવાનને જન્મથી જ હોતી નથી. ગંભીરતા–શાંતરસ એવો હોય છે કે ઇન્દ્રોને પણ ભગવાનનું શરીર દેખીને આશ્ચર્ય થઈ જાય કે ભગવાનને ગંભીરતાથી ડગવવા કેમ ? એવા ઠરેલ માણસ જેવા હોય છે. ઇન્દ્રોને પણ શરીર દેખી પ્રિયતા લાગે છે અને શરીર સમુદ્રની જેમ ક્ષોભરહિત છે.

આમ શરીરના ગુણોના વર્ણનમાં 'નિત્ય અધિકાર' લીધું છે, તે સુચવે છે કે તે શરીરમાં રોગ કે જીર્ણતા થતી નથી. તેથી ભગવાનના શરીરમાં રોગાદિ માનવા તે સાચો વ્યવહાર પણ નથી અને શરીરનો સાચો વ્યવહાર કેવો હોય તે પણ બતાવ્યો તેથી શરીરની સ્તુતિ કરતાં ભગવાનની સ્તુતિ માને તો પણ મિથ્યાદ્રષ્ટિ છે.

## સમયસાર ગાથા ૩૧મી.

ભગવાનની સાચી સ્તુતિ કેવી હોય, તેનું વર્ણન કરે છે. સાચી સ્તુતિ કરનાર આત્મા તરફ ઢળતો હોય પણ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ ઢળતો હોય તેને ભગવાનની સાચી સ્તુતિ થતી નથી કારણ કે તે તો રાગભાવ છે. સ્તુતિના વર્ણનમાં કહ્યું છે કે જડ ઇન્દ્રિયો, ભાવઇન્દ્રિયોની રુચિ છોડી હું ત્રિકાળ જ્ઞાતા છું એવી રીતે સ્વભાવને જાણે તેને ભગવાન જીતેન્દ્રિય સમ્યગ્દ્રષ્ટિ કે મુનિ કહે છે. અલ્પજ્ઞતા પુણ્યપાપના વિકલ્પ જડઇન્દ્રિય ત્રણે હું નહિ, હું જ્ઞાતા સ્વભાવી છું, તે નિશ્ચય—ખરેખરી વસ્તુ છે.

*

# પ્રસાદ નં.૪૬

## સમયસાર ગાથા ૩૧મી.

(આસો વદ ૪)

ભગવાન તીર્થંકરની સાચી સ્તુતિ, ભક્તિ એટલે સમ્યગ્દર્શન થયું કોને કહેવાય, તે વાત ચાલે છે. જે કોઈ મુનિ અગર આત્મા, આ આત્મ પદાર્થ શરીર, મન, વાણીથી તથા પુણ્યપાપની વૃત્તિથી જુદો છે. તેની વર્તમાન અવસ્થામાં વિકારને લઈને થયેલું જ્ઞાન દુઃખપણાનું વેદન કરે છે. તે અલ્પજ્ઞપણું તથા વિકારથી જુદો તથા જડ ઇન્દ્રિયો અને તેના વિષયોથી જુદો મારો જ્ઞાતા સ્વભાવ તે જ હું છું, એમ જુદાપણું અનુભવે છે તે ખરેખર ભગવાનની સાચી સ્તુતિ છે.

અહીં પ્રથમ નક્કી કરવું જોઈએ કે જે આત્મા અલ્પજ્ઞ અવસ્થા, પુણ્ય-પાપાદિ વિકાર અને જડ શરીરાદિની રુચિ છોડે અને જ્ઞાનસ્વભાવી આત્માની રુચિ કરે, તે સમ્યક્જ્ઞાન પામી અનુક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરે. તેવી પૂર્ણ અવસ્થા પૂર્વે કોઈએ પ્રાપ્ત કરી છે, તે જાણવું જોઈએ.

આ ગાથામાં જ્ઞેયજ્ઞાયક સંકર દોષનો પરિહાર કરે છે. એટલે આત્મા જ્ઞાતા છે, તેના જ્ઞાનના જ્ઞેયના ત્રણ પ્રકાર છે. તે જ્ઞેય અને જ્ઞાનને એકમેક માનવું તે સંકર દોષ છે. અલ્પજ્ઞતા, દયા દાનાદિના વિકાર શરીર, ઇન્દ્રિયો એ બધાં જ્ઞાનના જ્ઞેયો છે છતાં તે ત્રણને જ્ઞાયક એવા આત્મા સાથે એકમેક માનવા તે ભ્રાંતિ છે. તે ભ્રાંતિ કેવી રીતે ટળે એટલે કે સંકર દોષ કેવી રીતે નાશ પામે, તે કહે છે.

આત્મામાં વર્તમાનમાં અલ્પજ્ઞતા છે, વિકાર પણ છે. તેની રુચિ પર- સંયોગ ઉપર જાય છે. તેનાથી રાગરહિત થવું હોય તો અલ્પજ્ઞતા, વિકાર અને સંયોગ દ્રષ્ટિવાળો પોતાને માને તો વીતરાગ થઈ શકે નહિ. પણ મારો આત્મા જ્ઞાનસ્વભાવી છે તેવું સર્વજ્ઞે જોયું છે, એમ માને તો વીતરાગ થાય. તેવા સર્વજ્ઞની પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ. ત્યારે વ્યવહાર શ્રદ્ધા થઈ કહેવાય. આ પ્રમાણે વ્યવહારની કબુલાત આવતા તે જીવ અલ્પજ્ઞતા ટાળી સર્વજ્ઞ થવાનો પુરૂષાર્થ કરી શકે છે અને વિકાર ટાળી નિર્વિકાર થઈ શકે છે. સંયોગી દ્રષ્ટિ ટાળી અસંયોગી થઈ શકે છે. તેમ નક્કી કરે ત્યારે વ્યવહાર અને ચિત્તશુદ્ધિ થઈ કહેવાય.

દ્રવ્યેન્દ્રિય છે એમ પ્રથમ માનવું જોઈએ. તેમાં મને પાંચ ઇન્દ્રિય છે અને બીજાઓને ઓછી ઇન્દ્રિય છે તે બધાનું જ્ઞાન સર્વજ્ઞને છે. ભાવેન્દ્રિય એટલે અલ્પજ્ઞતા છે ખરી, તે પણ ભગવાને જાણ્યું છે. તેના વિષયો સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ પદાર્થો, દેવ-ગુરુ-શાસ્ત્રાદિ વિષયો જગત ઉપર છે ખરા. ભગવાનની પ્રતિમા અને સ્ત્રી વગેરે ભાવ ઇન્દ્રિયોના વિષયો છે. તેમના તરફ વલણ જતાં પુણ્ય

પાપાદિ ભાવો થાય છે ખરા, અને તેને જણાવનાર સર્વજ્ઞદેવ છે તેટલું માને ત્યાંસુધી તેણે વ્યવહાર માન્યો કહેવાય. આટલું સ્વીકારે ત્યારે તેને પુણ્ય પરિણામ થાય છે, ધર્મ થતો નથી.

આત્મા તે સંયોગી પદાર્થ નથી. તે કોઈમાં ભળી જતો નથી. એવા શાશ્વત આત્માને જાણવો જોઈએ. એવા આત્માને પરિપૂર્ણ રીતે જાણનાર સર્વજ્ઞદેવ છે, તેને માને ત્યારે વ્યવહારે પાત્ર થયો કહેવાય.

જમીનમાં બીજ વાવવું હોય તો ક્ષેત્રની શુદ્ધિ પ્રથમ કરવી જોઈએ. અને ક્ષેત્ર સાફ કરે પણ જો બીજ ન વાવે તો અનાજ પાકે નહિ તેવી રીતે આત્મામાં વર્તમાન અલ્પજ્ઞતા છે, વિકાર છે, સંયોગ છે અને તેને જાણનાર સર્વજ્ઞદેવ પણ છે, એવું સ્વીકારે તેને ક્ષેત્રની વિશુદ્ધિ કહેવાય છે. વ્યવહારે પાત્રતા પ્રગટ કરી કહેવાય છે. હજી તેણે બીજ વાવ્યું નથી, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી એટલે તેને ધર્મ થતો નથી, માત્ર પુણ્ય થાય છે.

હવે જે જીવ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયભૂત પદાર્થો એ ત્રણેને પોતાથી જુદો જાણે એટલે કે હું જ્ઞાયક જાણવા દેખવાના સ્વભાવવાળો છું. ઇન્દ્રિયો તે હું નહિ, અલ્પજ્ઞતા ને વિકાર તે હું નહિ, પર વિષયોમાં હું નહિ અને પરવિષયો તે હું નહિ, તેવી રીતે પોતાને જુદો અનુભવે તે જીતેન્દ્રિય છે, સમ્યગ્દ્રષ્ટિ છે. પરને પોતાનું માની હારી જતો તે હવે હું જ્ઞાયક છું એટલે જીત્યો. તેમ જ્ઞાનને પરથી જુદું પાડ્યું તેને ભગવાન સાધકદશા કહે છે.

આત્મા ભગવાન જાણનાર દેખનાર છે. તે અનાદિનો સ્વને તાબે ન થતાં કર્માદિ પરવસ્તુ છે તેના લક્ષે થતા વિકારને તાબે થાય છે જેથી પરની, વિકારની અને પોતાની એકતા માની છે. દ્રવ્યેન્દ્રિયોની સાથે એવી એકતા થઈ છે કે ભેદ જણાતો નથી, એવી જડ ઇન્દ્રિયો શરીર પરિણામને પ્રાપ્ત થઈ છે તેથી જડ ઇન્દ્રિયો આત્મા નથી. તે ઇન્દ્રિયોને જીતવી એટલે ઇન્દ્રિયો જડ છે અને હું જ્ઞાતા છું, એવા નિર્મળજ્ઞાનના અભ્યાસથી નક્કી કરે છે કે આ દ્રવ્યેન્દ્રિયોથી મને લાભ થાય નહિ અને તેની કોઈ પણ પ્રવૃત્તિ થાય તે હું નહિ. તેનાથી જુદો જ્ઞાનસ્વભાવ તે હું છું. મારો તે સ્વભાવ પુણ્યથી, નિમિત્તથી કે પરથી કે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય તેમ નથી. તે ભેદવિજ્ઞાનના અભ્યાસના ડહાપણથી અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ, જે અવ્યક્ત છે અને વર્તમાન પર્યાયમાં પ્રગટ અલ્પ જ્ઞાતા છે તેને ગૌણ કરીને સ્વભાવ અવ્યક્ત હોવા છતાં સમ્યગ્દ્રષ્ટિ તેનો પ્રગટ અનુભવ કરે છે, માટે પ્રગટ સ્વભાવ એમ લીધું છે. એવો પ્રગટ સ્વભાવ ચૈતન્ય અખંડ સૂક્ષ્મ છે

તેના અવલંબનના જોરથી જડ ઇન્દ્રિયો તે હું નહિ તેમ પોતાથી જુદી કરી, તેને દ્રવ્યેન્દ્રિયનું જીતવું કીધું છે અને સમ્યગ્દર્શન પણ તેને કહેવાય છે.

જ્ઞાન અને જ્ઞેયનું એકમેકપણું તે સંકરદોષ હતો. તે આ રીતે આત્મા જ્ઞાતા સ્વભાવી છે અને જડ ઇન્દ્રિયો જ્ઞાતાનું જ્ઞેય છે તે હું નથી, એમ જુદું પાડતા એકપણાના દોષનો અભાવ થાય છે.

ગાથા ૧૩ માં નય, નિક્ષેપ, નવ તત્ત્વાદિ વ્યવહાર જણાવી તે ભેદથી જુદો આત્મસ્વભાવ બતાવ્યો હતો. અહીં જડ ઇન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને તેના વિષયોને વ્યવહાર જણાવી તેનાથી જુદા સ્વભાવને જાણવું તેને ઇન્દ્રિયનું જીતવું કહ્યું છે. જડ ઇન્દ્રિયને જીતતા ભાવેન્દ્રિય તથા વિષય પણ જીતાય છે પણ કથન કરવામાં ક્રમ પડે છે. જીતવાની વાત કરી છે, તેનો અર્થ ખરેખર ઇન્દ્રિયોનો સ્વભાવ જડ છે અને મારો સ્વભાવ જ્ઞાન છે તેમ જાણવું, તે ઇન્દ્રિયનું જીતવું છે.

હવે આ રીતે અજ્ઞાનીને સમજવું કઠણ પડે એટલે દયા, દાન, ભક્તિ, પૂજાદિમાં તે ધર્મ માને અને પરદ્રવ્ય, ઇન્દ્રિયાદિથી જુદા એવા આત્માને જાણે નહિ તો તેને શુભભાવ પણ હલકો થાય છે. ઇન્દ્રિય, અલ્પજ્ઞતા, વિકાર અને વિષયો છે તેને જાણનાર સર્વજ્ઞ છે તેમ માને ત્યારે તો વ્યવહાર થાય છે પણ તે વ્યવહારથી ધર્મ થતો નથી. પણ જેને આવો વ્યવહાર નથી તે ધર્મ સમજવાને લાયક પણ નથી, તેમ નક્કી કરીને પછી દ્રવ્યેન્દ્રિય, વિકાર, અલ્પજ્ઞતા તે હું નહિ, હું જ્ઞાતા સ્વભાવ છું તેમ ભેદજ્ઞાન દ્વારા જુદું પાડવું, તે જીતેન્દ્રિયપણું છે.

*

# પ્રસાદ નં. ૪૭

## સમયસાર ગાથા ૩૧ની ટીકા.

(આસો વદ ૫, સોમવાર)

ભગવાનની સાચી સ્તુતિનું સ્વરૂપ કહે છે. સ્તુતિ, ભક્તિ, ધર્મની શરૂઆત, સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ કે સાચો જૈન તે બધાનું સ્વરૂપ કેવું હોય, તેની વાત ચાલે છે.

આ શરીર પરિણામને પામેલી ઇન્દ્રિયો અજીવતત્ત્વ છે અને આત્માનો જ્ઞાનસ્વભાવ, પ્રગટ તે જડ ઇન્દ્રિયોથી જુદો છે તેમ પ્રથમ જ્ઞાન અને માન્યતા કરે ત્યારે ભગવાનની સાચી સ્તુતિ થાય છે. અથવા ઇન્દ્રિયોનું જીતવું થાય છે.

આચાર્ય ભગવાને જુદી જુદી રીતે ધર્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. ધર્મીનું લક્ષ, સંયોગ, વિકાર કે અલ્પજ્ઞતા ઉપર હોતું નથી પણ હું ત્રિકાળી જ્ઞાનસ્વભાવી આત્મા છું તેના ઉપર હોય છે, ત્યારે તેને ધર્મ થાય છે. ધર્મ એક નિર્દોષ પર્યાય છે પણ ગુણ નથી. એ ધર્મની દ્રષ્ટિ ધર્મી એવા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વભાવ ઉપર હોય છે, તે ધર્મનું લક્ષણ છે. જડ ઇન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને તેના વિષયભૂત પદાર્થોનું સ્વરૂપ સર્વજ્ઞદેવે જાણ્યું છે, એ સિવાય બીજે ક્યાંય સાચું સ્વરૂપ હોઈ શકે નહિ. પાંચ ઇન્દ્રિય તરફના જ્ઞાનના ઉપયોગને ભાવેન્દ્રિય કહેવાય છે. આમ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય, તેના વિષયો અને તે બધાને જાણનાર સર્વજ્ઞદેવને કબુલે ત્યારે તો વ્યવહાર કહેવાય. આત્મા સૂક્ષ્મ છે, જડ ઇન્દ્રિયથી જણાય તેવો નથી. સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ જડ ઇન્દ્રિયોથી જુદો છે, એવી પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન અથવા સ્તુતિ છે. આવો સ્વભાવ આઠ વરસની બાલિકા પણ પ્રગટ કરી શકે છે. હાથી, ચકલા, દેડકા, સિંહ વગેરે ભગવાનના સમોસરણમાં હોય છે તે બધા આત્માઓ છે. તેઓ પણ આવા સ્વભાવનો પુરુષાર્થ કરે તો સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે.

ઇન્દ્રિય તરફના વલણવાળા વર્તમાન જ્ઞાનના ઉઘાડને ભાવેન્દ્રિય કહે છે. જ્ઞાન શ્રોત્રેન્દ્રિય દ્વારા શબ્દને, આંખ દ્વારા રૂપને, જીભ દ્વારા રસને, નાક દ્વારા ગંધને અને ચામડી દ્વારા સ્પર્શને જાણે છે. તેવી રીતે જુદી જુદી ભાવેન્દ્રિયો દ્વારા જ્ઞાન ખંડખંડ કામ કરે છે. વર્તમાન ક્ષયોપશમનો ઉઘાડ પરને જાણવાનું કામ કરે છે તે જ્ઞાન ખંડ ખંડ થાય છે, તેથી આત્માને તે જાણી શકતું નથી કેમ કે ખંડખંડ જ્ઞાન દ્વારા આત્મા જણાય નહિ. આત્મા ત્રિકાળી અખંડ ચૈતન્યસ્વભાવ અંશી છે. તે વર્તમાન ખંડખંડ જ્ઞાન જે અંશરૂપ છે તે હું નહિ અને આત્મા તો અખંડ જ્ઞાનશક્તિનો પિંડ છે, જ્ઞાનનો દરિયો છે એમ રુચિ થતાં ભાવેન્દ્રિયની રુચિ છૂટી.

ત્રિકાળી સ્વભાવને માનતા યથાર્થ દ્રષ્ટિ થાય પણ અંશને આખો માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

વર્તમાન જ્ઞાનનો ઉઘાડ જે ઓછો છે તે ટાળીને જ્ઞાનનો વિકાસ કરવો હોય તો તે કેમ થાય? ઓછા જ્ઞાનમાંથી વધારે જ્ઞાન આવે નહિ પણ ત્રિકાળ જ્ઞાનશક્તિ પડી છે તેમાંથી વિશેષ જ્ઞાન થાય છે માટે જીવે પરિપૂર્ણ ચૈતન્યશક્તિ આત્મામાં ભરેલી છે તેનો વિશ્વાસ કરવો પડશે.

જેવી રીતે લીંડીપીપર ચોસઠ પહોરી તીખાશવાળી થઈ તે તીખાશ આવી ક્યાંથી ? તે પત્થરમાંથી આવી નથી, માણસમાંથી આવી નથી. લીંડીપીપર સીધી ચાખે તો જે ઓછી તીખાશ હતી તેમાંથી પણ વધારે તીખાશ આવી નથી. પણ ત્રિકાળ શક્તિ હતી તેમાંથી તે આવી છે. ન હોય તેમાંથી આવે નહિ. તેવી રીતે આત્માની સમ્યગ્દર્શન પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી આવી નથી, વર્તમાન ભાવેન્દ્રિયમાંથી નથી પણ ત્રિકાળી શક્તિ પડી છે તેમાંથી આવી છે. વર્તમાન પર્યાયના આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. અજ્ઞાની પોતાના સ્વભાવની રૂચિ ન કરતાં ખંડખંડ થતાં જ્ઞાનની રુચિ કરે છે તેથી તેને સ્વનું સાચું જ્ઞાન થતું નથી પણ સ્વભાવને યથાર્થ જાણતા ખંડખંડ થતા જ્ઞાનની રુચિ છૂટી જાય છે. જ્ઞાનીને અધુરાશ વર્તમાનમાં હોવા છતાં પણ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ તે હું છું અને ભાવેન્દ્રિય, જડ ઇન્દ્રિય ને તેના વિષયો પર છે, એમ જાણે છે. તેવી સ્વની અસ્તિ અને પરની નાસ્તિવાળું સ્વ-પરપ્રકાશક જ્ઞાનનું સામર્થ્ય ખીલ્યું છે તેથી જ્ઞાનીને સ્વભાવની રુચિ છૂટતી નથી.

પ્રશ્ન :–આત્માનું જ્ઞાન તો વર્તમાન અવસ્થામાં થાય છે તેથી તે જ્ઞાન ભાવેન્દ્રિયથી થયું કહેવાય કે નહિ?

જવાબ :–ના, જે ખંડખંડ રૂપે થાય છે તે ભાવેન્દ્રિય કહેવાય છે પણ જે જ્ઞાન આત્માના અખંડ સ્વભાવને જાણે તે ભાવેન્દ્રિય નથી પણ આત્માનો ધર્મ છે. એવું જ્ઞાન થતાં તે સ્વ-પરપ્રકાશક હોવાથી પરનું પણ સાચું જ્ઞાન થાય છે. આ ધર્મની શરૂઆતની વાત છે, બી.એ., એલ.એલ.બી.ની નથી એટલે મુનિ કે કેવળીની નથી. આત્માનું સાચું જ્ઞાન સમજ્યો નથી માટે કઠણ લાગે છે તેથી વિશેષ અભ્યાસ કરવો જોઈએ. આત્મતત્ત્વ કોણ છે તે અનંત કાળથી સમજ્યો નથી માટે દુર્લભ અને પોતાનું છે, માટે સુલભ છે.

ધર્મ તો ધર્મીની સાથે સંબંધ રાખે છે. શાંતિ આત્માના ધ્રુવ સ્વભાવમાંથી આવશે, બહારથી આવશે નહિ. ઇન્દ્રિયોથી જુદા સ્વભાવનું જ્ઞાન કરવું તે જીતેન્દ્રિય કહેવાય છે, સાચી સ્તુતિ કરનારો કહેવાય છે.

ગ્રાહ્ય એટલે જણાવા યોગ્ય. ગ્રાહક એટલે જાણનાર. સ્પર્શાદિ તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ જ્ઞેય છે અને જ્ઞાન તેને જાણનાર છે. કાનમાં જેવા શબ્દો પડે તેવું જ્ઞાન થાય છે. તેથી અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શબ્દના કારણે જ્ઞાન થાય છે. ગ્રાહ્ય પદાર્થ અને તેને જાણનાર જ્ઞાનની નિકટતાને લીધે જાણનાર તેનાથી જુદો છે, તેમ ન જાણતા અજ્ઞાની એકમેકપણું કરે છે. તેથી તેને સ્વભાવ જણાતો નથી. જે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને જુદો જાણે છે તે વિષયોને જીતે છે તેથી તે જીતેન્દ્રિય છે, તેને જ ધર્મ થાય છે.

*

# પ્રસાદ નં. ૪૮

## સમયસાર ગાથા ૩૧ ની ટીકાના પ્રવચનમાંથી.

(આસો વદ ૫, મંગળવાર, બપોરે)

આત્માને સમ્યગ્દર્શનરૂપી ધર્મ કરવો હોય તેણે પ્રથમ શું કરવું તે કહે છે.

અનાદિકાળથી શરીર પરિણામને પામેલી જે જડ ઇન્દ્રિયોરૂપી છે તેમાં આત્મા નથી. એમાં તો આત્માનું નાસ્તિપણું છે; તે જડ ઇન્દ્રિયથી જુદો અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ હું છું-એમ અંતરંગમાં ભેદજ્ઞાનના બળ વડે આત્માને જુદો જાણવો, તે સમ્યગ્દર્શનનો ધર્મ છે.

જે જ્ઞાનમાં ખંડખંડ ક્રમેક્રમે—ભાવેન્દ્રિય વડે એક પછી એક જાણવું થાય તે પરલક્ષી જ્ઞાનનો અંશ છે અને આત્મા તેના જેટલો નહિ પણ ત્રિકાળ, અખંડ, અંશી ચૈતન્ય તે હું છું-તેમ જુદો જાણવો તે ભાવેન્દ્રિયનું જીતવું થયું. એમ બે બોલની વાત તો આવી ગઈ છે. હવે ત્રીજો બોલ કહે છે.

ગ્રાહ્યગ્રાહક લક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે, ગ્રાહ્ય એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ, ગ્રાહક એટલે વર્તમાન જાણનાર : શબ્દ, રૂપ, રસાદિ પદાર્થો ગ્રાહ્ય એટલે જણાવાયોગ્ય છે અને આત્માની તેને જાણનારી વર્તમાન અવસ્થા તે ગ્રાહક છે. જેવાં શબ્દ, રૂપ, રસાદિ હોય તેવું જ્ઞાન થાય છે. તેથી અજ્ઞાનીને જણાવાયોગ્ય પદાર્થ તથા જાણનાર જ્ઞાનની ભિન્નતા ન ભાસતાં બન્નેમાં એકમેકપણાનો ભાસ થાય છે. સ્ત્રીને દેખતાં સ્ત્રીથી જ્ઞાન થયું માને છે અને સ્ત્રીના રૂપનું જ્ઞાન અજ્ઞાની ખંડખંડરૂપે કરે છે, પણ તેનાથી જુદો જ્ઞાયકસ્વભાવને તે અનુભવતો નથી. વિષયથી અસંગ એવો એક જ્ઞાયક છું—તેવી પ્રતીતિ તે ધર્મ છે.

જ્ઞેય તો ભાવેન્દ્રિય દ્વારા જણાય છે. અગ્નિ ઉષ્ણ છે. આત્માનો પર્યાય તે ઉષ્ણતાને જાણનાર છે. અજ્ઞાની તે જાણતા "હું જાણે ઉષ્ણ થઈ ગયો હોઉં" અને "અગ્નિથી જ્ઞાન થયું" તેવો અનુભવ કરે છે. તે જ્ઞેય જ્ઞાનની નિકટતાથી તેનો અનુભવ કરું છું-તે માન્યતા ભ્રાંતિવાળી છે. આત્માની ચૈતન્યશક્તિને ભૂલાવે છે. જેવો પદાર્થ હોય તેવું જાણે તે જ્ઞાનનો સ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવનો અનુભવ નહિ કરતાં જ્ઞેયનો અનુભવ કરે છે, તે જીવ સ્વભાવને જાણતો નથી. અખંડ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિના નાશને મિથ્યાત્વ કહેવાય છે.

ઇન્દ્રિયના વિષયો જ્ઞેય પદાર્થો તો રૂપી છે અને જ્ઞાન તો અરૂપી છે તો જ્ઞેયને આત્મા અડતો નથી પણ તેની જણાવાયોગ્ય અને જાણનારની યોગ્યતાને લઈને પર્યાયબુદ્ધિવાળો જીવ તેનાથી જ્ઞાન થતું હોય તેમ માની લ્યે છે. નિકટ સંબંધના અનુભવમાં હું જાણે એટલો જ છું તેમ માની આખા ચૈતન્ય સ્વભાવને

ભૂલી જાય છે, પણ તે વિષયો તથા તેને જાણનાર ખંડખંડ થતું જ્ઞાન તે હું નહિ. હું તો ત્રિકાળી ચૈતન્યશક્તિવાળો અખંડસ્વભાવ પરથી જુદો જ્ઞાયકભાવ તે જ હું છું–એમ પોતાથી અનુભવમાં આવે છે. તેવી સ્વભાવની રુચિ થતાં જ્ઞેય જ્ઞાયક સંકરદોષનો નાશ થાય છે તેને ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોને જીત્યા કહેવાય છે.

અહીં અસંગપણું અને સ્વયંમેવ ઉપર વજન છે. અસંગપણાના બળ વડે સર્વથા જુદા કર્યા, જ્ઞેય ઇન્દ્રિય અને ખંડખંડ જ્ઞાન સર્વથા મારામાં નથી—એમ પોતાના સ્વભાવના આશ્રયે નક્કી કર્યું એટલે પદાર્થોને જીત્યા. તેના તરફનું વલણ છૂટ્યું તે જીતેન્દ્રિય થયો.

આ રીતે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તથા વિષયભૂત પદાર્થો એ ત્રણેને જીતીને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ એટલે પર પદાર્થ તે જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એનું એકપણું કરતો હતો તે અને આત્માના ખંડખંડ થતાં જ્ઞાન તેટલા પુરતો પોતાના જ્ઞાયકસ્વભાવને એકમેક માનતો તે સંકરદોષ હતો તે બધો દૂર થયો અને જ્ઞાનસ્વભાવ જેવી રીતે પત્થરમાં ટાંકણાથી કોતરેલી મૂર્તિ હોય તેવો ચૈતન્યસ્વભાવ વડે અન્ય બધા પદાર્થોથી જુદો આત્માનો અનુભવ થાય છે. આવી રીતે ભગવાન આત્માને પૂર્ણ સ્વીકારવો તે ભગવાનની સાચી સ્તુતિ છે અને તે ખરેખર ઇન્દ્રિયને જીતનારો જિન થયો એટલે સમ્યગ્દ્રષ્ટિ થયો કહેવાય છે.

આ આત્માનો જ્ઞાનસ્વભાવ કોઈ અચેતનમાં નથી. આ આત્માની અપેક્ષાએ અન્ય બધા આત્માઓ અચેતન છે કેમ કે આ આત્માનું ચેતન તેનામાં નથી. “ઇન્દ્રિય, મન, વાણી કે દેવ-ગુરુ-શાસ્ત્રમાં મારો જ્ઞાનસ્વભાવ નથી. સર્વ પરદ્રવ્યોથી જુદો તરતો છે.” —આવો પ્રતીતભાવ થાય તેને જિન કહે છે અથવા સમ્યગ્દ્રષ્ટિ કહે છે.

જ્ઞાનસ્વભાવ કેવો છે ? (૧) વિશ્વ એટલે પુણ્ય—પાપાદિ ભાવો અને પરદ્રવ્યો વગેરેને જાણવા છતાં તે રૂપ ન થતાં જુદો તરતો. (૨) પ્રત્યક્ષ એટલે જ્ઞાન જ્ઞાનથી થાય, ઇન્દ્રિય, મનથી ન થાય એવા પ્રકાશપણાથી સદાય પ્રગટ છે. (૩) અવિનશ્વર એટલે કોઈ દિવસ નાશ ન થાય તેવો. કોઈએ બનાવ્યો નથી. જો કોઈએ બનાવ્યો હોય તો ગુણ દોષ પણ બીજાએ કરાવ્યા એમ થાય તો ગુણ, દોષ ટાળવાનું પણ રહેતું નથી. (૪) સ્વતઃ સિદ્ધ—કોઈના કારણે પ્રગટ થાય એવો નથી. (૫) પરમાર્થરૂપ ભગવાન જ્ઞાનસ્વભાવી આત્મા પોતે ભગવાન છે.

શિષ્યે ભગવાનની ખરી સ્તુતિ કોને કહેવાય? તેવો પ્રશ્ન કર્યો હતો, તેમાંથી આ અધિકાર શરૂ થયો હતો. સ્તુતિ કોને કહેવાય કે, નિર્ધન માણસ સધનની સ્તુતિ કરે છે તેમાં ખરેખર ધનની રુચિની સ્તુતિ કરે છે, ધનની રુચિ ન હોય તો

ધનવાનની સ્તુતિ કરે નહિ, તેવી રીતે જે જેણે પૂર્ણ સ્વભાવ પ્રગટ કર્યો હોય તેવા સર્વજ્ઞની સ્તુતિ કરે છે, તે સ્તુતિમાં પોતે પૂર્ણ થવાની રુચિ હોય તો જ સાચી સ્તુતિ કહેવાય છે. જેમાંથી પૂર્ણ અવસ્થા પ્રગટ થાય એવા પોતાના સ્વભાવની સ્તુતિ આ પ્રમાણે કરે તેણે નિશ્ચય જિતેન્દ્રિય સ્તુતિ કરી છે.

આત્મા ચૈતન્યસ્વભાવ છે, તેવો નિશ્ચય થવો તે આત્માના ગુણગ્રામ થયા. તેને પહેલા નંબરની જઘન્ય સાચી સ્તુતિ કહે છે. ત્યારપછી આત્માના નિશ્ચયપૂર્વક સ્વભાવમાં લીનતા થતાં મોહનો ઉપશમ થાય છે, તેને બીજા નંબરની મધ્યમ સ્તુતિ કહે છે. અને પછી વિશેષ લીનતા થતાં મોહનો ક્ષય કરે તેને ઉત્કૃષ્ટ ત્રીજા નંબરની સ્તુતિ કહે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું તે સ્તુતિરહિતપણું છે—એમ ક્રમ છે. હવે બીજા નંબરની સ્તુતિ ગાથા ૩૨ માં કહેશે.

*

# પ્રસાદ નં.૪૯

## સમયસાર ગાથા ૩૧ ના પ્રવચનમાંથી.

(આસો વદ ૬, બુધવાર, બપોરે)

અહીં ભગવાનની નિશ્ચય સ્તુતિ કઈ રીતે થાય છે, આત્માની ભક્તિ તથા ગુણગ્રામ કઈ વિધિથી થાય છે, તે કહેવાય છે. દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને વિષયભૂત પદાર્થો તે જ્ઞાનના જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક સ્વભાવી છે—તેમ ભિન્ન જાણવા તે પ્રથમ નિશ્ચય સ્તુતિ છે. જ્ઞેય જ્ઞાયકનું એકત્વપણું તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વનો નાશ તે પ્રથમ સ્તુતિ છે. ''ઇન્દ્રિયો ઠીક હોય તો મને ઠીક પડે''—એમ માનનારે ઇન્દ્રિયોની સ્તુતિ કરી, ''ખંડખંડ જ્ઞાન જેટલો હું છું''—એમ માનનારે ભાવેન્દ્રિયની સ્તુતિ કરી અને ''પર પદાર્થ સારા છે''—એમ માનનારે પર પદાર્થની સ્તુતિ કરી, એટલે ત્રણેમાં આત્માના ગુણ-ગુણગ્રામ કર્યા નહિ તેથી તેને આત્માની સ્તુતિ થતી નથી.

મારા શુદ્ધ આત્માથી દેવ-ગુરુ-શાસ્ત્ર સારાં, ખંડ ખંડ ઇન્દ્રિયજ્ઞાન તે સારું—એમ જેણે ગુણગ્રામ કર્યા તેને પરમાં રુચિ થઈ. તેણે પોતાનો જ્ઞાયકસ્વભાવ સારો—એવા ગુણગ્રામ કર્યા નહિ, આત્માની સ્તુતિ કરી નહિ. ''પૈસા સારા, દવા સારી, શરીર નિરોગ હોય તો ધર્મ થાય''—એમ જે માને છે તે જ્ઞાયકસ્વભાવ ચૂકીને પરમાં રુચિ કરે છે, તે આત્માનો અનાદર કરે છે પણ જ્યારે પોતાનો જ્ઞાયકસ્વભાવ પરથી જુદો માને છે ત્યારે જ્ઞેય જ્ઞાયકને એક માનવાનો દોષ દૂર થાય છે.

સર્વજ્ઞની ભક્તિ કરનારે, જ્યાં સર્વજ્ઞ, પરમાનંદ શક્તિ ભરી પડી છે તેમાંથી પ્રગટ થાય છે, તેમ માનવું જોઈએ, પણ સર્વજ્ઞ ભગવાન જે પર છે તેમાંથી આવતી નથી. તેથી આત્માની સ્તુતિ કરવાથી ભગવાનની સાચી સ્તુતિ થાય છે. ચૈતન્ય, ધ્રુવ, અખંડ, નિત્ય આત્માની ભક્તિ કરવી તે ખરેખર ભક્તિ છે.

એ પ્રમાણે ગાથા ૩૧ માં જઘન્ય પ્રથમ સ્તુતિનું વર્ણન કર્યું. હવે ભાવ્યભાવક સંકરદોષ દૂર કરી સ્તુતિ કરે છે.

### ગાથા ૩૨

ચૈતન્યદ્રવ્યનું ભાન થવા છતાં હજુ સર્વથા મોહનો નાશ થયો નથી અને કેવળજ્ઞાન પૂર્ણદશા પ્રગટ થઈ નથી તેવા સાધક જીવને ચારિત્રની અસ્થિરતાનો દોષ પોતાની નબળાઈથી થાય છે. તે અસ્થિરતાને સ્વભાવની સ્થિરતાના જોરે થવા ન દેતાં, ઉપશમ કરવામાં આવે છે, તેને બીજા નંબરની મધ્યમ સ્તુતિ કહેવાય છે. અને ગાથા ૩૩ માં મોહનો નાશ કરવાની વાત આવશે તે ત્રીજા

નંબરની ઉત્કૃષ્ટ ભક્તિ છે. પણ ખૂબ શુભભાવ વધારે કરે એ કાંઈ ભક્તિ નથી. નિમિત્તના જોડાણમાં જે દોષ થતો હતો તે થવા ન દેવો એટલે સ્વભાવમાં ઢળતાં મોહનો ઉપશમ થાય છે, તે બીજી સ્તુતિ કહેવાય છે.

**અન્વયાર્થ :**—જે કોઈ આત્મા દર્શનમોહને જીતીને, એટલે સમ્યગ્દર્શન પ્રગટ કરીને પછી કર્મ તરફના વલણના ભાવને પોતાના જ્ઞાનસ્વભાવ વડે જુદો પાડે છે એટલે તે ભાવને થવા ન દેતાં ઉપશમ કરે છે તેને સર્વજ્ઞદેવ 'જિતમોહ' કહે છે. જેમ પાણીમાં કાદવ નીચે બેસી જાય છે તેને ઉપશમ કહે છે તેમ આત્મામાં દ્રષ્ટિ થવા છતાં ચારિત્રમોહ—કર્મના ઉદયે થતા ભાવને ઠારે છે પણ નાશ કરતો નથી તેને ઉપશમ કહે છે. તે મોહના ઉપશમને સર્વજ્ઞ ભગવાન 'જિતમોહ' કહે છે અને મૂળમાંથી મોહનો નાશ કરવો તેને ક્ષીણમોહ કહે છે. તે વાત ૩૩ માં આવશે.

**ટીકા :** સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રમોહ નાશ થયો નથી. એટલે મોહકર્મ જે જડ છે તે ફળ દેવાના સામર્થ્ય વડે એટલે આત્મામાં વિકાર થવામાં નિમિત્તરૂપે થવામાં સામર્થ્ય વડે તે પ્રગટ ઉદયરૂપ થયું તે ભાવક. અને તે વખતે આત્મામાં પૂર્ણ પવિત્રતા પ્રગટ થઈ નથી એટલે કર્મના ઉદય અનુસાર નિમિત્ત તરફ વલણ થવાની જેની લાયકાત છે તેવો આત્મા તે ભાવ્ય; ભાવક જડકર્મ તથા ભાવ્ય આત્માની વિકારી અવસ્થા. તે બન્નેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થતો, તેને ભેદજ્ઞાનના બળવડે, જ્ઞાનના અવલંબન વડે રાગને થવા ન દેતાં, સ્વભાવમાં ઢળ્યો એટલે મોહને દૂરથી પાછો વાળ્યો, ક્ષય નહિ કરતાં ઉપશમ કર્યો–એમ કહેવાય છે.

જેવી રીતે કોઈ માણસ બીજાને મારવા આવતો હોય ત્યારે મરનાર પાસે હથિયાર નહિ હોવાથી બીજાને મૂઠી નાક પર મારીને બેહોશ કરે છે પણ મારી નાખતો નથી, તેવી રીતે અહીં બીજી મધ્યમ સ્તુતિવાળો મોહને ક્ષય કરવાનો પુરુષાર્થ નથી એટલે મોહને દૂરથી પાછો વાળે છે, પ્રથમ મોહને ઠારે છે. એવી રીતે મોહને જીત્યો એટલે ભાવ્ય ભાવક સંકર દોષ દૂર થયો અને આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવ એટલે કે નિશ્ચલ જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યના સ્વભાવોથી થતા વિકાર ભાવોને પોતાથી જુદા પાડીને પોતાના આત્માને જ અનુભવે છે, તે ખરેખર સ્તુતિ કરનારો જિતમોહ–જિન છે.

તે જ્ઞાનસ્વભાવી આત્મા કેવો છે? ચૈતન્યમૂર્તિ ભગવાન સમસ્ત લોક ઉપર તરતો એટલે દયા, દાનાદિ ભાવો અને પરદ્રવ્યોથી જુદો બધાને જાણતો સદાય પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ છે. ખરેખર પોતે જ્ઞાનસ્વભાવ તે જ

ભગવાન છે એવી પ્રતીતિપૂર્વક આસક્તિના ભાવનો ઉપશમ કરવો તેને ખરેખર બીજા નંબરની એટલે કે મધ્યમ સ્તુતિ કહી છે. તે જિતમોહ કહેવાય છે.

આ રીતે ભાવ્ય ભાવક સંકરદોષને દૂર કરી નિશ્ચય સ્તુતિ કરી.

"મારે ધર્મ કરવો છે પણ ધર્મ ક્યાં થાય, કેવી રીતે થાય, કોના આધારે થાય, ધર્મનું સ્વરૂપ શું છે તે મારે જાણવું નથી"–એમ માને તેને ધર્મ થાય નહિ. જેમ છોકરો શાક લેવા જાય પણ શાક ક્યું લેવું છે, ક્યાંથી મળે છે, શાક કોને કહેવાય, કેટલું લેવું છે—એમ ન જાણતો હોય અને શાક લેવા જાય તો તે મૂર્ખ કહેવાય, તેમ અજ્ઞાની જાણ્યા વગર ધર્મ કરવા માટે શરીરની ક્રિયા કરે તો ધર્મ થાય નહિ.

શરીર તે આત્મા નથી. આકોલીઆને પાણી પાઈને કેરી લેવા માગે તો કાંઈ કેરી મળે નહિ. તેમ પુણ્યની સ્તુતિ કે શરીરની સ્તુતિ કે પર ભગવાનની સ્તુતિ કરવાથી આત્માની સ્તુતિ થાય નહિ—ધર્મ થાય નહિ, પણ આત્મા અખંડ જ્ઞાનાનંદ પરિપૂર્ણ ભર્યો પડ્યો છે, તેની ભક્તિ કરે તો સાચી સ્તુતિ થાય. જ્ઞાન થયા પછી ઉપશાંત દશા પ્રગટ થવી તે બીજા નંબરની મધ્યમ સ્તુતિ છે.

સ્તુતિ કઈ ?

*

# પ્રસાદ નં. ૫૧

## સમયસાર ગાથા ૩૨ ભાવાર્થના પ્રવચનમાંથી.

(આસો વદ ૮, શુક્રવાર, બપોરે)

ભગવાનની સાચી સ્તુતિ અને ભક્તિ કોને કહેવાય તેનો અધિકાર ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે શરીરનો આધાર આત્મા છે, શરીરનો સ્વામી પણ આત્મા છે તો શરીરની સ્તુતિથી આત્માની સ્તુતિ કેમ ન કહેવાય? તેનો જવાબ ચાલે છે.

આત્મા કદી શરીરના આધારે કે વિકલ્પના આધારે છે જ નહિ. જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ આત્મા હંમેશા પોતાના જ આધારે છે. શરીર, વાણી કે પુણ્ય-પાપનો સ્વામી આત્મા કદી થયો જ નથી. વ્યવહારથી શરીરના આધારે છે, એમ બોલાય છે. વિકાર તથા ખંડખંડ થતું જ્ઞાન આત્માનું છે-એમ વ્યવહારથી બોલાય છે પણ આત્મા તો ખરેખર વિકાર, ખંડખંડ જ્ઞાન અને શરીર રહિત છે-એમ પ્રથમ નક્કી કરે ત્યારે તેને ભગવાનની સાચી સ્તુતિ થાય છે. આ રીતે આત્માનું ભાન થયા પછી શુભ વિકલ્પ ભગવાનની ભક્તિ કરવાનો ઉઠે તેને વ્યવહારે ભક્તિ કહેવાય છે પણ તે ધર્મ નથી. ધર્મ અને ભક્તિ તો સ્વભાવમાં દ્રષ્ટિપૂર્વક સ્થિરતા કરે ત્યારે સ્તુતિ થાય છે.

આત્માનું ભાન થયા પછી પણ આત્મામાં રાગાદિ વિકારભાવ, અલ્પજ્ઞતા અને ખંડખંડ થતા જ્ઞાનની જે લાયકાત છે, તે શરીર છે, આત્મા નથી. ભાવક જે મોહકર્મ છે, તેના અનુસારે થતી પ્રવૃત્તિથી પોતાના આત્માની વિકારી અવસ્થા થવાની લાયકાત તે ભાવ્ય. તે ભાવક અને ભાવ્યને પોતાના સ્વભાવના ભાનસહિત ભેદજ્ઞાનના બળ વડે પોતાના ચૈતન્ય અખંડ સ્વભાવમાં ઢળતા વિકારની ઉત્પત્તિ થવા ન દે તેને ભગવાનની વિશેષ ભક્તિ ખરેખરી કહેવાય છે. તે જિતમોહ છે, એટલે મોહનો ઉપશમ તેણે કર્યો છે. કર્મનો નાશ કર્યો નથી પણ કર્મને ઠાર્યાં છે.

જેમ સર્પને પકડવા માટે પ્રથમ પાણી છાંટીને ઠારે છે અને પછી સાણસા વડે પકડે છે તેમ મોહ એટલે રાગ દ્વેષરૂપી સર્પને પ્રથમ પુરુષાર્થપૂર્વક ઉપશમ કરે છે, ઠારે છે અને પછી મોહનો નાશ કરે છે, ત્યારે ક્ષીણમોહ કહેવાય છે. સંબંધ રાખવો તે વ્યવહાર છે અને સંબંધ તોડવો તે નિશ્ચય સ્તુતિ છે. કર્મના નિમિત્તના લક્ષે જેટલો ભાવ થાય તેમાં કલ્યાણ કે ધર્મ નથી. આ ગાથામાં મોહને જીતવાની વાત કરી છે પણ તેનો નાશ કરવાની વાત નથી, તે હવે ૩૩ મી ગાથામાં કહે છે.

હવે ત્રીજા નંબરની ઉત્કૃષ્ટ સ્તુતિની વાત કરે છે.

## ગાથા ૩૩

**અન્વયાર્થ :—**જેણે મોહને જીત્યો છે એવા સાધુ જ્યારે મોહનો ક્ષય કરીને મૂળમાંથી નાશ કરે છે ત્યારે તેને ભગવાન "મોહનો નાશ કરનારા, ક્ષીણમોહ, મોહનો ક્ષય કરનારા સાધુઓ છે" તેમ કહે છે.

**ટીકા :—**ખરેખર સ્તુતિ તો પૂર્વે કહેલી વિધિથી આત્મા સ્વભાવ તરફ ઢળતાં મોહનો ઉપશમ કરે તે છે. આત્મા અખંડ જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યોના અવલંબનથી છૂટીને ચૈતન્ય જ્ઞાનસ્વભાવમાં ઠરવાથી મોહને જીતે છે, તે જિતમોહ કહેવાય છે. તે જીવ જ્યારે પોતાના જ્ઞાનસ્વભાવનું સારી રીતે અવલંબન કરીને મોહની પરંપરાને અત્યંત નાશ કરે છે ત્યારે મોહને મૂળમાંથી બાળીને ખાખ કરી નાખે છે. અહીં કર્મનો અભાવ થાય તો મોહનો નાશ થાય, એમ કહ્યું નથી પણ સ્વભાવનું સારી રીતે અવલંબન લેવાથી મોહ જડમૂળમાંથી નાશ પામે છે—એમ કહ્યું છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ હોય તો આત્મામાં ધર્મ થાય એમ કર્તાકર્મની વાત તો નથી પણ વ્યવહાર છે તો આત્મા છે, એમ પણ નથી. શુભભાવ છે માટે આત્મા છે, એમ પણ નથી કારણ કે શુભભાવ તો અજીવ છે અને સ્વભાવ તો ચૈતન્ય જીવ છે. અજીવથી જીવ હોય તેમ બનતું નથી. કર્મનું નિમિત્ત છે ખરૂં, શુભભાવ છે ખરો અને વ્યવહાર પણ છે પરંતુ તે છે માટે આત્મા છે, એમ નથી. એ બધાના અભાવથી આત્મા છે એમ નક્કી કરે તો આત્માનું ભાન થાય અને પછી અસ્થિરતાનો નાશ કરે તો ક્ષીણમોહ સાધુ કહેવાય છે.

આત્મામાં વિકાર થાય છે તે સ્વભાવથી નથી પણ મોહ છે માટે વિકાર છે—તેમ અહીં કહેવું છે, પણ આત્મા છે માટે વિકાર છે એમ કહેવું નથી. વિકાર થવાની લાયકાત તે ભાવ્ય અને તેમાં નિમિત્ત થવાની લાયકાત તે ભાવક. ભાવ્ય ભાવકના સંબંધથી થતો ભાવ, તેનો જ્યારે અભાવ થાય છે—એટલે ભાવ્ય ભાવક સંબંધ પહેલાં થાય અને પછી અભાવ થાય, એમ નથી પણ સ્વભાવના અવલંબન વડે તે ભાવને ઉત્પન્ન ન થવા દે તેને અભાવ કરે છે, તેમ કહેવાય છે.

આર્થિક સામાજીક અવસ્થાની વાત તો એક બાજુએ રહી પણ કામક્રોધાદિ નિમિત્ત છે તો આત્મા છે અને વિકાર છે તો આત્મા છે એમ નથી પણ સ્વભાવ છે તો આત્મા છે, એમ પ્રથમ નક્કી કરે અને પછી સ્વભાવમાં લીનતા થતાં કર્મનો નાશ થાય છે. વિકારની યોગ્યતાને ટાળી, પુણ્ય-પાપનું અનેકપણું જે થતું હતું

અને અબુદ્ધિપૂર્વકના રાગમાં જે અનેકપણું થતું હતું તેનો અભાવ કરવાથી, આત્મા જ્ઞાયક અખંડપણાની એકતા પામવાથી, પરમ આત્માને પામ્યો. અહીં ઉત્કૃષ્ટ સાધકદશાને પરમાત્મા કહ્યો છે. કેવળજ્ઞાન નહી પણ કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત કરે તેવો ઉત્કૃષ્ટ પ્રકારની ભક્તિવાળો—ક્ષીણમોહવાળો આત્મા લીધો છે, તેને સાધક તરીકે પરમાત્મા કહ્યો છે.

પંચાધ્યાયીમાં આત્મા અને શરીર એક છે તેવો વ્યવહાર તે નય નથી, એમ જે કહેલ છે તેની સાથે અહીં મેળ એમ છે કે અહીં પર લક્ષે થતો શુભભાવ તથા ખંડખંડજ્ઞાન, ઇન્દ્રિય વગેરે બધું શરીરમાં લીધું છે તેથી અહીં શરીર અને આત્મા એક કહેવો તે વ્યવહારનયથી લીધો છે.

પ્રથમ શરીરાદિના સંબંધથી જુદો જાણવો તે પહેલી સ્તુતિ થઈ, બીજી સ્તુતિ ભાન થયા પછી આસક્તિના રાગને જીતવો એટલે મોહને ઉપશમ કરવો તે છે. અને ત્રીજા નંબરની સ્તુતિ રાગદ્વેષનો સર્વથા અભાવ કરવો તે છે. સ્વભાવનો સંબંધ થયો, પરનો સંબંધ તૂટ્યો તે કેવળજ્ઞાન લેવા પહેલાની ઉત્કૃષ્ટ સાધકદશાની વાત છે. આત્મા આનંદકુંડ પરિપૂર્ણ ભરેલો છે, તેનું ભજન કરવું તે ખરી ભક્તિ છે અને તેનાથી મોહનો નાશ થાય છે.

*

# પ્રસાદ નં. ૫૨

(સમયસાર ગાથા—૩૩ ટીકા)

(આસો વદ ૯, શનિવાર, બપોરે)

## ભગવાનની ખરેખરી સ્તુતિ કોને કહેવાય, તેની વાત ચાલે છે.

શરીરથી આત્મા જુદો છે, એમ જાણવું તે પ્રથમ સ્તુતિ છે. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું ભાન થયા પછી જે જરા મોહ રહી જાય છે, તેનો ઉપશમ કરવો તે બીજી સ્તુતિ છે અને મોહનો સર્વથા અભાવ કરવો તે ઉત્કૃષ્ટ ત્રીજી સ્તુતિ છે. તેની વાત અત્યારે ચાલે છે. આ સ્તુતિ બારમા ગુણસ્થાનકવાળા જીવને હોય છે તેથી આ વાત બારમા ગુણસ્થાનવાળાને સંભળાવાતી નથી પણ અનાદિના અપ્રતિબુદ્ધને સાચી સ્તુતિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ શું હોઈ શકે તે કહેવાય છે.

મોહના નાશથી ઉત્કૃષ્ટ સ્તુતિ થાય છે, એમ કહ્યું છે ત્યાં મોહના બદલે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય એમ અગીયાર પ્રકાર તથા પાંચ ઇન્દ્રિયો મુકીને બીજા પાંચ પ્રકાર એમ કુલ સોળ પ્રકાર તરફનું વલણ છોડી તેનો સંબંધ તોડે અને જ્ઞાયક સ્વભાવનું વલણ કરીને ક્ષાયકભાવ પ્રગટ કરવાને તથા અબુદ્ધિપૂર્વકના વિકારીભાવોને નાશ કરવાને ત્રીજી સ્તુતિ કહે છે.

ભાવાર્થ :—સાધુ પોતાના સ્વભાવના બળ વડે મોહને ઉપશમ કરીને જીતે છે. વિશેષ પુરુષાર્થ દ્વારા જ્યારે તે મોહનો સત્તામાંથી નાશ કરે છે ત્યારે તે ઉત્કૃષ્ટ સાધક દશાવાળો આત્મા ‘ક્ષીણમોહ’ કહેવાય છે.

## કળશ—૨૭મો

ચાલુ ગાથા ૨૬ થી ૩૩ સુધીનો સાર આ કળશમાં મુક્યો છે.

શરીર અને આત્માને વ્યવહારથી એકપણું છે, તેની સમજણ કરાવે છે. શિષ્યે પૂછ્યું હતું કે ચૈતન્ય આત્મા સિવાય પુણ્ય પાપ શરીરાદિના આશ્રયે ધર્મ નથી એમ માનવું તે ધર્મ છે, એમ આપ કહો છો પણ શાસ્ત્રમાં તો શરીરની સ્તુતિ કરી છે અને તેમાં પણ વલણ પર તરફ જાય છે માટે અમને તો બધું—આત્મા, શરીર, રાગાદિ વગેરે—એક જ લાગે છે.

આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ છે. ખંડખંડ જ્ઞાનને અહીં શરીર કહ્યું છે કારણ કે ખંડખંડપણું કર્મની અપેક્ષા રાખે છે. માટે કાર્મણ શરીર અને તેના લક્ષે થતું જ્ઞાન એ બધું જ શરીર છે. એકલા આત્મામાં ખંડપણું બનતું જ નથી તેથી ખંડપણું પરની અપેક્ષા રાખે છે. પરની અપેક્ષાથી નવું કાર્મણ શરીર બંધાય છે તેથી

ખંડખંડ જ્ઞાન તે શરીર છે. રાગ અને ખંડપણાનો આધાર આત્મા છે, એમ કહેવું તે વ્યવહાર છે એટલે કે પરમાર્થે તે બરાબર નથી. શરીર, વાણી આદિ છે તો આત્મા છે, એમ નથી પણ વ્યવહાર નયથી ઓળખાવવા માટે શરીર તે આત્મા છે, એમ કહેવાય છે પણ ખરેખર તેમ નથી, એવો તેનો અર્થ થાય છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે. તેમના લક્ષે થતો રાગ અને ખંડખંડ જ્ઞાન પણ પર છે. એક નિત્ય ચૈતન્યઘન આત્મા તે જ આત્મા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર રાગ અને ખંડખંડ જ્ઞાન બધું શરીર જ છે કેમ કે તેના લક્ષે નવું કાર્મણ શરીર તથા સંસાર જ ઉત્પન્ન થાય છે. આત્મા ખંડખંડ જ્ઞાનવાળો, વિકારવાળો કે શરીરવાળો નથી. તે બધું છે તો આત્મા છે, એમ કહેવું તે વ્યવહાર છે. ખંડ છે તો અખંડ છે, એમ નહિ, પણ જ્ઞાતા દ્રષ્ટા પરિપૂર્ણ તત્ત્વ પોતે પોતાના સ્વભાવથી છે એમ નક્કી થયું, ત્યારે સ્વ-પરપ્રકાશક શક્તિમાં પર શું છે તે જણાઈ ગયું અને આત્માનું જ્ઞાન ખીલ્યું, તે જ સ્તુતિ છે.

અહીં તો આત્મા અને શરીર એમ બે વાત જ લીધી છે. આત્માને ઓછો ને ખંડવાળો કહેવો તે વ્યવહાર છે કેમ કે આત્મા અખંડ ચૈતન્ય સ્વભાવી દ્રવ્ય છે. વિકાર, ખંડખંડ જ્ઞાન, જડ ઇન્દ્રિયો, દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર વગેરે આ જીવની અપેક્ષાએ અજીવ છે. દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ પોતે જીવ છે અને ખંડખંડ જ્ઞાનથી માંડીને વિકાર, પરદ્રવ્ય અને લોકાલોક બધા અજીવ છે.

વ્યવહાર રત્નત્રય પણ શરીર છે કેમ કે તે પરલક્ષે થયેલો ભાવ છે, તે આત્મા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો રાગનો વિકલ્પ તે ભગવાનની સ્તુતિ નથી. આત્મા જ્ઞાનાનંદ પરિપૂર્ણ છે તેનો નિર્ણય કરવો, તે પ્રથમ સ્તુતિ છે. આગળ કર્મને જીતવાવાળા એટલે પરનો સંબંધ તોડવાવાળા 'જીતમોહ' તે બીજા સ્તુતિકાર છે અને આત્મામાં સ્થિરતા થતા મોહનો જડમૂળથી નાશ કરવો તે ત્રીજા પ્રકારની સ્તુતિ છે.

અજ્ઞાનીએ તીર્થંકરની સ્તુતિનો જે પ્રશ્ન કર્યો હતો તેને આ પ્રમાણે ત્રણ પ્રકારે ભક્તિનું સ્વરૂપ બતાવીને 'રાગ તે વ્યવહાર અને સ્વભાવમાં ઠર્યો તે નિશ્ચય' એમ બન્ને નયની વહેંચણી કરીને સમજાવ્યો. આમાંથી એમ પણ નક્કી થયું કે સાચો ઉપદેશ આવો જ હોય. આવો ઉપદેશ આપનારા સાચા ગુરુ કહેવાય અને શિષ્યે પણ આવો જ ઉપદેશ સાંભળવો યોગ્ય છે. આથી વિરુદ્ધ ઉપદેશ દેનાર ગુરુ સાચા નથી અને ધર્મ કરવાની ઇચ્છાવાળા શિષ્યે આથી વિરુદ્ધ ઉપદેશ સાંભળવો પણ

નહિ, એમ ઉપદેશનો વ્યવહાર પણ આવી ગયો. આથી એમ સાબિત થયું કે આત્મા અને શરીર એક નથી. સરીરમાં વિકારીભાવ અને ખંડખંડ જ્ઞાનને પણ સમજી લેવાં. આત્મા એટલે ચિદાનંદ સૂક્ષ્મ અખંડ અસંગ અને એકરૂપ છે તે દ્રવ્ય.

હવે આચાર્યદેવ કહે છે કે આવો ઉપદેશ સાંભળે અને ભેદજ્ઞાન ન થાય, એમ બને જ નહિ એટલે કે જ્ઞાન થાય જ.

## કળશ : ૨૮મો

મુનિઓ, સંતો ઉપર જણાવ્યા પ્રમાણે યથાર્થ વસ્તુના સ્વભાવને જાણીને પોતે અનુભવે છે. તેમણે આત્મા અને શરીરના એકપણાને જડમૂળથી ઉખેડી નાખ્યું છે. અહીં કુંદકુંદાચાર્ય તથા અમૃતચંદ્રાચાર્યે પોતાના સ્વભાવના ઘુંટણમાં શરીરના એટલે રાગ, વિકાર, અલ્પજ્ઞાનના આત્માની સાથેના એકપણાને જડમૂળમાંથી ઉખેડી નાખ્યું છે. આ સાધક જીવની વાત છે. કેવળીને કાંઈ નય હોતા નથી. સાધક જીવ આત્માનું ભાન કરી આત્મામાં ઠર્યો તે નિશ્ચય અને રાગ રહ્યો તે વ્યવહાર. આમ બન્ને નયની વહેંચણી કરી છે.

જ્યાં આ પ્રમાણે ભેદજ્ઞાન દ્વારા નયોની વહેંચણી થાય ત્યાં પછી કયો પુરુષ પોતાના સ્વભાવને ન પામે? પામે જ. તે પોતાના સ્વરસના જોરથી એટલે પોતાના જ સ્વભાવથી—કોઈ પરના કારણથી નહિ—અત્યંત વેગથી સ્વભાવમાં ખેંચાઈને એકરૂપતાને પ્રગટ કરીને સ્વભાવને પામે છે.

*

# પ્રસાદ નં. ૫૩

## સમયસાર કળશ ૨૮મો. ભાવાર્થ.

(આસો વદ ૧૦, રવિવાર, બપોરે)

હું છું એમ જો યથાર્થપણે માને તો પર હું નહિ, એમ માન્યા વગર રહે નહિ. જેવો વસ્તુનો સ્વભાવ છે એવો પોતાના ખ્યાલમાં ન આવે તો પરને પોતાનું માન્યા વગર રહે નહિ.

વ્યવહારે શરીરના સંયોગની અપેક્ષાએ આત્મા પરના સંબંધવાળો કહેવાય પણ નિશ્ચયથી આત્મા પરના સંબંધ વિનાનો છે. આત્મા સ્વભાવથી શરીરવાળો નથી. તારું હોવાપણું શરીરમાં કે શરીરથી માન્યું તો તારું હોવાપણું રહેતું નથી. તું ખરેખર પરના સંબંધ વગરનો છો—એમ કહેતાં આત્માનું પરિપૂર્ણપણું આવી જાય છે. વર્તમાન પૂરતું ખંડખંડ જ્ઞાન દેખાય છે પણ તે ખરેખર ત્રિકાળી સ્વભાવમાં નથી. શાસ્ત્રમાં વર્તમાન ખંડખંડ જ્ઞાન આત્માનું કહ્યું છે, તે વ્યવહારે કહ્યું છે, સંયોગની અપેક્ષાએ કહ્યું છે.

હે ભાઈ ! શરીર, કર્મ અને જ્ઞાનનું ખંડખંડપણું વ્યવહારે છે તે જણાવીએ છીએ પણ આત્મા કોઈના સંયોગે પ્રગટ થાય એવો નથી કેમ કે તે એકરૂપ નિશ્ચય સ્વભાવવાન છે. આમ બંને અપેક્ષાએ સમજો. જો આત્માને નિશ્ચયથી સંબંધવાળો કહેવામાં આવે તો તે સંબંધરહિત થઈ શકે નહિ તેથી વ્યવહારથી પરના સંબંધવાળો આત્મા છે—એમ કહેવાય છે, ખરેખર આત્મા પરના સંબંધ વગરનો છે. આત્મા એકલો ચૈતન્યમૂર્તિ અભેદ તત્ત્વ છે. તે ત્રિકાળ અપેક્ષાએ પરના સંગવાળો નથી અને વર્તમાને છે તે બંને દ્રષ્ટિથી સમજો. આ પ્રકારે જ્યારે આત્માનું પરથી એકપણું જડમૂળથી ઉખેડી નાખનારું ભેદજ્ઞાન આ પ્રમાણે સમજાવ્યું તે જાણીને પછી કોને આત્મા જુદો છે એમ ભાન ન થાય? થાય જ. રાગ, વિકાર, સંબંધ રહિત એવો આત્મા ભેદ પાડીને બતાવ્યો તો હવે આવો સ્વતંત્ર પરિપૂર્ણ પદાર્થ કોને ન સમજાય ? સમજાય જ.

આત્મવસ્તુ છે. છે તો તેમાં શરીરનો અભાવ છે અને શરીરના લક્ષે થતા વિકારી ભાવનો પણ આત્મામાં અભાવ છે. વિકારીભાવ અને ખંડખંડ જ્ઞાન એ બધું અહીં શરીરમાં જ જાય છે, એમ ભેદજ્ઞાન દ્વારા જણાવ્યું છે. સંયોગના સંબંધે ચીજ તે ચીજ ન હોઈ શકે. સોનું સોળવલું છે તેમાં પરના સંયોગે પંદરવલું કહેવાય છે પણ સોનું પંદરવલું નથી, સોનું તો સોળવલું જ છે. તેવી રીતે આત્મામાં વિકારાદિના સંબંધે શરીરવાળો વ્યવહારથી કહેવાય છે પણ ખરેખર તે આત્મા

નથી, એમ આત્માના સ્વભાવને સમજે તો ભેદજ્ઞાન થાય ને થાય જ. અહીં કોઈ દીર્ઘ સંસારી હોય તેની વાત લીધી નથી. અહીં કોઈ ના પાડતો આવે તેને આત્મા મળશે નહિ. આત્મા છે તો તે પોતાને લઈને છે, તેને પરના આધારની જરૂર નથી. હું પરિપૂર્ણ તત્ત્વ છું, એમ હા લાવ તો સમજાયા વગર રહે નહિ. હું છું એમ નક્કી કરતાં પોતે અવ્યક્ત પદાર્થ છે, તેને પર્યાયમાં વ્યક્ત કરે છે. હું છું એમાં પરની અપેક્ષા આવતી નથી. ઇન્દ્રિય, શરીર કે વિકારની અપેક્ષા પોતાને નક્કી કરવામાં કામ આવતી નથી. મોરનું ઇંડું છે અને તેમાંથી સાડા ત્રણ હાથનો મોર થશે, એ સિવાય બીજામાંથી ન થાય, એમ ઇન્દ્રિયે નક્કી કર્યું નથી, તે ઇન્દ્રિયની તાકાત નથી. જ્ઞાને નક્કી કર્યું છે. તેવી રીતે "હું જ્ઞાનસ્વભાવી છું"—એમ નક્કી કરવાની ઇન્દ્રિયની તાકાત નથી પણ આત્મપદાર્થ છે તે ઇન્દ્રિયથી પર એવું જ્ઞાન નક્કી કરે છે. તેમાં પરની અપેક્ષાની જરૂર નથી. હું છું એમ નક્કી થાય છે, તે કઈ સત્તામાં નક્કી થાય છે? જે સત્તામાં નક્કી થાય છે તેમાં પદાર્થની કબુલાત આવે છે માટે જેને ધર્મ કરવો હોય તેને આત્મા તરફ જોવાનું રહે છે. માટે આ રીતે સમજાય જ અને અહીં સમજનારાઓને જ લીધા છે. ન સમજનારાઓને લીધા નથી.

આ પ્રમાણે અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પોતે સમજ્યો નથી અને ગુરુગમે સાંભળ્યું નથી, તેવા શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે શરીર તે જ આત્મા છે–એવો અમારો નિર્ણય છે. તેને આ રીતે નિશ્ચય અને વ્યવહારની વહેંચણી કરીને આત્મા અને દેહ જુદા છે, એમ સમજાવ્યું.

આ રીતે એક પછી એક મોહના પ્રવાહથી આત્મા અને શરીરનું એકપણું છે, એમ અજ્ઞાની અત્યંત અપ્રતિબુદ્ધ માનતો હતો તેને તત્ત્વજ્ઞાન થયું એટલે કે "હું આત્મા પરિપૂર્ણ છું અને શરીરથી જુદો છું" એવી ભેદજ્ઞાન જ્યોતિ ઉત્પન્ન થઈ અને આત્માને વર્તમાન ખંડખંડપણા, વિકારપણાવાળો માનતો હતો તથા તેને શરીર અને આત્માની એકપણાની માન્યતા હતી તેનો અભાવ થયો. અનાદિનો અજ્ઞાની હતો, તે હવે જ્ઞાની થયો.

નિયમસાર ગાથા ૧૦૧ અને તેની ટીકામાં કહ્યું છે કે સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા ધૂતારાની ટોળી છે, લૂંટનારા છે. તું એકલો જન્મે છે અને મરે છે. પુણ્ય-પાપના ફળ પણ તું એકલો ભોગવે છે. સ્ત્રી, કુટુંબ, કોઈ સુખદુઃખનું ભાગીદાર થતું નથી. એ બધા પોતાના સ્વાર્થ ખાતર એટલે આજીવિકા ખાતર ભેગા થયા છે, તે ધૂતારાની ટોળી છે. તું તારું કર. તેનાથી તારું ભલું થવાનું નથી. આ આત્મા ગુરુગમે સમજે તોપણ એકલો અને સંસારમાં રખડે તોપણ એકલો છે. "હું તો મારામાં છતો પદાર્થ છું અને તે બધા મારામાં અછતા પદાર્થો છે, તે મને શું કરી

શકે? કોઈ મને શરણભૂત નથી.'' આવો સંસાર છે. અહીં સ્ત્રી, કુટુંબ વગેરેના સંગનો તારો ભાવ જ ધૂતારો છે. નિમિત્તની મુખ્યતાથી અહીં સ્ત્રી આદિને ધૂતારા કહ્યા છે એટલે એના આશ્રયે સુખ થતું નથી.

જેમ કમળાના રોગવાળો પથરા ધોળા હોવા છતાં પીળા દેખે છે તેમ અજ્ઞાનીને જ્ઞાનચક્ષુના વિકારથી આત્માનો સ્વભાવ ઉલ્ટો દેખાતો તે ભ્રાંતિ હતી. તે ભ્રાંતિનું પડલ ઉઘડી જવાથી પોતે જ્ઞાની થયો. અહીં તો ક્ષાયકની જ વાત લીધી છે.

તે જ્ઞાનીએ પોતે પોતાથી સાક્ષાત્ જ્ઞાતા દ્રષ્ટા છું એમ જાણ્યું છે તેથી સાક્ષાત્ જ્ઞાતાદ્રષ્ટા છું એવી શ્રદ્ધા કરી છે તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થઈને હવે પૂછે છે. શ્રદ્ધા કર્યા પછી સ્વરૂપ આરૂઢતા કરવાની બાકી રહે છે તેનાં વિકલ્પ ઉઠે છે, આત્માનું આચરણ કરવાનો વિકલ્પ ઉઠે છે પણ વ્રતાદિ કરવાનો વિકલ્પ ઉઠતો નથી. જ્ઞાન તો થયું છે પણ ચારિત્રની ઉગ્રતા ખાતર પૂછે છે. હવે તે જીવ આત્મારામ થયો તેથી આ આત્મારામને પરદ્રવ્યથી છૂટવું—ત્યાગવું શું છે તે પૂછે છે. જ્ઞાન હોવા છતાં વિશેષ લીનતા માટે વિનયપૂર્વક જે સમજવા માગે છે, તેને કહે છે.

## ગાથા—૩૪

**અન્વયાર્થ :—**પોતાના સિવાય બધા પદાર્થો પોતાથી જુદા છે. પર છે તે આત્મા નથી, એમ જાણીને આત્માનું જ્ઞાન કરે છે, તે જ પ્રત્યાખ્યાન છે. જાણ્યા પછી શું કરવું? તેની આ વાત ચાલે છે. આત્મા જ્ઞાતા સ્વભાવી છે, તેનું વારંવાર અધ્યયન કરવું અને સ્વભાવમાં ઠરવું. પર તરફના વલણથી છૂટવું તે પ્રત્યાખ્યાન છે, એમ નિયમથી જાણવું. પોતામાં રાગદ્વેષ ન થયો અને સ્વભાવમાં ઠર્યો તે અવસ્થા પ્રત્યાખ્યાન છે બીજું કાંઈ નથી. પ્રથમ આત્માને નક્કી કર્યા વગર પ્રત્યાખ્યાન થતાં નથી. આત્મા નક્કી કર્યા પછી સ્વભાવમાં લીનતા થતાં પરદ્રવ્યનો વિકલ્પ છૂટી જાય છે, તેને પ્રત્યાખ્યાન કહે છે.

*

# પ્રસાદ નં. ૫૪

## (સમયસાર ગાથા ૩૪ ની ટીકા)

(આસો વદ ૧૩,બુધવાર, બપોરે)

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે ત્યાગ વસ્તું શું હશે અને ત્યાગ ક્યાં થતો હશે? તેનો ઉત્તર આપે છે. આ ભગવાન જ્ઞાતાદ્રવ્ય આત્મા મહિમાવંત જાણનાર પદાર્થ છે. આત્માના પર્યાયમાં પુણ્યપાપાદિ વિકારભાવો થાય છે તે સ્વભાવમાંથી આવતાં નથી પણ કર્મના નિમિત્તે થાય છે તેથી અન્યદ્રવ્યોના સ્વભાવથી થાય છે, એમ કહ્યું છે.

અજ્ઞાની એમ માને છે કે દ્રવ્ય ગુણમાં તો વિકાર નથી માટે પર્યાયમાં જે વિકાર થાય છે તે પરદ્રવ્યોના કારણે થાય છે પણ તેમની તે વાત ખોટી છે. અહીં તો જ્ઞાતા જાણનાર દ્રવ્ય છે, તેમાં વિકાર નથી, તેનો અર્થ એમ ન સમજવો કે વિકાર, રાગ, મોહ પરદ્રવ્ય એટલે કર્મ કરાવે છે. વર્તમાન પર્યાયમાં પરના લક્ષે પોતે પોતાના અપરાધથી વિકાર કરે છે, પણ સ્વભાવમાં વિકાર નથી, પર્યાયદ્રષ્ટિને ગૌણ કરી છે. સ્વભાવમાં નથી એમ મુખ્યપણું બતાવવા વિકાર પરદ્રવ્યોના સ્વભાવથી થયો, એમ કહેવાય છે.

કોઈ પરદ્રવ્ય વિકાર કરાવતું નથી અને જો વિકાર પર કરાવે તો તેનો કદી નાશ થાય નહિ. નિમિત્તથી વિકાર થાય છે, એમ કહેવાય છે. કામ ક્રોધાદિભાવ છે તે મારા ચૈતન્ય જ્ઞાતાસ્વભાવમાં થયા જ નથી. પોતે વિકાર રૂપે થયો જ નથી. અહીં આત્મા સ્વભાવ તરફ વળે છે, તેનું પહેલાં જ્ઞાન કરાવે છે. જે વિકારીભાવો થાય છે તેમાં આત્મા સ્વભાવ વડે કદી પ્રસરતો નથી, તેથી તે ભાવો પર છે, તેમ જાણીને પછી ત્યાગે છે. બીજો કોઈ ત્યાગનાર નથી એમ પ્રથમ નિશ્ચય કરાવે છે.

પુણ્યપાપાદિ શુભાશુભભાવો પોતાનો સ્વભાવ નથી અને તે વિકારોમાં સ્વભાવ પેઠો પણ નથી તેથી તે મારા નથી, એમ જાણીને પછી ત્યાગે છે, તેવું જ્ઞાન કરીને પછી નિશ્ચય કરે છે. પ્રત્યાખ્યાન તો પછી થશે પણ પ્રથમ જ્ઞાન કેવું કરે છે, તેની વાત કરે છે.

જ્ઞાયક દ્રવ્ય વ્યાપક થઈને ફેલાય અને વિકાર વ્યાપ્ય થાય એમ બનતું નથી. પહેલા નક્કી કરેલ છે કે વર્તમાન પર્યાયમાં મિથ્યાત્વ થાય છે તે કર્મના કારણે થતું નથી. તે પોતાના અપરાધથી પોતાના પર્યાયમાં થાય છે, એમ જાણ્યા પછી મિથ્યાત્વમાં મારો સ્વભાવ વ્યાપ્યો નથી, એમ વીર્ય કામ કરે છે. પ્રથમ

અન્ય દ્રવ્યથી જુદો પાડ્યા વગર જ્ઞાતાસ્વભાવ હું છું, એમ નિર્ણય થઈ શકે જ નહિ તેથી જ્ઞાતા દ્રવ્ય છું એમ કહેતાં જ પોતાની પર્યાયની સ્વતંત્રતા સ્વીકારી છે.

ચૈતન્ય સ્વભાવ વ્યાપકરૂપે થઈને વિકારરૂપે થતો નથી. હિંસા,ચોરી વગેરે ભાવો મારો સ્વભાવ નથી, એમ પરપણે જાણે છે, તે પછી વિકારને ત્યાગે છે. જાણવાનો ને ત્યાગવાનો કાળ ભેદ છે. કેમ કે પ્રથમ જાણવું એટલે સમ્યક્જ્ઞાન થાય અને પછી પ્રત્યાખ્યાન થાય છે, તેમ પ્રથમ શ્રદ્ધા કરાવે છે. બીજો કોઈ છોડનાર નથી એટલે જાણનાર કોઈ બીજો છે અને છોડનાર કોઈ બીજો છે, એમ નથી. જે ચૈતન્ય પ્રથમ જ્ઞાન કરે છે તે જ પછી છોડે છે, તેનો અર્થ એ છે કે જ્ઞાનથી જ ત્યાગ છે. વિકલ્પ કે વ્રતાદિના ભાવ કોઈ છોડનાર નથી. જે જાણે છે તે જ ત્યાગે છે, એમ પ્રથમ નિશ્ચય કરે છે.

હવે પચ્ચખાણનો સમય આવ્યો ત્યારે આત્મામાં ઠરવાની યોગ્યતા થઈ. તે સમયે છોડવા યોગ્ય વિકારી ભાવ, અવ્રતભાવ, આસક્તિભાવ જે પરભાવ છે તેના ત્યાગપણે પરિણમવું તે તો કથનમાત્ર છે, પ્રત્યાખ્યાન વખતે વિકારભાવનો વ્યય થાય છે, તે કથન માત્ર છે, રાગનો નાશ કર્યો તેમ કહેવું તે નામ માત્ર છે.

આ રીતે પચ્ચખાણનું જ્ઞાન કરે નહિ અને વ્રત લઈને બેસી જાય. વ્રતનું સ્વરૂપ સમજ્યા વગર સાચા પચ્ચખાણ થતા નથી. અહીં તો પ્રથમ પચ્ચખાણ કેમ થાય તેનું જ્ઞાન તો હતું પણ પચ્ચખાણ વખતે રાગનો અભાવ કેવી રીતે થાય છે, તેની વાત કરી છે.

જ્ઞાતા દ્રવ્યમાં સંસાર જ નથી તો પછી છોડવું કોને? હા, પર્યાયમા રાગદ્વેષાદિ વિકાર થાય છે, તેને જાણે છે, તે છોડે છે. પચ્ચખાણના સમયે રાગને છોડે છે, તે નામમાત્ર છે. ધ્રુવ જ્ઞાતા દ્રવ્યસ્વભાવ ચૈતન્ય છે. તેમાં ઠર્યો તે પચ્ચખાણનો કાળ છે. તે વખતે વિકાર થતો નથી, તેનો ત્યાગ કર્યો તેમ કહેવું તે નામમાત્ર છે, વ્યવહારથી કહેવાય છે. ખરેખર તો વિકારરૂપે ન પરિણમ્યો તેવું નામ આત્માને નથી પણ સ્વભાવમાં ઠર્યો તે જ પચ્ચખાણ છે. તેના ઉત્પાદના કાળે વિકાર છૂટ્યો છે, એમ પર્યાયને ઓળખાવવા વ્યવહારથી કહ્યુ છે. ખરેખર તો સ્વભાવની લીનતા તે જ પ્રત્યાખ્યાન છે. વસ્તુનું સ્વરૂપ તો આવું છે, તેને જાણ્યા વગર વ્રતધારી કે ભાવલિંગી ખરેખર થાય તેમ બનતું નથી.

આહાર છોડ્યો એમ તો છે જ નહિ કેમ કે તે પર વસ્તુ છે. આહાર તરફનો વિકલ્પ પણ સ્વભાવ નથી તેથી તે વિકલ્પનો ત્યાગ કરે છે, એવું નામ પણ ખરેખર આત્માને નથી. તો પછી આત્માને છ કાયની હિંસાનો કરનાર કે તે હિંસાના ત્યાગનો કરનાર, ઇન્દ્રિયોનો દમન કરનારાદિ બાહ્ય ક્રિયાનો કરનાર કહેવો, એ

વાત તો ક્યાંય રહી પણ અહીં તો રાગાદિ વિકારનો ત્યાગ કરવો તે પણ નામ માત્ર છે. વ્યવહારથી કહેવાય છે નિશ્ચયથી ભગવાન આત્મા રાગાદિના ત્યાગના નામથી પણ રહિત છે.

જ્ઞાતા સ્વભાવનું જેને ભાન નથી તેણે પરવસ્તુને છોડી એવું તો છે જ નહિ પણ અશુભભાવ છોડ્યો એવો વ્યવહાર પણ તેને લાગુ પડતો નથી. નિશ્ચયના ભાન વગર વ્યવહાર શો? અહીં તો જ્ઞાનીને પણ દ્રષ્ટિ થયા પછી રાગ છૂટ્યો તે નામમાત્ર—વ્યવહાર છે. પ્રભુ ! તારી પ્રભુતાની દ્રષ્ટિએ રાગ મરેલો પડ્યો છે, તેને મારવો કહેવો તે સ્વભાવને લાગુ પડતું નથી.

પ્રથમ જાણવા વખતે કહ્યું હતું કે જાણે છે તે છોડે છે પણ છોડતી વખતે તે છોડનાર નથી કેમ કે સ્વભાવમાં રાગને છોડવાનું નામ છે જ નહિ. રાગના ત્યાગના સમયે તો ખરેખર આત્મા સ્વભાવમાં લીન થાય છે અને સ્વભાવ તો રાગના ત્યાગની સંજ્ઞા રહિત છે.

પચ્ચખાણનું ભાન નથી અને શ્રદ્ધાના ઠેકાણા નથી તેને સાચા વ્રત થાય, એમ બનતું નથી. પડિમા લેવાવાળાએ પ્રથમ જાણવું જોઈએ કે પડિમા કોને કહેવાય અને ક્યાં થતી હશે? અહીં તો ચૈતન્ય ભગવાનને રાગના ત્યાગનું પણ નામમાત્ર છે. ભગવાન આત્મા સ્વભાવથી રાગરૂપે થયો જ નથી, જ્ઞાન સ્વભાવથી પોતે છૂટ્યો જ નથી. આત્મા વિકારરૂપે થયો જ નથી તો તેણે રાગ છોડ્યો તે નામમાત્ર છે. સ્વભાવમાં હતું તે નીકળ્યું અર્થાત્ જ્ઞાન હતું તે રહ્યું. તેથી જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે, એમ જાણવું.

*

# પ્રસાદ નં. ૫૫

## (સમયસાર ગાથા ૩૪ ભાવાર્થ)

(આસો વદ ૧૩)

અજ્ઞાની અનાદિકાળથી પરવસ્તુને ત્યાગવાનું કહે છે અને તેથી ધર્મ થઈ જાય છે, એમ માને છે પણ તેમ છે નહિ. આત્માએ પ્રથમ પોતાના સ્વભાવનું ભાન કર્યું હોય તેમાં સ્થિરતા કરે તે ખરેખર પચ્ચખાણ છે. તે વખતે રાગાદિ વિકાર થતા જ નથી, તેને ત્યાગ્યા એમ માત્ર કહેવાય છે. પર વસ્તુના ત્યાગથી વ્રત કે સંયમ હોતા નથી, એમ સમજવું.

**ભાવાર્થ :—**કામ-ક્રોધ, પુણ્ય-પાપાદિ વિકારો ખરેખર પરભાવ છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા તેનો ત્યાગ કરે છે, એમ કહેવું તે નામ માત્ર છે. આત્મા પોતે તો જ્ઞાન સ્વભાવ જ છે. જેમ ગોળ ગળપણ સ્વરૂપ જ છે તેમાંથી જે મેલ નીકળી જાય છે, તે ગોળ નથી, તે ગોળનું સ્વરૂપ નથી. તેમ આત્મા પરદ્રવ્યને પરરૂપે જાણતાં તેમાં રાગાદિ વિકાર થતો નથી, તે જ ત્યાગ છે. ખરેખર તો સ્થિર થયેલું જ્ઞાન પોતે જ પ્રત્યાખ્યાન છે.

જ્ઞાન ચૈતન્ય હયાતીવાળો પદાર્થ હું છું, એવું ભાન થયું ત્યારે પોતાની હયાતી પરમાં માનતો હતો, એવી ભ્રાંતિનો નાશ થયો અને પછી આત્મામાં સ્થિર થયો, તેનું નામ પચ્ચખાણ છે. આત્મામાં ઠર્યો તેને ત્યાગ કહ્યો. બહારથી આત્માએ કાંઈ છોડ્યું, એ વાત તો અહીં છે જ નહિ. અજ્ઞાની માને છે કે મેં પરવસ્તુનો ત્યાગ કર્યો પણ તે તો ત્યાગ જ નથી. અહીં તો રાગનો ત્યાગ કરવો, એમ કહેવું તે પણ નામ માત્ર છે. પોતાના જ્ઞાનમાં ઠરવું તે ત્યાગ છે. **જ્ઞાન પોતે પચ્ચખાણ છે.** તે સિવાય બીજો કોઈ ત્યાગ નથી.

હવે પૂછે છે કે આત્માનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે, એમ કહ્યું તો તેનો દાખલો અને સિદ્ધાંત શું છે ? તે કહે છે.

## ગાથા ૩૫

જેમ જગતને વિષે કોઈ પુરુષ પરવસ્તુને પરવસ્તુ જાણે છે, કોઈ ચીજ માગી લાવ્યો હોય તો તે પારકી છે, પોતાની નથી એમ જાણીને પાછી આપી દે છે, પણ ધણી થતો નથી તેવી રીતે ધર્મી જીવ દયા-દાનાદિ શુભભાવ તથા કામ-ક્રોધાદિ અશુભભાવોને પરભાવ જાણીને છોડે છે.

**ટીકા :**—જેમ કોઈએ ધોબીને ત્યાં ઓઢવાની પછેડી ધોવા આપી હોય અને પછી તેને બદલે ભૂલથી બીજાની પછેડી લાવ્યો હોય ને તેને પોતાની જાણી ઓઢીને સૂતો છે. પોતે પોતાની ભૂલથી પછેડીને ઓળખી નથી, ધોબીએ ભૂલ કરાવી નથી. જ્યારે તે પછેડીના માલીકે આવીને પછેડીનો ખૂણો ખેંચ્યો અને કહ્યું કે "તું જલ્દી જાગ અને સાવધાન થા. તારી પછેડીને બદલે મારી પછેડી આવી ગઈ છે. તે મને પાછી આપી દે." ઘોર નિદ્રાવાળો એક વખત કહેવાથી સાંભળતો નથી, તેથી વારંવાર કહેવાથી તે વાક્ય સાંભળીને પછેડીના સર્વ લક્ષણોની સારી રીતે પરીક્ષા કરીને જરૂર આ પછેડી બીજાની છે, મારી નથી, એમ જાણતો થકો તે લૌકિક ડાહ્યો માણસ તેને છોડી દે છે.

તેવી રીતે આત્મા અનાદિથી પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે, તેને ભૂલીને પરવસ્તુને તથા દયાદાનાદિ શુભ ભાવો અને કામક્રોધાદિ અશુભભાવોને પોતાના માને છે. આત્માની વર્તમાન અવસ્થામાં થતા વિકારીભાવો તથા ખંડખંડ જ્ઞાન તે સ્વભાવભાવ નથી. પોતે નિત્ય છે અને આ ભાવો અનિત્ય છે. પરના લક્ષે તે ઉત્પન્ન થતા હોવાથી પરભાવ છે, તેમાં અટકીને તેને પોતાના માને છે, તે ભ્રાંતિ છે, મિથ્યાત્વ છે.

જેમ કોઈ ખાનદાનનો દીકરો બદચાલવાળો હલકટ થયો હોય તો તેનો બાપ તેને કહે કે આ વાંક તારો નથી પણ ખરાબ સોબતનો છે. ખરેખર તો તેણે પોતે હલકાપણું કર્યું છે છતાં તે છોડાવવા ખાતર હલકાપણું કરવામાં સોબતનો દોષ છે, એમ કહે છે. તેવી રીતે અહીં આત્માની અવસ્થામાં પોતે પોતાને ભૂલીને ભ્રાંતિ કરી છે પણ તે આત્માનો સ્વભાવ નથી ને તેનો નાશ થઈ શકે છે. વળી તે પરને લક્ષે થયા છે માટે પરભાવ છે, તારા ભાવો નથી, એમ કહ્યું છે.

અજ્ઞાનીને તો પરદ્રવ્યો જેવા કે સ્ત્રી, કુટુંબ ને શરીરાદિ પોતાથી જુદા છે, એમ માનતા પણ પરસેવો ઉતરે છે. તેને જ્ઞાની કહે છે કે તે તો તારા નથી જ. પરંતુ તારો વિકારીભાવ પણ તારો સ્વભાવ નથી. અજ્ઞાની પર્યાયદ્રષ્ટિએ રાગાદિનો કર્તા છે પણ પરદ્રવ્યનો કર્તા તો કોઈ જ્ઞાની કે અજ્ઞાની પણ નથી. વિકારીભાવનો કર્તા પોતાને માને તે મિથ્યાદ્રષ્ટિ છે. આ વાત મિથ્યાદ્રષ્ટિથી સાંભળી જતી નથી કેમ કે ઊંધી વાત ઘુંટાઈ ગઈ છે અને મનાવનારા પણ એવા મળ્યા છે. એને એમ લાગે છે કે પરદ્રવ્યનું હું કરી દઉં છું પણ એમ કદી બનતું નથી.

અજ્ઞાની પરદ્રવ્યને પોતાનું માની રાગી થઈને સુખી થયો માને. જેમ બાળક વિષ્ટા ચાટીને સુખ માને છે, હરખ સન્નેપાત થયો હોય તે હસે છે ત્યારે તેને સુખ

લાગે છે પણ ખરેખર તે સુખી નથી. તેવી રીતે મિથ્યાદ્રષ્ટિ રાગદ્વેષ કે જે આત્માનો વિકાર છે ને તેથી વિષ્ટા જેવા છે તેને કરીને સુખઆનંદ માને છે, તે તેની ભ્રમણા છે. તે ભ્રમણા પોતે કરી છે, કુગુરુએ કરાવી નથી. અજ્ઞાની ભ્રમણાની પછેડી ઓઢીને અનાદિ કાળથી ઘોર નિદ્રામાં સૂતો છે. તે પોતાની મેળે જાગતો નથી ત્યારે શ્રી ગુરુ તેને કહે છે કે હે ભાઈ, પુણ્ય-પાપના વિકાર તારો સ્વભાવ નથી. પ્રભુ ! તારી પ્રભુતા નિરાળી છે. આત્મ પદાર્થ છે તે એવો ને એવો છે, તે પરભાવથી જુદો છે. વિકાર જેટલો નહિ, વિકારમાં નહિ, વિકારથી પણ નહિ, એમ ભેદજ્ઞાન કરાવી, પરભાવનો વિવેક બતાવી, જે પરને એકરૂપ કરી બેઠો હતો તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે 'તું શીઘ્ર જાગ, ઉતાવળો જાગ, દ્રષ્ટિ ફેરવ.'

કામ-ક્રોધાદિનું એકપણું માનીને બેઠો છો, તેને બદલે હવે આત્માને એકરૂપ કરીને સ્વભાવમાં જો. સ્વભાવમાં એકાકાર થવું તે તારું સ્વરૂપ છે. પરભાવમાં અનેકરૂપ થવું તે તારું સ્વરૂપ નથી. તું જલ્દી જાગ. અમે કાંઈ કરી શકીએ એમ નથી. સાવધાન થા. વિવેક કર. તે ધર્મ છે. પરની સાવધાની છોડી, સ્વમાં સાવધાન થા. આ તારો આત્મા ખરેખર એક જ છે. પુણ્ય-પાપાદિ ભાવો તે અનેકરૂપ છે, તે તું ખરેખર નથી. તે બધા પરદ્રવ્યોના ભાવો છે માટે જાગ અને સાવધાન થા.

*

# પ્રસાદ નં. ૫૬ થી ૫૯

(આસો વદ ૩૦, ગુરુવાર)

## વિકારથી આત્માને લાભ માનવારૂપ ભૂલની શું સજા ?

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને વિકારથી લાભ માનવો, તે જરાક ભૂલ નથી, પણ મોટો ભયંકર ગુનો છે. મિથ્યા માન્યતા વડે અનંતગુણના પિંડ ચૈતન્યને રહેંસી નાખીને વિકારથી જે લાભ માને છે, તે મોટો ગુનેગાર છે, મહાપાપી છે. જેમ દરરોજના કરોડો રૂપિયાની પેદાશવાળા રાજાનો એકનો એક કુંવર હોય અને સવારમાં રાજગાદીએ બેસવાની તૈયારી થઈ હોય તે વખતે કોઈ તેનું માથું કાપી નાખે, તો તે કેવો ગુનો છે? તેમ આ ચૈતન્યરાજા અનંતગુણનો ધણી છે, તેમાંથી નિર્મળ દશા પ્રગટે તેવો તેનો સ્વભાવ છે; તે ચૈતન્યરાજાની નિર્મળાનંદ પ્રજા—પર્યાય પ્રગટવાના કાળે, વિકારથી લાભ માનવારૂપ ઊંધી માન્યતાથી તે નિર્મળ પરિણતિને રહેંસી નાખે છે, તે ચૈતન્યનો મોટો ગુનો છે. તે ચૈતન્યતત્ત્વના વિરોધના ફળમાં નરક—નિગોદ દશા થાય છે.

[સમયસાર ગા. ૧૩ના પ્રવચનમાંથી. શ્રાવણ વદ ૦)), મંગળવાર]

*

## ક્યા તપથી નિર્જરા થાય ?

‘તપથી નિર્જરા થાય’ એમ શાસ્ત્રમાં આવે છે, ત્યાં લોકો આહાર છોડ્યો તે તપ અને તેનાથી નિર્જરા થઈ—એમ બાહ્યદ્રષ્ટિથી માની લ્યે છે. તેઓને તપ શું અને નિર્જરા શું, તેની ખબર જ નથી. તપથી નિર્જરા થાય—એ વાત સાચી પણ તે તપનુ સ્વરૂપ શું ? બાહ્ય તપથી નિર્જરા—ધર્મ થતો નથી, પણ અંતરમાં ચૈતન્યસ્વરૂપનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં સ્હેજે ઇચ્છાનો નિરોધ થઈ જાય છે, તે તપ છે અને તેનાથી નિર્જરા થાય છે. સમ્યક્પણે ચૈતન્યનું પ્રતપન તે તપ છે. જેને ચૈતન્યનું ભાન નથી, તેને ખરો તપ હોતો નથી. જેઓ પુણ્યથી કે શરીરની ક્રિયાથી સંવર—નિર્જરા માને છે તેને તો, નવમી ગ્રૈવેયક જનાર અભવ્ય જીવને જેવી નવતત્ત્વની વ્યવહારશ્રદ્ધા અનંતવાર થાય છે તેવી વ્યવહારશ્રદ્ધાનું પણ ઠેકાણું નથી. પુણ્યને જે નિશ્ચયે ક્ષાયોપશમિક ભાવ માને અને તેને ધર્મનું કારણ માને તેણે પુણ્યતત્ત્વને કે ધર્મતત્ત્વને જાણ્યું જ નથી, ને તેને ધર્મ થતો નથી.

[સમયસાર ગા. ૧૩ ના પ્રવચનમાંથી, શ્રાવણ વદ ૦))]

*

## નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન.

જીવને જીવ જાણે, તેમાં બીજાને ભેળવે નહિ,—જીવ શરીરની ક્રિયા કરે એમ ન માને, અજીવને અજીવ જાણે, શરીરાદિ અજીવ છે, જીવને લીધે તે અજીવની હયાતી ન માને, જડ શરીરની ક્રિયાથી આત્માને ધર્મ થાય—એમ ન માને; પુણ્યને પુણ્ય તરીકે જાણે, પુણ્યથી ધર્મ ન માને તેમ જ જડની ક્રિયાથી પુણ્ય ન માને. ભગવાનની પ્રતિમાને લીધે પુણ્ય થાય કે પરજીવ બચ્યો માટે પુણ્ય થયું એમ ન માને. અથવા તો શુભભાવથી પુણ્ય થયાં તે હવે આત્માને સમ્યગ્દર્શનાદિ પામવામાં મદદ કરશે એમ ન માને; પાપને પાપરૂપ જાણે, તે પાપ બાહ્યની ક્રિયાથી થાય એમ ન માને; આસ્રવને આસ્રવરૂપ જાણે, પુણ્ય અને પાપ-એ બન્ને આસ્રવ છે—એને સંવરનું કારણ ન માને, તેમ જ પાપ અઠીક ને પુણ્ય ઠીક–એવો ભેદ પરમાર્થે ન માને; વળી સંવરતત્ત્વને સંવરરૂપ જાણે, સંવર તે ધર્મ છે. પુણ્યથી કે શરીરની ક્રિયાથી તે સંવર થતો નથી પણ આત્મસ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી જ સંવર થાય છે—એમ માને; નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ ને અશુદ્ધિનો અંશે નાશ, તેમ સમજે. તે નિર્જરા બાહ્ય ક્રિયાકાંડથી ન થાય પણ આત્મામાં એકાગ્રતાથી થાય; બંધતત્ત્વને બંધ તરીકે જાણે, વિકારમાં આત્માનો પર્યાય અટકે તે ભાવબંધ છે. 'ખરેખર કર્મો આત્માને બાંધે છે ને કર્મો આત્માને રખડાવે છે'—એમ ન માને, પણ જીવ પોતાના વિકારભાવથી બંધાયો છે ને તેથી તે રખડે છે—એમ સમજે; આત્માની સંપૂર્ણ નિર્મળદશા તે મોક્ષ છે—એમ જાણે; આ પ્રમાણે જાણે ત્યારે તો નવતત્ત્વોને વિકલ્પથી જાણ્યાં કહેવાય. નવતત્ત્વોને જાણવાનું પ્રયોજન તો આત્મા તરફ વળવું તે જ છે.

(સમયસાર ગા. ૧૩ ના પ્રવચનના આધારે, ભાદરવા સુદ ૧)

*

## જિનવાણી માતા જાગૃત કરે છે.

દરેક આત્મા સ્વમાં અનંતુ કરી શકે છે, પરમાં કાંઈ કરી શકતો નથી. "હું પરનું કરું"—એમ માને ભલે, પણ કરી શકતો નથી. જેવું સ્વતંત્રપણું છે, તે કહેવાય છે. તું ના પાડીશ નહિ. તારી પ્રભુતાના ગાણા ગવાય છે. જેમ બાળકને સુવાડવા માતા હાલરડાં ગાય કે "મારો દીકરો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો" વગેરે વખાણ સાંભળી બાળક સૂઈ જાય; તેમ અહીં આચાર્યદેવ આત્માને જાગૃત કરવા માટે 'ડાહ્યો એટલે કે તું સિદ્ધ પરમાત્મા જેવો છે. સદાય ચૈતન્યજ્યોતિ છે' એમ કહે છે. લૌકિક માતા બાળકને ઊંઘાડવા માટે ગાણાં ગાય છે. અહીં જિનવાણી માતા

આત્માને જાગૃત કરવા માટે ગાણાં ગાય છે. બાળકને ઊંઘાડવા માટે ઘોડિયામાં નાખે છે અને બાળક ગાણાં સાંભળી સૂઈ જાય છે તેમ અજ્ઞાની બાળકને જ્ઞાની સંબોધે છે કે તું ચોરાશીનાં ખોળીયાંને તારા માની અજ્ઞાનરૂપે સૂતો છે, તને જાગૃત કરવાનાં ગાણાં ગવાય છે; તારે જાગવું પડશે. માતાનાં ગાણાં તો સૂવાડવાનાં છે પણ આ ગાણાં તો જગાડવાનાં છે—એમ સંસાર અને મોક્ષની રીતમાં ઉલટપાલટ ફેર છે. બાળકના વખાણ કરતાં તે ઊંઘી જાય છે તેમાં ઊંડે ઊંડે તેને મોટાઈની મીઠાશ ભરી છે, તેથી મોટાઈનો આદર લાવી સંતોષાઈ જાય છે. તેમ અહીં 'તું સિદ્ધ છે' એમ જીવને તેની સાચી મોટપ બતાવીને શ્રી આચાર્યદેવ જાગૃત કરે છે. હે જીવ ! તું મિથ્યાબુદ્ધિનાં ખોળીયે અનાદિનો સૂતો છે. હવે તને તારા પ્રભુત્વનો મહિમા ગાઈને શ્રી આચાર્યદેવ જાગૃત કરે છે; તું તારા પ્રભુત્વની ના પાડે તે નહિ ચાલે. આ કોની માંડી છે ? ત્રિલોકનાથ સિદ્ધ ભગવાન જે પદ પામ્યા તેવો તું છે—એમ તારી પ્રભુતાનાં ગાણાં ગવાય છે. શાસ્ત્રો પણ તારા ગાણાં ગાય છે. જાગ રે જાગ, ક્ષણ લાખેણી જાય છે. તને તું ન સમજ એ કેમ ચાલે ?

આત્માનું સ્વરૂપ સહેલું કરીને કહેવાય છે. પણ લોકોએ મહા અઘરું માની રાખ્યું છે. "મને ન સમજાય, હું ન સમજી શકું" એમ માનવું તે પોતાને ગાળ દેવા જેવું છે. સાચી સમજણ માટે આત્માને અપાત્ર કહેવો તે કલંક દેવા સમાન છે. ભાઈ ! જે અનંત સિદ્ધ પરમાત્મા કરી શક્યા તેટલું જ કહેવાય છે અને તારામાં પણ તેટલી તાકાત છે, તારી તાકાતથી વધુ કહેવાતું નથી.

(સમયસાર ગા. ૨ ના પ્રવચનમાંથી)

*

## મનુષ્યભવ પામવાનો શું લાભ ?

અહો ! ઘણા જીવો બહારની ધમાલમાં જ વખત ગુમાવે છે પણ અંતરમા તત્ત્વ સમજવાની દરકાર કરતા નથી અને તે સમજવા માટે નિવૃત્તિ લઈને સત્સમાગમ કરતા નથી. તેઓને મનુષ્યભવ પામવાનો શો લાભ? અરે ભગવાન ! અનંત કાળે સત્ સાંભળવાનાં અને સમજવાનાં ટાણાં આવ્યા છે. માટે આત્માની દરકાર કરીને સમજ રે ! સમજ. "હમણાં નહિ, પણ પછી કરીશું"—એમ કરવામાં રોકાઈશ તો સત્ સમજવાનાં ટાણાં ચાલ્યા જશે ને ફરી અનંત કાળે પણ આવો અવસર મળવો મોંઘો છે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય; તેમ આ સત્ સમજવાનું અને ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત કરવાનું ટાણું આવ્યું છે—અપૂર્વ

કલ્યાણ પ્રગટ કરવાનું ટાણું આવ્યું છે—તે વખતે 'પછી કરીશું, પછી કરીશું'—એમ ન હોય. માટે આ ટાણે જ દરકાર કરીને સત્ સમજી લે.

[સમયસાર ગા. ૧૩ ના પ્રવચનમાંથી. શ્રાવણ વદ ૦))]

*

## આત્મસ્વભાવની વાત કદી સાંભળી નથી.

શ્રી સમયસારની ગાથા ૪ માં શ્રી આચાર્યદેવ કહે છે કે : (૧) "કામ, ભોગ, બંધનની કથા સર્વ જીવોને સાંભળવામાં આવી ગઈ છે અને (૨) ભિન્ન આત્માના એકત્વની વાત કદી સાંભળી નથી." તેમાંથી ન્યાય :–

(૧) નિગોદમાં એવા અનંતા જીવો છે કે જેમણે કદી મનુષ્યભવ કર્યો જ નથી, જે કદી નિગોદમાંથી નીકળ્યા નથી, તેમણે કઈ રીતે કામ ભોગની કથા સાંભળી ? તે જીવો કામ ભોગની કથાનું જે કાર્ય છે તે કરી રહ્યા છે. શબ્દો ન સાંભળવા છતાં તેના ભાવ પ્રમાણે તેઓ વર્તન કરી રહ્યા છે. કામભોગની કથા સાંભળનારા અજ્ઞાની જે કરી રહ્યા છે અને કહી રહ્યા છે તેવું તે જીવો કથા સાંભળ્યા વગર પણ કરી જ રહ્યા છે. માટે તેમણે કામભોગ બંધની કથા સાંભળી છે–એમ આચાર્યદેવે કહ્યું.

ઉપર કરતાં ઊલટી વાત :–

(૨) અનંતવાર ભગવાનના સમોસરણમાં જઈને તેમની દિવ્યધ્વનિ સાંભળી છતાં આચાર્યદેવ કહે છે કે આત્માના સ્વભાવની વાત જીવોએ કદી સાંભળી નથી; કેમ કે અંતરની રુચિથી તેનું પરિણમન કર્યું નથી–માટે સાંભળી પણ નથી. સાંભળ્યું તેને કહેવાય કે તેનો આશય સમજીને તે અનુસાર પરિણમે.

ભગવાનની સભામાં બેસીને સાંભળતો હોય પણ અંતરમાં વ્યવહારના પક્ષનો આશય કાઢે તો તેને માટે તે વિકથાનું શ્રવણ છે. "વ્યવહાર છે ને?" "નિમિત્ત છે ને?" "રાગ છે ને?"—એમ જે વ્યવહાર ઉપર જોર દે છે પણ "આત્માનો સ્વભાવ છે ને?"—એમ આત્માના અસ્તિત્વ ઉપર જોર નથી દેતા, તે જીવોએ ભગવાનની વાણી સાંભળી નથી. પણ કામ, ભોગ, બંધની જ કથા સાંભળી છે. જેવું કાર્ય તે કરે છે તેવું જ કાર્ય નિત્ય નિગોદનો જીવ પણ કરી રહ્યો છે. વાણી નહોતી સાંભળી ત્યારે જે દશા હતી તેમાં, વાણી સાંભળ્યા પછી કંઈ જ ફેર ન પડ્યો ને તેવી જ દશા રહી, તો તેણે આત્માના સ્વભાવની વાત સાંભળી—એમ કહેતાં નથી.

આત્માના સ્વભાવની વાત પ્રીતિપૂર્વક એકવાર પણ સાંભળે તો તેની મુક્તિ થયા વિના રહે નહિ.

**तत्प्रतिप्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता ।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाण भाजनम् ॥**

(સમયસાર ગા. ૪ ના પ્રવચનમાંથી. પ્ર. અષાડ વદ ૧૪)

*

## નિશ્ચયનો આદર અને વ્યવહારનો નિષેધ.

અધ્યાત્મમાં જ્યાં નિશ્ચયની મુખ્યતા બતાવવી હોય ત્યાં પર સાથેના સંબંધને કોઈ પણ નય લાગુ પડી શકતો નથી, માત્ર પોતાના પર્યાયમાં નય લાગુ પાડેલ છે. તેનાં નામ તથા લક્ષણ :–

(૧) વ્યક્ત (બુદ્ધિપૂર્વકના) રાગાદિ = ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર.

રાગાદિ પોતાના નથી છતાં મારા કહેવા તે ઉપચાર.

રાગ પોતાનું સ્વરૂપ નથી માટે અસદ્‌ભૂત.

વિધિપૂર્વક ભેદ પાડે છે માટે વ્યવહાર.

(અસદ્‌ભૂત એટલે સર્વથા અભાવ નહિ, પણ ક્ષણિક છે. પરનાં લક્ષે થાય છે ને નીકળી જાય છે.)

(૨) અવ્યક્ત (અબુદ્ધિપૂર્વકના) રાગાદિ = અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર. જ્યારે ખ્યાલમાં આવે તેવો વિકાર છે ત્યારે અલ્પજ્ઞતામાં ખ્યાલમાં ન આવે તેવો વિકારભાવ પણ છે, તેને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર કહ્યો.

(3) રાગાદિને જાણવા તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર.

પરનું જાણપણું માટે ઉપચાર.

જાણપણું (જ્ઞાન) પોતાનું છે માટે સદ્‌ભૂત.

વિધિપૂર્વક ભેદ માટે વ્યવહાર.

(૪) જ્ઞાન પોતાનું છે. આત્માનું છે એમ જ્ઞાન અને આત્મા એવા ગુણ-ગુણીના ભેદ = અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર.

પરનો ઉપચાર (આરોપ) નથી માટે અનુપચરિત.

જ્ઞાન પોતાનું છે માટે સદ્‌ભૂત.

વિધિપૂર્વક ભેદ પડે છે માટે વ્યવહાર.

(૫)“એક જ્ઞાયકભાવ છે” તે નિશ્ચય છે. તેના આશ્રયે ઉપરના ચારે પ્રકારના વ્યવહારનો નિષેધ થઈ જાય છે. જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિ કર, તો પર્યાયમાં જે વિકાર થાય છે તેનો નિષેધ થાય છે પણ પરનો કર્તા તો તું નથી તેથી તેનો નિષેધ કરાવતા નથી.

ઉપરના પાંચ પ્રકારોમાં પહેલો પહેલો પ્રકાર બીજા પ્રકારનો સાધક છે અને બીજો બીજો પ્રકાર પહેલા પ્રકારનો સાધ્ય છે. તેનું વિવેચન :–

‘જ્ઞાયક છું’ એવી દ્રષ્ટિ થઈ તેને જે વ્યક્ત રાગાદિ જણાય છે તે “અસદ્‌ભૂત ઉપચરિત વ્યવહાર નય” છે. અણારોપ જ્ઞાયકભાવમાં તે નથી.

ખ્યાલમાં આવે તેવા રાગાદિ છે, તે એમ સાબિત કરે છે કે અવ્યક્ત રાગાદિ છે જ, માટે પ્રથમ પ્રકાર બીજાનો સાધક છે.

ચૈતન્યસ્વભાવમાં વિકાર નથી તેથી તે અસદ્‌ભૂત જ છે અને આત્મસ્વભાવમાં તે આરોપિત છે તેથી વિકારનું જ્ઞાન કરવા માટે વ્યક્તને અસદ્‌ભૂત ઉપચાર અને અવ્યક્તને અસદ્‌ભૂત અનુપચાર કહ્યો.

વ્યક્ત અને અવ્યક્ત રાગાદિ છે, તે એમ સાબિત કરે છે કે સાધક અવસ્થા છે. પૂર્ણ સાધ્ય પ્રગટી ગયું હોત અર્થાત્ કેવળજ્ઞાન પ્રમાણ થઈ ગયું હોત તો વ્યક્ત કે અવ્યક્ત રાગાદિ હોત જ નહિ. સર્વે પદાર્થો તેના ગુણ—પર્યાયો સહિત યુગપદ્ કેવળી ભગવાન જાણી લે છે તેથી તેઓ નયાતિક્રાંત છે. સાધક અવસ્થામાં નય પડે છે—તેમાં બાધકતા પણ છે. તેથી સર્વ પદાર્થોનું યુગપદ્ જ્ઞાન વર્તતું નથી, પર્યાયમાં વ્યક્ત કે અવ્યક્ત રાગાદિ છે, તેમાં અટકતું જ્ઞાન છે ને તેને (રાગાદિને) જાણે છે તેથી તે બન્ને પ્રકારો ત્રીજા સદ્‌ભૂત ઉપચરિત વ્યવહારનયના સાધક છે. પરના જાણપણાનો આરોપ કાઢી નાખીને જ્ઞાન પોતાનું જ છે, એમ જાણવું તે સદ્‌ભૂત અનુપચરિત વ્યવહારનય છે, માટે ત્રીજો પ્રકાર ચોથાનો સાધક છે. ગુણભેદ પાડ્યા પણ દ્રષ્ટિના વિષયમાં તેવા ભેદો નથી. વિચારવામાં ભેદ આવે પણ એ દ્વારા અંદર જવાતું નથી. આ ચારેય વ્યવહાર છે તેથી નિષેધ કરવા યોગ્ય છે ને એક અખંડ, અભેદ, શુદ્ધ જ્ઞાયક કે જે નિશ્ચય છે તે જ માત્ર ઉપાદેય છે.

પંચાધ્યાયીકારે આ ચાર નય લીધાં છે, તેનું મૂળ શ્રી સમયસાર ગાથા ૬ તથા ૭માં છે, તે કેવી રીતે ?

**णवि होदि अप्पमत्तो ण पमत्तो** આમાંથી પહેલા બે પ્રકારના વ્યવહાર નીકળે છે. વ્યક્ત રાગાદિ તે પહેલો પ્રકાર અને તે જ સમયે જે અવ્યક્ત રાગાદિ છે, તે બીજો પ્રકાર.

**णाओ जो सो उ सो चेव** = જે જ્ઞાત તે તો તે જ છે. (જ્ઞાન પરને જાણે છે—એમ કહેવું તે) ત્રીજો પ્રકાર.

આ ત્રણ પ્રકાર છઠ્ઠી ગાથામાંથી નીકળે છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ ગુણગુણીના ભેદ તે ચોથો પ્રકાર સાતમી ગાથામાંથી નીકળે છે. પણ 'જ્ઞાયકભાવ' બતાવીને તે ચારે પ્રકારના વ્યવહારનો નિષેધ કર્યો છે.

**બધા અધ્યાત્મનાં મૂળ શ્રી સમયસારમાં છે.**

(સ.ગા. ૬—૭ ના પ્રવચનના આધારે. ૨૦૦૬ના દ્વિતીય અષાડ સુદ ૯ થી ૧૪)

* * *